કુમાર

તંત્રી · બ૦ રાવત

સળંગ અંક
૫૩૧

સંસ્થાપક · રવિશંકર મ. રાવળ

આવતી કાલનાં નાગરિકો માટેનું જ્ઞાન ને સંસ્કારઘડતરનું માસિક

ચિત્રકાર સોમાલાલ શાહનાં પાંચ ચિત્રો નીચે: 'દેવયાની' તથા 'ગૌરી અને શ્યામા' જમણી બાજુ·ઉપરથી અનુક્રમે: 'રાગિણી ભૈરવી', 'રાવણ·જટાયુ યુદ્ધ', 'ભયત્રસ્ત'. જાનપદી ચિત્રવિષયો અને મીઠા રંગનું વૈવિધ્ય એ એમની કલાની લાક્ષણિકતાઓ છે. આ અંકમાં એમનો અને એમની કળાનો સવિશેષ પરિચય આપ્યો છે.












વર્ષ પિસ્તાળીસમું * અંક ત્રીજો * માહે માર્ચ * ઈસ્વી સન ઓગણીસસો અડસઠ



ગોધન ચિત્રકાર: સોમાલાલ શાહ (બ્લૉકો: ગુજરાત રાજ્ય લલિતકલા અકાદેમીના સૌજન્યથી)

અનુક્રમણિકા

માર્ચ ૧૯૫૮ · અંક ૫૩૧

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઈ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂ. ૧૫; પરદેશમાં રૂ. ૨૮ અથવા શિ૦ ૨૭; છૂટક નકલ: રૂ. ૧-૫૦.

જુદાઈ / રાજેન્દ્ર શાહ

· ગાન ·

ફેરવી મોઢાં બેસીએ તો, ભેરુ, ભવની જુદાઈ;
ધરતી આખી આડમાં એવાં અળગાં થાઈ.

ફળની હજાર લૂમથી લચી જાય
એવાં હોય ઝાડ,
હાથિયા થોરની તઈ ન રોપાય
ભૂર· કાંટાળી વાડ;
બોલનો એવો મરડ, જેવી નજરું ચેરાઈ;
ફેરવી મોઢાં બેસીએ તો, ભેરુ, ભવની જુદાઈ.

એક જુએ ભાણ ઊગતો,
જુએ અવર કાળું ભૂત;
પૂંઠ વાળી ત્યાં ઊલટાં દેખાય
અમથાં આવાં તૂત;
વેદનાનું યે સુખ જો એને ગીતમાં ગાઈ,
આલવામાં ના થાય રે ઓછું આપણું કાંઈ.

આગવું બધું કરીએ ને તો ય
ઓછપ લાગે ઊંડી,
ઝેરનાં ઝાઝાં ઝાંખરે ભરાય
મનછા ભૂખાળ ભૂંડી;
એકબીજાની આંખનાં અમી ઝીલતાં જાઈ
આલવામાં ના થાય રે ઓછું આપણું કાંઈ.

શ્રાવણ! / કનુભાઈ જાની

· કટાવ ·

શ્રાવણ
વરસ્યા-વણનો શ્રાવણ!

તરસ્યાં તળાવડીને તીરે,
તીરે તરુવર ઊભાં સૂકાં;
સૂકાં પાન ખરે ત્યાં નીડે!
નીડે સળેકડાં સળવળતાં,
વળતાં ભેંસ 'લોટતી ગારે,
ગારે ભોંય બધી તીરાડે!
રાડે ધસતી ત્યાં આકાશે;
'કાશે વરસ્યાવણનો શ્રાવણ!

શ્રાવણ
ખાલી ખંભે કાવડ.
કાવડછાબે બેઠાં બુઢ્ઢાં,
બુઢ્ઢાં તેજફૂબેલી આંખે,
આંખે જાળાં તરતાં ભાળું,
ભાળું ખેંચેલા કૈં ચાસ,
ચાસમાં વરસોના કૈં ભાસ,
ભાસમાંતીણાંતિમિરોતગતાં,
તગતાં તાકે નીચેઊંચે;
ઊંચે વરસ્યાવણનો શ્રાવણ!
શ્રાવણ...

જીવનદર્શન-૯

અમૃત ને હલાહલ

ફાધર વાલેસ

યુવાન માણસની મૂંઝવણ છે: 'મારાથી કેમ થતું નથી?' પોતાની સામે ફરિયાદ છે: 'રસ્તો આટલો સ્પષ્ટ દેખાયા છતાં પગ કેમ ઊપડતા નથી?'

દિલમાં નવું ધ્યેય જન્મ્યું હતું; સાત્ત્વિક ઉત્સાહનો સંચાર થયો હતો; જીવનનો પૂરો ને સાચો લાભ અત્યારથી લેવાનો અફર નિર્ણય બંધાયો હતો. પણ બીજી સવારે સૂરજ ઊગ્યો ત્યારે હજી દુનિયાના રંગ એના એ જ દેખાયા, સંસારનો મોહ એનો એ જ લાગ્યો, મનનો પ્રમાદ એનો એ જ અનુભવાયો. આદર્શની વડીવડી વાતો કર્યે શો લાભ? આખરે રહ્યા તો હતા તેવા જ. ભૂખ સંતોષવાની ન હતી તો એને શું કામ જગાડી? વાસ્તવિકતાના સૂર્યના પહેલા જ કિરણે સ્વપ્નો હવામાં ઓગાળવાનાં હતાં તો રાત્રે એ મનમાં કેમ આણ્યાં? કાચબાને ઊડવાના પાઠ ભણાવવામાં શો માલ?

યુવાનનો સ્વભાવ અધીરો છે; નજર એકતરફી છે; ફેંસલો ઉતાવળિયો છે. આજે બધું કાળું, ને આવતી કાલે બધું ઊજળું. ઠીક, પણ ધ્યાનથી જોશો તો આજના કાળામાં ને કાલના ઊજળામાં મેઘધનુષ્યના સાતે રંગોનું મિશ્રણ દેખાશે: ઓછા-વત્તાનું પ્રમાણ કંઈક જુદું હશે એટલું જ. તમારા હૃદયપાત્રમાં પણ અમૃત ને હલાહલ બંને ભરેલાં છે. આજે તમે અમૃતનો આહ્લાદક સ્વાદ કર્યો, તો કાલે હલાહલની કડવાશ અકળાવશે. અને આજે ને કાલે તમે બેમાંથી એક સ્વાદનો અનુભવ કરતા હતા ત્યારે બીજાનું અસ્તિત્વ જ સાવ ભૂલી ગયા હતા ખરું ને? પણ એ પરસ્પર વિરોધી ભાવોના સહાસ્તિત્વના સ્વીકારમાં જ તમારી મૂંઝવણના ઉકેલની ચાવી છે.

ડૉક્ટરો કહે છે કે આપણા હૃદયમાં સદંતર બે જાતનાં લોહી ફરે છે: શુદ્ધ ને અશુદ્ધ. એક તો અંગઅંગોમાંથી જાણે કચરો વાળીને તે પોતાની સાથે ખેંચી લાવે છે; અને બીજું ફેફસામાં એ કચરો લાવ્યા બાળ્યા બાદ પોતાના કણોમાં પ્રાણવાયુ ભરીને એ કોષેકોષમાં વહેંચવા દોડે છે. અર્ધા ભાગમાં શુદ્ધ લોહી આવે છે, ને બીજા ભાગમાં અશુદ્ધ. અને એ પ્રક્રિયા તેના છેલ્લા ધબકારા સુધી ચાલે છે.

તમારા હૃદયમાં પણ બે જાતના ભાવો ફર્યા કરે છે: શુદ્ધ અને અશુદ્ધ. તમારી જિંદગીની છેલ્લી પળ સુધી બંને આવશે ને જશે, ને ફરીફરીથી આવતા-જતા રહેશે. તમારી જીવનક્રિયા તો એ અશુદ્ધ ભાવોને શુદ્ધ બનાવતા રહેવાની છે. એ નિત્ય કામમાં તમારા હૃદયને થાક ચડવા ન દો.

વમળની મધ્યે રહીને પ્રવાહની ગતિ પરખાતી નથી. ગોળ ગોળ ફરતા હોઈએ ત્યારે પ્રગતિની દિશા સૂઝતી નથી. જરા બહાર આવો, ઊંચે આવો—અને તમારો પોતાનો પ્રશ્ન નવી દૃષ્ટિએ નિહાળી શકશો.

તમારી મૂંઝવણ, તમારો પ્રશ્ન સર્વવ્યાપી છે. જેમ વ્યક્તિમાં તેમ સમષ્ટિમાં પણ સામસામાં તત્ત્વો ઊભાં હોય છે.

દુનિયા મંગળ છે. સૃષ્ટિના બગીચામાં સર્જનહારનાં પગલાં સંભળાય છે; માનવતાનાં પુષ્પો ખીલે છે; મુક્તિની ફોરમ રેલાય છે. પણ એ મંગળ દુનિયામાં અનેક અમંગળ અંગો પણ છે. બગીચામાં દંશી ભમરાઓ પણ ઊડે છે ને કાંટાળા છોડ પણ ઊગે છે ને ઝેરીલા સાપ પણ ફરે છે.

કેટલાક લોકો તમને કહેશે કે દુનિયા ખરાબ છે, બધે જ સડો ને કોહવાટ પેસી

ગયા છે, આધુનિક સમાજ કેવળ સ્વાર્થ ને અનીતિનો અખાડો જ બની ગયો છે. તો બીજા લોકો તમને એમ કહેશે કે પાપ જેવી વસ્તુ છે જ નહિ, અને બાહ્ય છાપ ગમે તેવી હોય પણ ખરું જોતાં તમે પવિત્ર છો, અલિપ્ત છો, નિર્મલ છો. તો સાચું કોણ?

તાજેતરનો એક બનાવ. રેલવે સ્ટેશનનમાં એક નાનું વિકૃત બાળક સારાં કપડાંમાં લપેટેલું કોઈ મજૂરને જડયું હતું. તેનાં માબાપ તેને ત્યજીને ચોરને પગલે ચાલ્યાં ગયાં હતાં. બાળક ગમે તેવું હોય, પણ તેની જનેતા તેને સ્ટેશનના પ્લૅટફૉર્મ પર મૂકીને ચાલી જાય એનું કાળજું કેવું કાળમીંઢ જેવું હશે! પશુઓ પણ પોતાનાં બચ્ચાંને પાળેપોષે છે; ફક્ત માણસ પોતાના બાળકનો ત્યાગ (અને ત્યાગ કરતાં વખતે કંઈક વધારે અશુભ પણ) કરી જાણે છે. શું 'માનવતા' કરતાં 'પશુતા' ચડિયાતી ન હોય?

પરંતુ આ બનાવનું બીજું પ્રકરણ પણ છે. જે મજૂરને એ ત્યજેલું બાળક સ્ટેશન પરથી જડયું હતું એને દયા આવી, અને પોતને પાંચ બાળકો હતાં એના ભેગું એ છઠ્ઠું પણ પ્રેમથી અપનાવી લીધું ને ઉછેરવા માંડયું. કેવી ઉમદા વાત્સલ્યભાવના!

માનવહૃદયનો તાગ કોણ કાઢી શકશે? તેની ભીતરમાં પેટના જણ્યાનો ત્યાગ કરવા જેટલી ક્રૂરતા છે, તો વિકૃત પારકા બાળકને પોતાનું બનાવવા જેટલી ઉદારતા યે છે. નાનકડાહૃદયપાત્રમાંઆકાશપાતાળનોમેળ!

એ જ માનવહૃદય તમારી છાતીમાં ધબકે છે. એ જ સામસામી લાગણીઓ એમાં અવિરતપણે રમ્યા જ કરે છે. એ જ પ્રકાશ ને અંધકારની ઘટમાળ એમાં અનંત ગતિએ ફર્યાં જ કરે છે. કોને દબાવવું ને કોને પ્રભુત્વ અપાવવું એ તમારી જવાબદારી છે. તમારી જીવનસાધના છે.

સમાજ પોતાના કેટલાક સભ્યોને ગુનેગાર ઠરાવીને જેલની દીવાલોની પાછળ ગોંધી રાખે છે, જ્યારે બીજાઓની છાતીએ ચંદ્રકો લટકાવીને તેમનું બહુમાન કરે છે. પણ એ ગુનેગારોનાં દિલમાં અનેકવાર ઊંચી ખાનદાની હોય છે, જ્યારે એ ચંદ્રકોની પાછળ કોઈ વાર હીન લાગણીઓ પણ હોય છે.

દાદાસાહેબ માવળંકરે પોતાના જેલવાસ દરમિયાન સામાન્ય કેદીઓની પાસે જવાનું અને એમની વાતો જાણીને એમને મદદ કરવાનું ઉત્કૃષ્ટ સેવાકાર્ય હાથ પર લીધું હતું. એવા એક કેદીએ એમને એક વાર આ મતલબની વાતો કરી હતી: 'સાહેબ, કાયદાએ મને ડાકુ ઠરાવી લાંબી મુદતની શિક્ષા કરી છે. છતાં જેલ બહાર સભ્યતાથી વર્તનારી શિષ્ટ અને સુરક્ષિત ગણાતી અનેક વ્યક્તિઓ કરતાં એકંદરે હું વધારે સારો છું. કંઈક પરિસ્થિતિને કારણે ને કયારેક નિરંકુશ ભાવના કે ક્રોધના આવેગમાં મારે હાથે કેટલીક બીનાઓ બની ગઈ. તેના પ્રાયશ્ચિત્ત રૂપે હું અહીં આવ્યો છું. પણ જેલનો કેદી છું માટે જ તમે મને નીચ કે હલકો ન ગણતા, મારો તિરસ્કાર ન કરતા...અમારા પેટને ખાતર કે મોજશોખને ખાતર અમે કોઇને લૂટયા નથી, ગરીબો ઉપર જુલ્મ કર્યો નથી, સ્ત્રીઓને કયારે ય ત્રાસ આપ્યો નથી; ઊલટું, એમને અમારી માબહેન ગણી એમની સાથે આદરથી વર્ત્યા છીએ. રસ્તામાં સાસરે જતી નવવધૂ કે સગર્ભા સ્ત્રી મળે તો તેને લૂટવાને બદલે અમારી પાસે હોય તેટલા દરદાગીના, કપડાંલત્તાં વગેરે આપી તેને આણે વળાવીએ. અમે પૈસાનો સંગ્રહ કયારે ય કર્યો નથી, કરી શકતા નહોતા તે પણ ખરું. પણ સમાજમાં જેઓ કંટકરૂપ થઈ પડયા હોય તેમને શિક્ષા કરવાનું હું મારું કર્તવ્ય ગણતો, ગરીબોને આપવા માટે પૈસાદારોને હું લૂટતો. ગમે તે કહો પણ મારો તિરસ્કાર ન કરો.'

હા, કોઈનો તિરસ્કાર (પોતાની જાતનો સુધ્ધાં) કદી ન કરવો, અને કોઈનો પૂરો વિશ્વાસ (પોતાની જાતનો સુધ્ધાં) કદી ન કરવો. આદર ને સાવચેતી; હિંમત ને ડહાપણ; નમ્રતા ને સાહસ: બંને આવશ્યક છે.

દાદાસાહેબ આગળ જણાવે છે કે જ્યારે એ જ કેદીએ નિખાલસતાથી રાજદ્વારી કેદીઓના વર્તનની થોડી ટીકા કરી ('જે સચ્ચાઈ, ત્યાગ, સેવાભાવ ને દેશપ્રેમ મેં ૧૯૨૦–૨૧માંના રાજકીય કેદીઓમાં જોયાં હતાં તે હવે બહુ જ થોડા લોકોમાં જોઉં છું') અને દાદાસાહેબે પોતાના જેલસાથીઓને અંતર્મુખ બનાવીને આત્મખોજ કરાવવાની દૃષ્ટિએ એ વાત તેમની આગળ કરી ત્યારે તેઓ 'અંતર્મુખ થવાને બદલે મારા ઉપર જ ગુસ્સે થયા. કેટલાકોને તો એમ પણ લાગ્યું કે આવા પ્રકારનો અભિપ્રાય સાંભળવામાં જ મેં તેમનો દ્રોહ કર્યો હતો! તેમનું સ્વમાન ઘવાયું હતું. પોતાનાથી ઊતરતા એવા લોકો પોતાને હલકા ગણે એ વાત એમને અસહ્ય લાગતી હતી.'

કોણ સજ્જન ને કોણ દુર્જન? દરેક માણસમાં–તમારામાં પણ–બંને બનવાની શક્તિ છે, બંને તરફ વલણ છે. ખૂની કે મહાત્મા બનવા માટે તમારામાં આવડત છે. તમારા હાથપગમાં જોર છે. તમારી છાતીમાં હિંમત છે ને તમારા દિલમાં મસ્તી છે. એ શક્તિને નાથવા ને સાચે રસ્તે વાળવા વિવેક, નિર્ણય ને પુરુષાર્થ જોઈએ.

તમારા ઘરમાં સાપનો રાફડો છે, માટે દબાએલે પગલે ચાલો. તમારા હૃદયમાં હલકી વૃત્તિઓ, આળસ, ઈર્ષ્યા ને વેર છે, અને ફેણ માંડીને દંશ દેવા ને પ્રાણ હરી લેવા તે તત્પર છે. જો તમે તમારી જાતને સુરક્ષિત અને અભેદ્ય માનશો તો તમારું પતન થઈ ચૂકયું સમજજો.

સાવધાનીમાં સલામતી છે.

ભયનો ખયાલ જ અભયદાન બક્ષશે.

જોખમનું ભાન વિજય અપાવશે.

નિર્બળતાનો એકરાર શક્તિનો સંચાર કરાવશે.

અને ત્યારે જ તમને ખયાલ આવશે કે ઘરમાં ભલે સાપ હોય, પણ એ નાગદેવતાને રીઝવવા તમારા હાથમાં જાદુઈ મુરલી પણ છે. એ મુરલીમાંથી સંયમના સૂર કાઢીને તમારી વૃત્તિઓને વશ કરી શકશો અને નિર્ભય, પવિત્ર ને ફળદાયી જીવન જીવી શકશો.

મુશ્કેલીઓ હતી તે પાર કરવા માટે.

વાસના હતી તે સર કરવા માટે.

યુદ્ધ હતું તે વીરતા બતાવવા માટે.

જીવનમંથન કરતાં કરતાં હલાહલ નીકળે તો ગભરાશો નહિ. અને મંથન તો બંધ ન જ રાખતા! હિંમત ને ખંતપૂર્વક જો આગળ વલોવતા રહેશો તો તમારું હૃદય અમૃતના જીવનરસથી છલકાઈ જશે.



સ્વ. ડૉ. કૈલાસનાથ કટજુ

તેજસ્વી ધારાશાસ્ત્રી અને નિસ્પૃહી કર્મયોગી

ઈ. સ. ૧૮૧૮માં ચોથા મરાઠા યુદ્ધમાં ઈસ્ટ ઇંડિયા કંપની સામે મહારાજા હોળકરની હાર થતાં એમને પોતાના રાજ્યનો એક મોટો હિસ્સો કંપનીને આપી દેવો પડયો. આ લડાઈમાં અંગ્રેજોને સારી મદદ કરનાર એક પઠાણ સેનાપતિ ગફૂરખાંને એમાંથી કાયમ માટે એક જાગીર ઇનામમાં આપી અંગ્રેજોએ એની કદર કરી. પોતાના એ નવા રજવાડામાં જાવરા નામે એક કસ્બામાં ગફૂરખાંએ રાજધાની સ્થાપી અને થોડા સમય પછી મનસારામ કટજુ નામે એક કાશ્મીરી બ્રાહ્મણને પોતાને ત્યાં વકીલ તરીકે રાખ્યા. એ કાળે પોલિટિકલ એજન્ટ અને રજવાડાંની વચ્ચેના સંબંધો જાળવી રાખવાની જવાબદારી એ આવા વકીલોની કામગીરી હતી. આમ, જાવરા એ કાશ્મીરી પંડિતનું કાયમી રહેઠાણ બની ગયું. નિઃસંતાન મનસારામે પોતાના સાળાના એક પુત્ર બદ્રીનાથને દત્તક લીધેલા. તેણે જાવરા દરબારમાં મનસારામનું સ્થાન સંભાળ્યું. એના ભાઈ જ્વાળાનાથ પણ જાવરાની નોકરીમાં જ હોઈ (હવે મામાફોઈના ગણાતા) બંને ભાઈ પડોશમાં જ રહેતા.

બદ્રીનાથને પણ એક પુત્રી જ હોઈ એમણે જ્વાળાનાથના એક પુત્રને દત્તક લીધેલો. પણ એનું અકાળ અવસાન થયું અને શોકાતુર માતાએ સગાંઓની અનેક સમજાવટ છતાં ફરી કોઈ પુત્રને દત્તક ન લેવાનું નક્કી કર્યું. પણ પુત્ર વનાના સંસારમાં એમને રસ રહ્યો નહોતો. ઈ. ૧૮૬૧માં જ્વાળાનાથની પત્નીને ત્રીજો પુત્ર આવ્યો એ અગિયાર દિવસનો થયો ત્યારે જ્વાળાનાથની સ્ત્રી એને બદ્રીનાથની પુત્રવિયોગે ઝૂરતી પત્નીના ખોળામાં મૂકી દઈ એ ચાલી ગઈ. એ પછી આઠ માસ સુધી બંને સ્ત્રીઓએ એ પુત્રને નહિ સ્વીકારવાની હઠ જારી રાખી, પણ આખરે બદ્રીનાથના કુટુંબે એને સ્વીકારી લીધો. હિંદુ પરિવારન સંબંધની માઠી ઘનિષ્ઠતાનું આ એક સુંદર ઉદાહરણ છે.

બદ્રીનાથનો એ બીજો દત્તક પુત્ર તે ત્રિભુવનનાથ કટજુ—ગઇ સત્તરમી ફેબ્રુઆરીએ જેમનું એકાએક અવસાન થયું એ, આપણા જાણીતા રાજપુરુષ ડૉ. કૈલાસનાથ કટજુના પિતા. પુરાણી પેઢીના એ એક લાક્ષણિક પ્રતિનિધિ હતા. (એમના ચરિત્ર માટે જુઓ 'કુમાર' અંક ૪૪૦) ઈ. ૧૮૭૫માં બદ્રીનાથનું અવસાન થતાં તેર વર્ષના ત્રિભુવનનાથને એમની કામગીરીની જવાબદારી સોંપવામાં આવી. અને ત્યારથી માંડી છેક ઈ. ૧૯૪૫માં એમનું અવસાન થયું ત્યાં સુધી એ રાજ્યના એક પરમ હિતસ્વી તરીકે તેઓ નિષ્ઠાપૂર્વક નવાબ સાથેનો સંબંધ જાળવી રાખી રાજકુટુંબના આત્મજન બની રહ્યા.

એ ત્રિભુવનનાથનાં લગ્ન સાત વર્ષની વયે પોતાનાથી બેએક વર્ષ મોટી કન્યા સાથે થએલાં. કૈલાસનાથનાં એ માતા સોહાગરાણીદેવી (એમના પરિચય માટે જુઓ 'કુમાર' અંક ૪૧૦) તો એ કાળની એક અનોખી સ્ત્રી હતાં. જ્યોતિષશાસ્ત્રમાં તેઓ નિષ્ણાત હતાં. જીવનનાં પચાસ વર્ષ પર્યંત પર્દામાં રહ્યા છતાં એમણે જે પ્રખર બુદ્ધિમત્તા અને પોતાના જમાનાથી ઘણી આગળ એવી જે સુધારક વિચારસરણી દાખવી હતી એ અનુપમ હતી.

એમની કૂખે, ઈ. ૧૮૮૭ના જૂનની ૧૭મી તારીખે કૈલાસનાથનો જન્મ થયો. બે પેઢીઓ પછી એ કટજુ કુટુંબમાં આ પહેલો પુત્રજન્મ સુભગ અને ઉત્સવરૂપ હતો. જાવરાની હાઈસ્કૂલમાં થોડો અભ્યાસ કર્યા બાદ, મોસાળ લાહોરમાં ફોરમૅન ક્રિશ્ચિયન કૉલેજમાં ભણી ઈ. ૧૯૦૭માં અલ્લાહાબાદ યુનિવર્સિટીમાંથી એમણે વકાલતની ઉપાધિ મેળવી. દરમિયાન ઈ. ૧૯૦૫માં લક્ષ્મીરાણી સાથે એમનાં લગ્ન થયાં. એમની કુમારવયની ઇચ્છા તો શરીર વિજ્ઞાનના ડૉકટર બનવાની હતી;—અને એ પાર પણ પડી, પણ જરા જુદી રીતે: લાહોરમાં અભ્યાસકાળ દરમિયાન સર ગુરુદાસ બેનરજીની વકાલતની ખ્યાતિ થતાં એમના વ્યક્તિત્વના પ્રભાવથી પ્રેરાઈ કૈલાસનાથ પણ એમના જેવા સપસિદ્ધ વકીલ બનવાની મહત્ત્વાકાંક્ષા પ્રકટી. અને એ સિદ્ધ પણ કરી. જે યુનિવર્સિટીમાંથી તેઓ એલએલ. બી. થએલા એ જ યુનિવર્સિટીએ આગળ જતાં એમને કાયદાપંડિત તરીકેના ડૉકટરેટની માનદ ઉપાધિ આપીને એમનું બહુમાન કરેલું.

'પાંજરામાંથી એક વાર બહાર નીકળતું પક્ષી, ખબર નહિ ક્યારે પાછું ફરે–અથવા ન પણ ફરે' એ ભયથી પિતાની ઇચ્છા કૈલાસનાથને પણ પૂર્વજોની પરંપરા અનુસાર જાવરાના રજવાડામાં જ સમાવી લેવાની હતી. એ માટે એમણે ઘણા પ્રયત્નો કરેલા, પરંતુ એમાં સફળતા મળી નહિ અને ઈ. ૧૯૦૮માં કૈલાસનાથે કાનપુરમાં પં. પૃથ્વીનાથ ચાકના હાથ નીચે વકાલતની કારકિર્દીનો આરંભ કર્યો. સર તેજબહાદુર સપ્રુની પણ એમને સહાય મળતી કાનપુરમાં એમણે જે પહેલો કેઇસ હાથ ધર્યો તેમાં એમણે એક માણસને એણે નેવું વર્ષથી ગુમાવેલી જમીન પાછી અપાવી એટલું જ નહિ એ ઉપરાંત પંદર હજાર રૂપિયા રોકડા પણ અપાયા. આ પહેલા જ કેઇસમાં આવી જીત મેળવવા બદલ એમને ફી મળી હતી માત્ર રૂપિયા પાંત્રીસ ને બીજા વધુ પાંત્રીસ રૂપિયા





પિતા ત્રિભુવનદાસ • માતા સોહાગરાણીદેવી

પાઘડીના મળેલા. પણ એનાથી એમનો આત્મવિશ્વાસ દૃઢ થઈ ગયો.

ઈ. ૧૯૧૪માં તેઓ અલ્લાહાબાદની હાઈકોર્ટના બાર (વકીલ-સંસદ)ના સભ્ય બન્યા, અને પોતાની તેજસ્વી પ્રતિભાના બળે જોતજોતાંમાં તો દીવાની તેમજ ફોજદારી દાવાઓની એક નામી વકીલ તરીકે ધીકતી પ્રૅક્ટિસ ચલાવવા લાગ્યા.

'મીરત કાવતરા કેઇસ'માં એમણે દાખવેલા કાયદાકૌશલથી એમની ઉજ્જ્વલ કારકિર્દી વધુ પ્રસરી. પોતાના કેઇસ તૈયાર કરવામાં જહેમત અને મૌલિકતા અપનાવી એમણે ઉત્તરોત્તર જે સિદ્ધિઓ મેળવવા માંડી એનાથી તેઓ 'કેઇસ-વિનર (દાવા-વિજેતા) તરીકે ઓળખાવા લાગ્યા. એમ કહેવાતું કે જે કેઇસમાં માત્ર વીસેક ટકા જેટલો જીવ હોય તેને પણ તે પોતાની અનોખી રજૂઆતથી સોએ સો ટકા જીવવાળો બનાવી જીતી જતા. કાયદાની એમની ઊંડી સૂઝને કારણે તેઓ 'લીગલ લ્યુમિનરી' તેજસ્વી ધારાશાસ્ત્રી તરીકે જાણીતા હતા. પોતે ચલાવેલા કેટલાક રસદાયક દાવા તો એમણે 'મૈં ભૂલ નહિ સકતા' નામક પુસ્તકમાં સંસ્મરણ રૂપે નોંધ્યા પણ છે.* સમાજ અને માનવ મનના વિશ્લેષણ સાથે તે તે કોયડાના ઉકેલ લાવતી એમની બુદ્ધિના ચમત્કાર એમાં વાર્તારસ જમાવે છે. એક કેઇસમાં વકીલ તરીકે તેઓ અને પંડિત જવાહરલાલ નેહરુ સામસામા આવી ગએલા અને પંડિત નેહરુ સામે કટજુ જીતી ગયા હતા. એવી જ રસમય છે એમની આત્મકથા 'પ્રવાસી'માં એમની અવસાનનોંધમાં 'સોઽહમ્' લખે છે એમ 'આજે ભાવિમાં નહિ જોઈ શકનારાઓ, નિરાશાવાદે પ્રેરેલી ગેરશિસ્તથી રંગાએલાઓ, અને આપણી સંસ્કૃતિ સભ્યતા તથા દેશ પ્રત્યેના કર્તવ્યથી વિમુખ બનેલાઓ એમના જીવનચરિત્રનો અભ્યાસ કરે તો એમને અંધકારમાં કૈંક પ્રકાશ લાધે.'

વકાલત ઉપરાંત ડૉ. કટજુએ જાહેર જીવનમાં પણ એવી જ ઊજળી કારકિર્દી કોરી કાઢી. પ્રયાગ (અલ્લાહાબાદ) મહિલા વિદ્યાપીઠના ચાન્સેલર (કુલાધિપતિ), અલ્લાહાબાદ ડિસ્ટ્રિક્ટ ઍગ્રિકલ્ચરલ એસોસીએશનના પ્રમુખ, અલ્લાહાબાદ લૉ જર્નલના તંત્રી તથા કાયદાનાં અનેક પુસ્તકોના લેખક ને વિવેચક તરીકે પણ એમણે પોતાની શક્તિઓનો પરિચય આપેલો. ઈ. ૧૯૩૫માં અલ્લાહાબાદ મ્યુનિસિપલ બોર્ડના તેઓ પ્રમુખ ચૂંટાયા. એ અગાઉ કેટલાંક વર્ષ તેઓ સંયુક્ત પ્રાંત (આજના ઉત્તરપ્રદેશ)ની કૅાંગ્રેસ કમિટીમાં સભ્ય હતા ૧૯૩૭માં કૅાંગ્રેસના પ્રધાનમંડળમાં ત્યાંના ઉદ્યોગ ને વિકાસખાતામાં નીમાયા. અને ૧૯૪૦માં એ. આઈ. સી. સી. (મહાસમિતિ)ના સભ્ય થયા.

અસહકારની ચળવળવાં એમણે ૧૮ માસની જેલ ભોગવેલી. ઈ. ૧૯૪૨ના ઑગસ્ટમાં 'હિંદ છોડો'ના દેશવ્યાપી આંદોલન વખતે ફરી એમની ધરપકડ થઈ અને ૧૯૪૩ના એપ્રિલ સુધી તેઓ કેદમાં રહ્યા. સ્વરાજ પછીની બંધારણસભા 'કૅાન્સ્ટિટ્યુએન્ટ ઍસેમ્બ્લી'ના એક સભ્ય તરીકેની કામગીરી બજાવી ૧૯૪૭માં તેઓ સંયુક્ત પ્રાંતમાં પ્રધાનપદે ચૂંટાયા. ત્યાર પછી ઓરિસ્સાના પ્રથમ ગવર્નર (રાજ્યપાલ) તરીકે એમની નિમણૂક થઈ, અને ત્યાંથી ૧૯૪૮માં તેઓ પશ્ચિમ બંગાળના રાજ્યપાલ તરીકે ગયા. એ પછી કેન્દ્રીય પ્રધાનમંડળમાં એમણે દેશના કાયદાનું, ગૃહખાતાનું અને સંરક્ષણખાતાનું દફતર પણ સંભાળ્યું.

ત્યાંથી નિવૃત્ત થયા બાદ ફરીથી પંડિત નેહરુએ મધ્યપ્રદેશના ગંદા રાજકારણથી એ રાજ્યને બચાવવા એમને નિવૃત્તિમાંથી પાછા ખેંચીને ત્યાંના મુખ્ય પ્રધાન બનાવેલા. પણ જીવનનાં બધાં ક્ષેત્રોમાં યશ મેળવનાર એમને રાજકારણના કાદવમાં ઠોકર વાગી. મધ્યપ્રદેશના સત્તાલોલુપ નેતાઓએ એમને 'બહારના' તરીકે ઠોકી બેસાડીને ૧૯૬૨ની ચૂંટણીમાં જીતવા ન દીધા. વસ્તુતઃ રાજકારણ એ એમની પ્રકૃતિ જ નહોતી. એમણે જે કાંઈ હોદ્દા ભોગવ્યા તે પોતાના એકનિષ્ઠ ને સખત પરિશ્રમ તથા શિસ્તબદ્ધ જીવનને કારણે જ મેળવેલા. સત્તાની લાલસા એમણે કદી રાખી નહોતી. એમણે એક મિત્રને લખેલું: 'મારા અંગત અનુભવ પરથી સંસારનું મહાન સત્ય સમજાયું હોય તો તે આ છે કે આપણા સર્વ દુઃખનું મૂળ લાલસા છે. તમે તમારી એષણા પર સંયમ રાખી શકો તો દુન્યવી દુઃખમાંથી મુક્ત રહી શકો.'

આપણા દેશમાં રાજાજી (રાજગોપાલાચાર્ય)ને બાદ કરતાં સૌથી વધુ પદ ડૉ. કટજુએ ભોગવ્યાં છે; પણ સત્તાનો નશો, કે એ ગયા પછીના ધમપછાડા એમણે કદી દાખવ્યા નથી. એક વાર એમણે કહેલું કે, 'વર્ષો સુધી હું સત્તા પર ન હતો, છતાં એના અભાવની મારા પર કોઈ અસર થઈ નથી, મારા જીવનની ફિલસૂફી એ છે કે આપણે આપણી ફરજ બજાવ્યા કરવી.' અને ખરેખર એમણે જે કોઈ કાર્ય કર્યું તેમાં પૂરો રસ અને ખંત દાખવીને તે કર્યું હતું. વકાલતની એમની ફતેહનું પણ આ એક કારણ હતું.

કાયદાથી માંડીને ધર્મશાસ્ત્ર ને તત્ત્વજ્ઞાનના અભ્યાસી ડૉ. કટજુને શેરલૅાક હોમ્સની વાતો વાંચવાનો પણ બહુ શોખ હતો. સત્ય હકીકતને તારવવાની હોમ્સની રીત અજમાવીને એમણે કેટલા યે નિરાશાજનક કેઇસોને પોતાની તરફેણમાં જીત્યા હતા.


અસંબદ્ધ ચર્ચાઓ એમને ગમતી નહિ. કોઈ તાર્કિક અને બુદ્ધિયુક્ત દલીલો કરે તો એને તેઓ શાંતિ અને ધીરજથી સાંભળતા, પણ ઉટપટાંગ વાતો સામે એ ઊકળી ઊઠતા. આવી વાતો કરનારા પોતાના ઘણા અસીલોને એમણે નારાજ પણ કર્યા હશે, પણ એમના કેઇસમાં તો એમણે સરખી જ નિષ્ઠાથી રસ બતાવ્યો હતો.

દેશનો દોર પોતાના હાથમાં લેવા કોઈ પણ પ્રકારના કાવાદાવા ખેલી રહેલા સત્તાલાલચુ વર્ગો આજે જ્યારે આપણા જીવનને અનેક રીતે સંક્ષુબ્ધ કરી રહ્યા છે એવા આ કાળમાં કોઈ પણ પ્રકારની એષણા વિના રાષ્ટ્ર માટે કામ કરી જનારા આવા કર્મયોગી નરરત્નોનો લોપ થતો જાય એ આપણું ખરેખર દુર્ભાગ્ય છે. ડૉ. કૈલાસનાથના અવસાનથી આપણને આવી જ એક વધુ ખોટ પડી છે.

ગયે વર્ષે એમને કિડનીની બીમારી થએલી અને એમાંથી એમને આરામ પણ થઈ ગએલો. પણ ગઈ ૧૬મી ફેબ્રુઆરીએ એકાએક એમને ફરી એ મુશ્કેલી ઊભી થઈ અને બીજે દિવસે, ૧૭મીની સાંજે, ૭–૫૫ના સમયે બેભાનાવસ્થામાં જ એમનું અવસાન થયું. એમની બે પુત્રી અને ઉજ્જ્વલ કારકિર્દી ધરાવતા ત્રણ પુત્રોમાંથી એક પુત્ર શ્રી એસ. એન. કટજુ તો અલ્લાહાબાદ હાઈકોર્ટમાં ન્યાયાધીશના પદે છે.

* અગાઉ 'કુમાર' અંક ૪૪૪ અને ૪૪૯માં એમના એવા બે કેઇસ આવી ગયા છે. બે વધુ કિસ્સા ('માનવજીવન હોડમાં') આ અંકમાં આપ્યા છે.

જીવનપટનાં સ્મૃતિચિત્રો



જગપ્રખ્યાત ભારતીય ફોટોકલાકાર શાપુરજી ભેદવાર
(સ્કેચ : ર.મ.રા. · બ્લૉક : 'નવચેતન'ના સૌજન્યથી)

૩૪૬ જાનવાળાનો અહંકાર

ઈ. ૧૯૧૫ની દિવાળીની રજાઓમાં હું ભાવનગર હતો તે દરમિયાન સમાજવ્યવહારનો એક વિચિત્ર અનુભવ થયો તે હું કદી ભૂલી શક્યો નથી. વીરમગામના વેવાઈમંડળ (બહેનનાં સાસરિયાં)માં મારા પિતાના મિત્ર વકીલ દેવશંકરના ભાઈ ગોવિંદરામને ત્યાં પુત્રીનાં લગ્ન હતાં. એથી સગાંવહાલાંનો વિશેષ પરિચય કરાવવા માટે ઘેર આવેલી બહેનને સાસરે પહોંચાડવાનો તથા આ પ્રસંગમાં કોઈ કુટુંબીજનોને ભાગ લેવા મોકલવાનો આગ્રહભર્યો પત્ર તેમના તરફથી આવ્યો; એટલે ખાલી રજા ગાળતા મને અને મારા નાના ભાઈ પ્રાણશંકરને આ પ્રસંગ સોંપાયો. અમે બહેનને લઈ વીરમગામ ગયા. મારો મુકામ તો રાબેતા મુજબ મારા મિત્ર મગનભાઈ શુક્લની મેડી પર જ મેં રાખ્યો.

વેવાઈની જાન ઘણે ભાગે ઊંઝાથી આવી હતી. રિવાજ પ્રમાણે ઉત્તરોત્તર કન્યાવ્યવહારમાં વીરમગામને ઝાલાવાડની કન્યાઓ મળતી; વીરમગામ ઊંઝા કે સિદ્ધપુરને કન્યા આપતું. આવી રીતિથી વરપક્ષ હમેશાં પૂજ્ય બનીને વેવાઇને માંડવે મહાલતો. મને લગ્નમંડપના ઘોંઘાટિયા વાતાવરણની બહુ ચીડ હતી, એટલે હું તો ત્યાં જરૂર પૂરતી હાજરી આપી બાકીનો સમય મારા મિત્રો જોડે વાર્તાલાપમાં ગાળતો.

જાન ત્રણ દિવસ રોકાવાની હતી. પણ મારી રજાઓ પૂરી થતી હોવાથી પ્રથમ દિવસની રાતની ટ્રેઇનમાં જ મારે નાના ભાઈને લઈ પાછા ફરવું હતું એટલે કન્યાના પિતાએ મને વહેલા જમીને જવાનું કહી મારા મિત્ર મગનલાલ સાથે મને મોટા રસોડે મોકલ્યો. રસોડાવાળાએ બળતણનાં લાકડાંની મર્યાદા બાંધી, અમારાં પત્રાળાં મૂકી અમને જમવા બેસાડ્યા. એટલામાં માંડવામાંનો વિધિ પૂરો થયો અને સૌ જાનવાળા મુગટા-અબોટિયાં પહેરી જમવા આવવા લાગ્યા.

પહેલાં એક્બે ડોસા ને થોડાં છોકરાં આવ્યાં. તેઓ નાહીને શાલ ઓઢીને આવ્યા હતા, અને મહોલ્લો બરાબર સાફસૂફ થયો છે કે નહિ તે જોતા નજીક આવ્યા, ત્યાં અમને રસોડામાં એક બાજુ જમતા જોયા કે તરત રૂપ બદલ્યું. 'અલ્યા અહીં તો જાન પહેલાં કોઇને જમવા બેસાડી દીધા છે' કહેતા પોકાર કરવા લાગ્યા : 'આ તો જાનનું અપમાન થયું !'

માંડવાવાળા કહે : 'અમારા સગા છે અને ટ્રેઇનમાં જવું છે, એટલે જુઓ, આડશ બાંધીને જમવા બેસાડ્યા છે.' પણ માને કોણ ? જાનવાળાના અધિકારો અને માન લુટાઈ જતાં દેખાયાં ! 'ચાલો, પાછા ચાલો; રસોઈ અભડાઈ છે ! જાનવાળા એમ ન જમે.' એમ પોકારતા પાછળ આવનારને પણ સાથે લઈ ગયા.

અમે ઘેર પહોંચ્યા પછી મારા મિત્રનો પત્ર આવ્યો કે તેઓ બધા જાનીવાસે જઈ રૂસણું કરી બેઠા અને વેવાઇને કે કોઈને કશું નમતું આપ્યું નહિ, એટલે પછી દેવશંકર વકીલ ગર્જ્યા : 'અલ્યા ભાઈ, તમે તે કોણ મોટા દેવના દીકરા છો કે ઘરનાં માણસોને પણ જમવાની મના કરી શકો ? ખાવું હોય તો ખાઓ; નહિતર લગ્ન થઈ ગયું છે તો ચાલતા થઓ !' ઘણી હોંસાતુંસી પછી તેઓ ભૂખ્યાં સ્ત્રી-બાળકોનો કકળાટ સહન કરી ન શક્યા, એટલે ફાવે તેમ બોલતા જમી ગયા.

૩૪૭ સકુટુંબ મુંબાઇમાં

ઘેર આવ્યો ત્યાં જેભાઇનો પત્ર આવેલો હતો કે તેનાં પત્નીને થોડા મહિના પિયરમાં જવું પડશે, એટલે જો હું મારી પત્નીને સાથે લઈ જાઉં તો રૂમની સગવડ ચાલુ રાખી શકાય. મારાં પત્નીને તો બહાર નીકળવાની ઇચ્છા હતી જ, પણ મને ડર હતો કે મુંબાઈની સંકડાશ અને રૂમનું કેદખાનું એને અનુકૂળ આવશે કે કેમ. વળી મારો અભ્યાસ હજુ પૂરો થયો નહોતો અને કમાણીની કોઈ ખાતરી ન હતી. પણ અમે અમારું પોતાનું સ્થાન તો બનાવ્યું હતું, એટલે જેમતેમ કરી ગોઠવાઈશું એમ વિચાર્યું. મોટા પુત્ર નરેનને વડીલો પાસે રાખવા ઠરાવ્યું. તેમને પણ ઘરમાં કોઈ છોકરાં વિના સૂનું લાગવાનો ભય હતો. નાનો ભાઈ હતો, પણ તેને દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવનમાં મૂકી દીધો હતો. તે દરરોજ બપોરે પોસ્ટ ઑફિસની બાજુની હાઈસ્કૂલમાં આવે ત્યારે મળી જતો. એટલે થોડા માસના બાળક ગજુને અને મારી પત્નીને લઈ, ગાંસડાં-પેટીઓ સાથે મુંબાઈની ગાડી પકડી. રસ્તે બાળકની રાહત માટે એક રાત વીરમગામ રોકાયો અને બીજી સાંજે મુંબાઈ પહોંચ્યો. ત્યાં ચર્ની રોડ પર મારા સાથી જેભાઈએ સ્વાગત કરી અમારા પોતાના નિવાસમાં અમને ઠેકાણે પાડ્યા.

કાંદાવાડીના રસ્તા પર હનુમાનમંદિરની સામે આવેલી કલ્યાણ મોતીની ચાલમાં પહેલા માળ ઉપરની અમારી ૧૮ નંબરની ઓરડી નળ-સંડાસની પાસે જ હતી. અમારી પછીના છ આઠ નંબરોવાળા ભાડુઆતો અમારા બારણા પાસેથી જ આવજા કરતા, એટલે બારી અને બારણા પર પડદો રાખવો પડતો. બારી આગળના ખૂણામાં મેં મારું કામ કરવાનું અને લખવાનું ટેબલ રાખ્યું. બાળકનું ઘોડિયું પણ એ જ ભાગમાં રાખવું પડતું. પાછળની ઓરડી તેનાથી યે નાની. અંદર રસોડું, ચોકડી, પાણિયારું અને કોઠાર, તેમજ અંતઃપુર જેવું. બૈરાં અમારી હાજરીમાં દિવસના ભાગે ભાગ્યે જ નિરાંત કરી બેસી શકે. વચ્ચે ઘાટી પાણી ભરી જાય, વાસણ લઈ જાય, ધોએલાં કપડાં સૂકવી જાય વગેરે હલચલ ચાલુ જ રહેતી. અમારાં બંને કુટુંબોને સુલેહસંપથી

કે સગવડથી રાખવાનું ઘણું કપરું હતું. મારાં પત્નીએ બેચાર દિવસમાં ત્યાંના વ્યવહારનો ખયાલ મેળવી લીધો. જેભાઇએ હિસાબ, વાસણ, અનાજ વગેરેની ખરીદીથી મને નિશ્ચિત રાખી અભ્યાસકાર્ય માટે મુક્ત કર્યો હતો. અઠવાડિયામાં કોઈ સારો સંગાથ મળતાં તેમનાં નવોઢા પત્નીને પિયર વિદાય કર્યાં, એટલું જ નહિ, પણ હવે શિયાળો પુરો થવાથી તેણે પોતાના સ્વભાવ પ્રમાણે મોડી રાતે આવીને ચાલીમાં જ લંબાવવાનું પસંદ કર્યું. મનુએ મારા આગમન પહેલાં જ એક બીજા મિત્ર સાથે ગોઠવણ કરી હતી ને ખર્ચ માટે નોકરી શોધી લીધી હતી, એટલે અમને મોકળાશ જણાઈ. પીપળવાડી નજીકમાં જ હતી ત્યાં મારાં પત્નીને પણ જૂનાં સગાંસંબંધી મળવાથી નિરાંત થઈ.

૩૪૮ શાપુરજી ભેદવારનો પ્રત્યક્ષ પરિચય

તારીખ ૧૪મી ફેબ્રુઆરી ૧૯૧૬ના દિવસે હાજીમહમ્મદે માણસ જોડે ચિઠ્ઠી મોકલી કે સાંજે મારે સ્કૂલમાંથી છૂટી ટાઉન હૉલ પાસે એક નાની હોટેલ આગળ તેમને મળવું. તેમના પુરાણા મિત્ર ફોટો-કલાકાર શાપુર ભેદવાર મુંબાઈમાં આવ્યા છે અને તુરતમાં જ પાછા જવાના છે એટલે 'વીસમી સદી' માટે તેમનું પ્રત્યક્ષ ચિત્ર કરી લેવાનું છે. હાજી શેઠે મને એમના વિષે ઘણી વાતો કરેલી. ચારેક વર્ષ પહેલાં પ્રિન્સેસ સ્ટ્રીટ પર તેમના નામનું પાટિયું મેં વાંચેલું અને નીચેના દર્શનખડમાં તેમની પ્રસિદ્ધ ચિત્રમાળાઓ ને પ્રસંગોનાં ચિત્રો જોએલાં. તે કેમ મુંબાઈ છોડી ગયા ને તે પછી તારાપોર ને છેવટે ગુરુદાસનાં પાટિયાં ત્યાં શી રીતે આવી ગયાં તેનાં કારણો હું જાણતો ન હતો; પણ હાજી પાસે ઘણી માહિતી હતી, તેમાંથી કેટલીક યાદ રહેલી અહીં નોંધીશ.

ફોટોગ્રાફીના ક્ષેત્રમાં પોતાનો પ્રગાઢ અધિકાર બતાવી ભેદવારે છેક યુરોપમાં ભારતનો યશધ્વજ ફરકાવ્યો હતો. અતિશયોક્તિ વિના કહી શકાય કે તેમના જેવો ફોટોકલાકાર ભારતમાં હજી જોવા મળ્યો નથી. યુરોપ અને વિશ્વના અન્ય દેશોમાંથી તેમને ૪૨ જેટલા જય-ચંદ્રકો મળ્યા હતા. ઈ. ૧૮૯૧માં લિવરપૂલમાં દુનિયાના શ્રેષ્ઠ ફોટો-કલાકારોની ૪૩૦૦ કૃતિઓનું પ્રદર્શન થયું તેમાં ભેદવારનું ચિત્ર સર્વોત્તમ ઠરીને તેમને ચૅમ્પિયનશિપ (એકમેવ સ્થાન) એનાયત થઈ હતી. એ સમયનાં સાધનોથી આવો અનુપમ વિજય મેળવવો એ રમત વાત નહોતી. ભેદવારની કૃતિમાં સૌંદર્ય, કવિત્વ અને મનોહર વિષય-સંયોજનમાં દોષરહિતતા નિર્માએલી રહેતી. ઈંગ્લૅન્ડના એક ફોટોગ્રાફી-પત્રમાં યથાર્થ લખાયું હતું કે 'Mr. Bhedwar shows himself a manipulator of the fast water.' તેની 'ગુલબહાર' ચિત્રમાળામાંનાં 'નરગીસ અને ગુલાબ', 'મુલાયમ હૃદય', 'પતંગિયું' વગેરે અનેક ચિત્રનિર્માણો ચિરંજીવ કૃતિઓ છે. 'ત્યાગમાળા' નામનાં તેમનાં ચિત્રો એ કાળમાં રૂ. ૨૭,૦૦૦ની કિંમતે વેચાયાં હતાં. તે કેવળ કલાના સાધક નહોતા; કાવ્ય, ધર્મ ને તત્ત્વજ્ઞાનના ઉપાસક હતા, પોતાની આઝાદીમાં સદા મસ્ત પુરુષ હતા.

યુરોપમાંથી આવ્યા પછી તેમણે નિવાસ માટે મલબાર હિલ પર બંગલો રાખેલો. ત્યાંનાં દશ્યોમાં તેમનાં ધર્મપત્નીનાં અનેક ચિત્રો તેમણે ઉતારેલાં. ત્યાં તેઓ ઘણી વાર યોગી-સાધુને લઈ આવતા અને રહસ્યમય સમાગમ રાખતા. આવા પ્રસંગોમાંથી તેમને અચાનક સંસારમાંથી રસ ઊડી ગયો અને વાંદરા ખાતે જઇને રહેવા લાગ્યા. તેમના એ ત્યાગી જીવન દરમિયાન તેમનાં પ્રથમ પત્ની ગુજરી ગયાં, પણ તે તો વાંદરે એકલા જ રહેતા.

સંજોગ એવો થયો કે ત્યાં નજીકમાં એક ગરીબ વૃદ્ધ પારસી અને તેની દીકરી રહેતાં હતાં. તેમની તરફ દયા રાખીને તે વખતોવખત તેમને સહાય કરતા. બુઢ્ઢો પારસી કંઈ જોઈએ તો તેની કન્યાને તેની પાસે લેવા મોકલતો. ભેદવારની વૃત્તિ નિર્મળ હતી, પણ એક વાર વર-સાદમાં બુઢ્ઢાએ થોડી રકમ મેળવવા છોકરીને મોકલી તે વખતે, આ રીતે પૈસા કઢાવવા ઉચિત નથી એમ કહી દીકરીએ ના પાડી. આથી ડોસાએ તેને મારીને ઘર બહાર કાઢી. રડતી રડતી તે ભેદવાર પાસે ગઈ અને બધી કથની કહી. તે પરથી અત્યંત કરુણાળુ હૃદયના ભેદવારે તેને પોતાના બંગલામાં આશરો આપ્યો, અને પછી કશા વિધિ વિના જ તે તેમની સાથે રહેવા લાગી. આથી ડોસાએ કૉર્ટમાં અપહરણની ફરિયાદ કરી. કૉર્ટમાં છોકરીએ પોતાના બાપના જુલમથી ઘર છોડયું હોવાનું તથા ભેદવારને ત્યાં રાજીખુશીથી ગઈ હોવાનું કહ્યું. એટલે કેસમાં ભેદવાર નિર્દોષ તો ઠર્યા, પણ પારસી કોમે તેમની સાથેનો વ્યવહાર બંધ કર્યો. એ નાલેશીથી નારાજ થઈ તે પોતાની મિલકત, સ્ટૂડિયો બધું વેચી નાખી, માનેલી પત્ની સાથે મદ્રાસ જઈ રહ્યા. મુંબાઈમાં હવે તેમનું નામ લુપ્ત જેવું થઈ ગયું હતું, પણ હાજીમહમ્મદે તેમની કદર કરવા 'વીસમી સદી'ના પહેલા જ અંકમાં 'હિંદના ચિત્રકારો'ની લેખ-માળામાં તેમનાં ચિત્રો અને કળાનો પરિચય લખાવી રાખ્યો હતો, એ-વામાં જોગાનુજોગ તે આવી ચડયા અને મને પ્રત્યક્ષ સમાગમ મળ્યો.

વાર્તાના નાયક જેવા આ પાત્રને ખુદને મળવાનો પ્રસંગ મારે માટે ખૂબ કુતૂહલપ્રેરક હતો. સાંજે સ્કૂલમાંથી છૂટી હું ટાઉનહૉલ સામેની હોટેલ આગળ પહોંચ્યો તો ત્યાં હાજી મારી રાહ જોતા ઊભેલા જ હતા. પહેલાં હાજીમહમ્મદ હોટેલના મેડે જઈ આવ્યા અને પછી મને લેવા આવ્યા. સ્ટીમરની કૅબિનોની જેમ વચ્ચેની ચાલની બંને બાજુ ઓરડીઓ હતી, તેમાંની એકનો પડદો ઊંચો કરી અમે દાખલ થયા. ઓરડી માંડ ૮×૧૨ ફૂટ વિસ્તારની હશે.

મારી પ્રથમ નજર રસ્તા પરની બારી પાસે ઊભેલી પરીચહેરાની બાનુ ઉપર પડી અને મેં અનુમાન કરી લીધું કે વાંદરાથી તેમની જીવન-સાથી બનેલી યુવતી એ જ હશે. ભેદવાર જરા બીમાર જેવા આગળના પલંગ પર સૂતા હતા. મારી ઓળખાણ કરાવીને હાજીમહમ્મદ બીજા કામ માટે ચાલ્યા ગયા. તેમણે મને આ વિરલ વ્યક્તિના ગુણ-દોષનો ઠીકઠીક ખયાલ તો આપી જ દીધો હતો. તેને આધારે મેં વર્તવાનો નિશ્ચય કર્યો હતો. મેં તેમને પ્રકાશ તરફ ફરવા વિનતિ કરી, તે પરથી તેઓ ઘણી મુશ્કેલીએ બેઠા થયા. મેં તેમના તકિયા બાજુ પર ફેરવી આપ્યા ને સ્કેચ (સદ્યચિત્ર) શરૂ કર્યો. તકિયા પર અઢેલીને તેઓ બેઠેલા હોવાથી દાઢી આગળ એક ગલોફો પડતો હતો, તેથી કાચો આલેખ કરીને તેમને મારી મુસીબત સમજાવી; એટલે તેઓ હું માગું તેવી બેઠક આપવા તૈયાર થયા. તેઓ સીધા બેઠા એટલે બીજો સ્કેચ લીધો તે તદ્દન સફળ થયો. કપડાંના ઠાઠ વિના પણ જર્મનીના પ્રધાન બિસ્માર્ક જેવું તેમનું મસ્તક ઘણું ગરવું લાગતું હતું. સ્કેચ જોઈ તેઓ ઘણા ખુશ થયા અને ઉમંગપૂર્વક પોતાની કૃતિઓ મને બતાવવા પોતાનાં મિસિસને કહ્યું; એટલે તેમણે બાજુ પરનો એક મોટો પૉર્ટ-ફોલિયો ખોલીને ગુલાબ (Rose)નું ચિત્ર મારી સામે મૂક્યું. હું તો મુગ્ધ બની જોઈ રહ્યો! ફોટોગ્રાફીમાં આવું કામ મેં કદી જોયું નહોતું. એકેએક ભાગમાં વિરામરેખાઓની લીલા હતી. કોઈપણ રેખામાં ઉતા-વળ ન હતી. એ ચિત્ર, પાસે ઊભેલાં તેમનાં મિસિસ પરથી લીધેલું હતું. ચિત્ર જોઈ મેં કહ્યું: 'મને ચિત્રમાં પૂરેપૂરો repose (વિરામ) દેખાય છે.' આટલા ઉદ્ગારથી તેમને બીજાં ચિત્રો બતાવવામાં બહુ રસ પડયો.

થોડી વારે એક બાલપંખીડું બહારથી કૂદી આવ્યું. પાછળ આયા હતી. 'ફલી આવ્યાં'નો મીઠો સ્વર સાંભળી બાવાજી અને માયજીનાં મોં મલકી ઊઠયાં. શ્રી ભેદવારની તેના પરની સ્નેહભરી નજર કવિતા-પૂર્ણ હતી. એટલામાં હાજી આવી ગયા અને અમારી મુલાકાત પૂરી થઈ. તે જ સાંજે તે સ્કેચ બ્લૉક માટે મોકલી આપવામાં આવ્યો અને 'વીસમી સદી'ના પહેલા જ અંકમાં પ્રકટ થયો. (ચાલુ)

માનવજીવન હોડમાં

મુકાઈ જાય એવા ન્યાયના ચુકાદાઓના
સ્વ. ડૉ. કૈલાસનાથ કટજુએ નોંધેલા બે મુકદ્દમા

અનુવાદક : માણેકલાલ ગો. જોશી

વકીલોનો એવો સામાન્ય અનુભવ હોય છે કે સાવ મામૂલી બાબતોમાં પણ ન્યાયના ચુકાદા ક્યારેક એકબીજાથી એવા તો ઊલટા જાહેર થાય છે કે સામાન્ય માણસના આશ્ચર્યનો પાર રહેતો નથી. અત્યંત અનુભવી જજ પણ ક્યારેક એવા નિર્ણય પર આવતા હોય છે, જે તદ્દન વિપરીત જ હોય છે.

મને એવા પણ ભીષણ અનુભવ થયા છે કે જેમાં માનવીઓનાં જીવન સાથે જુગાર ખેલાઈ રહ્યો હતો. એવા બે મુકદ્દમાઓ હું અહીં આપું છું. એમાંનો એક તો મારી વકાલતના પ્રારંભમાં જ બન્યો હતો અને તેણે મારા હૃદય પર એવો તો ભયંકર આઘાત કર્યો હતો કે તેની અસર મારા આખા વકીલ તરીકેના જીવન પર ચાલુ રહી હતી.

૧૯૧૪ના ઉનાળાના દિવસો હતા. હું હજી અલ્લાહાબાદ હાઈકોર્ટમાં નવોસવો જ હતો. એક દિવસ મેં ચાર્લ્સ રૉસ આલ્સ્ટનને એક ફોજદારી અપીલ ચલાવતા જોયા. અપીલ હાઇકોર્ટના બે બહુ જ અનુભવી જજો, શ્રી જસ્ટીસ વિલિયમ ટડવાલ તથા શ્રી જસ્ટીસ મહમ્મદ રફીક સમક્ષ હતી. આલ્સ્ટન ભારતના નામાંકિત વકીલોમાંના એક હતા. પોતાનો મુકદ્દમો તે આશ્ચર્યજનક કાનૂની ચતુરાઈથી રજૂ કરતા, અને તેમની બોલવાની રીતથી તેમની વકાલતનો પ્રભાવ ખૂબ વધી જતો. બોલતી વખતે તે ઘણા થોડા શબ્દોનો ઉપયોગ કરતા; પરંતુ તેમનો બોલેલો દરેક શબ્દ ચુનંદો ને અર્થપૂર્ણ રહેતો અને સાંભળનાર પર તેની લગાતાર અસર થયે જતી તેમણે રજૂ કરેલી અપીલ હતી તો સાવ નાની જ, પરંતુ તેની હકીકતો અજાયબીભરી હતી.

એક ગામના પાદરમાં એક કૂવો હતો અને એક દિવસ સવારમાં જ આખા ગામમાં વાત ફેલાઈ ગઈ કે એક સ્ત્રી પોતાની ચૌદ વર્ષની દીકરી સાથે એ કૂવામાં પડી ગઈ છે. તરત જ માણસો ત્યાં ટોળે વળી ગયા. પરંતુ કોઈ પણ જાતની મદદ પહોંચે તે પહેલાં છોકરી તો મરી ગઈ હતી, પણ માને જીવતી જ કાઢવામાં આવી. કૂવામાંથી જેવી બહાર કાઢી કે તરત જ બધા તેને પૂછવા મંડી પડ્યા કે શું બન્યું હતું કહેવાય છે કે તેણે તરત જ ત્યાં ટોળાના છેડે ઊભેલા બે માણસો તરફ આંગળી ચીંધી જણાવ્યું : 'આ બે જણાએ જ મને અને મારી દીકરીને મારી નાખવા માટે કૂવામાં ધક્કો માર્યો હતો.' પોલીસ પણ આવી પહોંચી ને તપાસ કર્યા બાદ તેણે બન્ને શખ્સને ખૂનના આરોપસર ગિરફ્તાર કર્યા. ફરિયાદનામું જોતાં જણાયું હતું કે આ સ્ત્રી ભિખારણ હતી અને ગામમાં પોતાની દીકરી સાથે અતિ કંગાલ હાલતમાં જીવતી હતી. પેલા બે જણ સાથે તેને એક દિવસ કોઈ કારણસર ઝઘડો થયો હતો ને તેણે તે જ સવારે ગુસ્સામાં આવી જણાવ્યું હતું કે આમણે મારું જીવવું એટલું તો મુશ્કેલ કરી મૂક્યું છે કે મારે ગામ છોડીને જવું પડશે. આટલું કહીને તે પોતાનો જે કંઈ થોડોઘણો સામાન હતો તે એકઠો કરી ગામમાંથી રવાના થઈ હતી. તે પછી જણાવવામાં આવ્યું હતું કે જ્યારે તે કૂવા નજીકથી પસાર થતી હતી તે વખતે આ બે જણાએ તેને અને તેની દીકરી બન્નેને મારી નાખવાના ઈરાદાથી કૂવામાં હડસેલી મૂક્યાં હતાં. આ બનાવ અંગે નજરે જોનાર સાક્ષી કોઈ ન હતો; પરંતુ ગામમાં તેમને ઝઘડો થયો હતો તે જોનારા એકાદ-બે સાક્ષી હતા.

સેશન્સ જજે બન્ને આરોપીઓને સજા કરતાં પોતાના ચુકાદામાં લખ્યું હતું કે 'આ સ્ત્રીને સાક્ષીના પીંજરામાં જોતાં તથા તેના સ્પષ્ટવક્તાપણા અને સરળ આચરણે મારા પર એટલી બધી અસર કરી છે કે તેની જુબાનીના એકેએક શબ્દ પર મને વિશ્વાસ બેસે છે અને તેની જુબાનીને ટેકો મળ્યો ન હોત તો પણ હું બન્ને આરોપીઓને સજા કરત જ.' પછી અંતે સજા સંભળાવતાં તેમણે લખ્યું હતું : 'જોકે હું આ સ્ત્રીની જુબાની પર વિશ્વાસ ધરાવું છું, તો પણ એ હકીકત તરફ આંખમિચામણાં કરી શકતો નથી કે આ ગુનાને સાબિત કરનાર આ એક જ સાક્ષી છે. પરિણામે ખૂન કરવાના ઇરાદાના અપરાધ માટે મોતને બદલે આજીવન કારાવાસની સજા કરવી મને યોગ્ય લાગે છે '

આલ્સ્ટને આ સજા સામે અપીલ દાખલ કરી હતી તેણે ખૂબ જ ટૂંકાણમાં, પરંતુ અત્યંત ચોટપૂર્વક એવી દલીલ કરી હતી કે 'ઝઘડો થયાની વાત તો ચોક્કસ હોવા સંભવ છે; અને એવું પણ બની શકે કે આ સ્ત્રી ગુસ્સામાં આવી ગામ છોડી જતી પણ હોય અને તે વખતે આ બે જણાએ તેનો પીછો કર્યો પણ હોય પરંતુ ક્રોધી સ્વભાવની સ્ત્રીઓનું જાતે કૂવામાં પડવું એ અસામાન્ય નથી. એવી પરિસ્થિતિમાં એમ પણ બનવાનો સંભવ છે કે આ સ્ત્રી ક્રોધ ને આવેશમાં આંધળી બની પોતાની દીકરી સાથે કૂવામાં પડી હોય, ને પછી તેને બહાર કાઢવામાં આવતાં તેણે પેલા બે જણાને તે વખતે ત્યાં જોયા હોય એટલે તેમને જોતાં જ એમને માથે જ આરોપ ઓઢાડવાનું ફાવતું માન્યું હોય.'

પરંતુ બન્ને વિદ્વાન જજ પર આ દલીલની કશી જ અસર ન થઈ, બલકે એ તો ઊલટાના ક્રોધે ભરાયા. અને શ્રી જસ્ટીસ ટડવાલ ખિજાઇને ઊંચા અવાજે બોલી ઊઠયા : 'મિસ્ટર આલ્સ્ટન, તમારા અસીલ અત્યંત નિર્દય, જંગલી ને ઘૃણાને પાત્ર છે. તેમની ઇચ્છા શી હતી તે હું તમને જણાવું. એ લોકો એ સ્ત્રીનો પીછો કરતા ન હતા, પણ છોકરીને પોતાના કબજામાં લેવા માગતા હતા, ને તેટલા માટે તેમણે માને ગામમાં રહેવાનું મુશ્કેલ કરી મૂક્યું હતું. પણ બાઇએ ઇનકાર કર્યો એટલે તેઓ જાણીબૂઝીને તેને એકલીને જ નહિ, પરંતુ બન્નેને મારી નાખવા ઇચ્છતા હતા.' આટલું જ નહિ, પણ પરંતુ સેશન્સ જજે મોતની સજા નહોતી ફરમાવી, તેટલા માટે તેના પર પણ તે ગુસ્સે થઈ ગયા હતાં.

એમાં તો હવે સંદેહ નહોતો કે તેઓ એ સજા વધારીને મોતની કરી જ દેત, પરંતુ કાયદા મુજબ તેઓ તેમ કરી શકે તેમ નહોતા; કેમ કે ફોજદારી ધારા મુજબ જ્યારે કોઈ સજા વધારવાની હોય છે ત્યારે આરોપીને વ્યક્તિગત રૂપે તે બાબતની નોટિસ આપવી પડે છે, અને તે રીતે આરોપીને બચાવ કરવાની તક આપવામાં આવે છે. આ છે તો કાયદાની વિધિનું એક નાટક જ, પરંતુ તે ભજવવું જ પડે છે. પરિણામે બન્ને જજોએ હુકમ કર્યો કે અપીલ કરનારાઓને નોટિસ આપવી અને તેમને મોતની સજા કેમ ન કરવી તેનાં કારણો રજૂ કરવા જણાવવું. આરોપીઓ તો જેલમાં હતા અને તેમને નોટિસ જેલમાં જ મળવાની હતી; પરંતુ આથી બીજો લાભ એ થતો હતો કે આ બાબત હાલ થોડા સમય પર્યંત મોકૂફ રહી હતી.

લગભગ બે અઠવાડિયાં પછીની વાત છે હું શ્રી જસ્ટીસ ચેમીઅર ને શ્રી જસ્ટીસ પિગટની અદાલતમાં બેઠો હતો. બંને ઘણા જૂના ને અનુભવી જજ હતા. એમની અદાલતમાં આ જ અપીલનો પોકાર પડતો મેં સાંભળ્યો. તત્કાલ મારા કાન ખડા થઈ ગયા. સરકારી વકીલ શ્રી મૅકલમસન ઊભા થયા અને શાંત સ્વરે બોલ્યા: 'સાહેબ, આમાં કાંઈ

ભૂલ થઈ હોય તેમ લાગે છે. અદાલત નં. બે સમક્ષ આ અપીલ અંગે સંપૂર્ણ દલીલો થઈ ચૂકી છે અને હવે તો માત્ર સજાનો હુકમ કરવા પૂરતું જ કામ બાકી રહ્યું છે. તો સમય બચાવવાની દૃષ્ટિથી આપ એવો હુકમ ન કરો, કે આ મુકદ્દમો એ જ અદાલત સમક્ષ રજૂ કરવામાં આવે?'

જસ્ટીસ ચેમીઅરે મૅકલમસનને પૂછ્યું: 'શું એવો નિયમ નથી કે જ્યારે એક અદાલત સજા વધારવા માટે નોટિસ કાઢે ત્યારે છેવટના ફેંસલા માટે એ મુકદ્દમો બીજી અદાલત સમક્ષ રજૂ કરવામાં આવે?'

મૅકલમસને કહ્યું: 'ના સાહેબ, એવો કોઈ નિયમ કે પ્રથા નથી. હમેશાં આ પ્રમાણે જ બને છે: જે અદાલત નોટિસ કાઢે છે તે જ અદાલત ફેંસલો પણ આપે છે.'

ચેમીઅરે કહ્યું: 'જો એવો નિયમ ન હોય, તો હું માનું છું કે એવો નિયમ હોવો જોઈએ. ખેર, જે કાંઈ બન્યું છે તે જવા દો. હવે તો આ મુકદ્દમો અમારી સમક્ષ રજૂ થઈ જ ચૂક્યો છે એટલે અમે જ તે સાંભળીશું અને ચુકાદો આપીશું.'

વિદ્વાન જજોએ અપીલ સાંભળી. જુબાનીઓ પણ જોઈ ગયા. મુદ્દા થોડા જ હતા ને જુબાનીઓ પણ ઝાઝી ન હતી. કલાકની અંદર અંદર તેમણે એવો ચુકાદો લખાવ્યો કે આરોપીઓ સામે ખૂન કરવાના પ્રયાસ કરવાનો ગુનો સાબિત નથી થતો અને તેથી તેમને છોડી મૂકવા!

આ બધું મારી હાજરીમાં જ બન્યું હતું, ને એ ચુકાદો મારા સગા કાને સાંભળ્યો હતો. બે માનવીઓનાં જીવન સાથે ખેલાતી રમતને પણ મેં મારી સગી આંખે જોઈ હતી. કેટલા ય દિવસો સુધી આ ચુકાદાની મારા પર અસર રહી હતી; એટલું જ નહિ પણ જ્યારે મેં પોતે ફોજદારી કામ શરૂ કર્યું ત્યારે જે મુકદ્દમાઓમાં સામાન્ય કેદની સજા થઈ હોય તેમાં અપીલ કરતાં મને હમેશાં સંકોચ થયા કરતો, કારણ કે સજામાં વધારો પણ થઈ શકે છે એ હકીકત મને હમેશાં સતાવ્યા કરતી. છતાં બન્યું એવું કે એવા જ ચુકાદા વિરુદ્ધ મારે જ અપીલ દાખલ કરવાની આવી ને મારે પણ એવી જ યાતનામાંથી પસાર થવું પડ્યું.

એક દિવસ એક યુવાન ડૉક્ટર મારી ઑફિસે આવ્યો ને જણાવ્યું કે એના કુટુંબ પાસે થોડીક જમીન છે. એ જમીનોના ખેડૂતો સાથે એના પિતાને કાંઈક ઝઘડો થઈ ગયો હતો. તેમાં તેમણે બંદૂક ચલાવી એકને ઘાયલ કર્યો હતો. એ ગુના માટે તેમને ત્રણ વર્ષની સજા થઈ હતી. એ સજા વિરુદ્ધ પોતે અપીલ કરી શકે ખરો?

જેવી મેં સજા સાંભળી કે લાગલું જ પૂછ્યું: 'કોઈ મરી ગયું હતું ખરું?' તેણે જવાબ દીધો: 'ઘાયલ થએલો માણસ મરી ગયો હતો.' મને પહેલો જ વિચાર એ આવ્યો કે તેને અપીલ કરવાની ના પાડી દઉં. જે બંદૂક ચલાવવાનું પરિણામ એક જીવની ક્ષતિ હોય એ ખૂન તો છે જ, અને તેવા અપરાધ માટે ત્રણ વર્ષની સજા કાંઈ વધારે ન કહેવાય. પરંતુ એ તો અત્યંત આશાપૂર્ણ નેત્રે મારા તરફ જોઈ જ રહ્યો અને બોલ્યો કે 'તમે વધારે નહિ તો છેવટે સેશન્સ જજનો ફેંસલો તો વાંચી જાઓ.' હું એ વાંચી ગયો. એથી તો સ્પષ્ટ થઈ ગયું કે સેશન્સ જજ જે નિર્ણય પર આવ્યો હતો, તે અનુસાર તો તેણે આરોપીને સાવ નિર્દોષ ઠરાવી છોડી મૂકવો જોઈતો હતો. તેમાં આરોપીએ સ્વ-રક્ષણ માટે બંદૂક ચલાવી હોવાનું તેણે જણાવ્યું હતું કાયદો એ બાબતમાં સ્પષ્ટ છે કે જો પોતાના પ્રાણ ભયમાં મૂકાઈ જાય અને જાન જવાનો પ્રસંગ ઊભો થાય તો માણસ બળનો ઉપયોગ કરી શકે છે; પરંતુ તે બળ પરિસ્થિતિ અનિવાર્ય હોય તો જ વાપરવું જોઈએ. જજ એવા નિર્ણય પર આવ્યા હતા કે આરોપી તેના એવા ખેડૂતોથી ઘેરાઈ ગયો હતો કે જેમની પાસે લાઠીઓ હતી અને જેઓ તેને મારી નાખવાની ધમકીઓ આપતા હતા. આવી પરિસ્થિતિમાં આરોપી કેવળ પોતાની બંદૂકનો ઉપયોગ કરીને જ પોતાનું રક્ષણ કરી શકે તેમ હતો, કારણ કે તે વખતે તેના હાથમાં એ સિવાય બીજી કોઈ વસ્તુ હતી જ નહિ. વળી બંદૂક તાકતાં પણ તેણે બીજાં મહત્ત્વ ધરાવતાં અંગોની ઉપેક્ષા કરી, પગના નીચેના ભાગને જ પોતાનું નિશાન બનાવેલું. ખૂબ સંભવ હતો કે આ ઘા જીવલેણ પણ પુરવાર ન થાત, જો ઘાયલ માણસે ફોજદાર ઘટનાસ્થળ પર આવી પહોંચે ને એ જગ્યા જોઈ લે ત્યાં સુધી પોલીસ કૉન્સ્ટેબલ સાથે ઈસ્પિતાલ જવાનો ઇનકાર કરવાની મૂર્ખાઈ કરી ન હોત તો. પરંતુ વિધિ કરવામાં બાર કલાક કરતાં પણ વધુ સમય વીતી ગયો હતો અને ઘાયલ માણસ કેવળ લોહી વહી જવાના કારણે જ મરી ગયો હતો. આ સંજોગોમાં પોતે આત્મરક્ષણ અર્થે બંદૂક ચલાવી હતી એવો આરોપીનો બચાવ કાયદાની દૃષ્ટિએ ન્યાય-યુક્ત હતો. આમ છતાં, અને પરિસ્થિતિને કારણે તેને આત્મરક્ષણનો ઉપાય લેવો પડ્યો હતો એ વસ્તુનો સ્વીકાર કરવા છતાં, સેશન્સ જજે મૂર્ખાઈભર્યું ડહાપણ ડોળ્યું હતું કે બંદૂક ચલાવતી વખતે આરોપીએ પૂરતી સાવચેતી દાખવી ન હોવાથી, તે આત્મરક્ષાના પોતાના હકને ઉલ્લંઘી આગળ નીકળી ગયો હતો, અને તેથી તે ખૂન કરવાના-ગુના કરતાં કાંઈક ઓછા ગુના માટે અપરાધી તો જરૂર હતો જ, અને તેના પરિણામે તેણે આરોપીને ત્રણ વર્ષ કેદની સજા ફરમાવી હતી. મારા મત મુજબ અપીલમાં જજનો એ ચુકાદો ટકી શકે તેવો ન હતો. હું સહમત થઈ ગયો અને મેં અપીલ દાખલ કરી દીધી.

ઈ. ૧૯૩૪ના મે માસમાં, અદાલતમાં ઉનાળાની રજાઓ પડે તે પહેલાં, જસ્ટીસ ઉમાશંકર બાજપેયી સમક્ષ આ અપીલની સુનાવણી નીકળી. સામી બાજુએ મરનારના ભાઈના વકીલે સજા વધારવા માટે અરજી કરી હતી. અપીલના પ્રારંભમાં જ મેં મારા મુદ્દા રજૂ કર્યા અને જણાવ્યું કે વિદ્વાન સેશન્સ જજે પોતે જે મંતવ્ય પ્રગટ કર્યું હતું તેના આધાર પર તો તેણે આરોપીને છોડી મૂકવાનો હુકમ કરવો જોઇતો હતો. એમ કહી હું એ આખો ય ચુકાદો વાંચી ગયો, જે ઘણો લાંબો હતો. થોડી વાર દલીલો ચાલ્યા બાદ વિદ્વાન જજે મારા મંતવ્ય સાથે સહમતી જાહેર કરી ને સામેવાળાને જવાબ આપવા જણાવ્યું.

સામેવાળા વકીલ ચતુર્વેદીએ ખૂબ જ બુદ્ધિપૂર્વક જવાબ આપ્યો અને સેશન્સ જજનું મંતવ્ય સાવ ખોટું હતું એમ કહી મેં રજૂ કરેલી દલીલોને સાવ પલટાવી નાખી. તેમણે કહ્યું કે આરોપીને તોફાની ખેડૂતોએ ઘેરી લીધો હતો અને તેનો જાન લેવા બધા તત્પર થઈ ગયા હતા એ વાતનો તો અહીં પ્રશ્ન જ નહોતો. સાચી વસ્તુસ્થિતિ તો એવી હતી કે પોસ્ટમૉર્ટમના અહેવાલ, ઘાની જગ્યા તેમજ બીજી જે જુબાનીઓ પડી છે તે પરથી એમ સાફ પુરવાર થાય છે કે જ્યારે મરનાર આરોપીથી દૂર નાસી જતો હતો ત્યારે ઘણે દૂરથી આરોપી-એ મરનારને પીઠ પાછળથી ગોળી મારી હતી. આ દલીલ ઉમાશંકર બાજપેયીને ગળે ઊતરી ગઈ! તેમણે કાગળો બધા ઝીણવટથી જોયા ને જણાવ્યું કે પોતાના મત મુજબ શ્રી ચતુર્વેદીનું કહેવું વાજબી છે!

બપોરની રિસેસનો સમય થવા આવ્યો હતો. તેમણે મને કહ્યું: 'ડૉક્ટર કટજુ, આ તો ખૂબ ગંભીર બાબત છે. હું માનું છું કે શ્રી ચતુર્વેદીએ બરાબર સાચી વાત પકડી લીધી છે, અને એ રીતે જોતાં તમે તો સમજી શકો છો કે જાનને બદલે જાન લેવાનો પ્રશ્ન ઊભો થાય છે. હું આ સજાને આટલી જ રહેવા દેવાની મંજૂરી નથી આપી શકતો!'

હું તો અવાક્ બની ગયો! મારી આંખો સમક્ષ મિ. આલ્સ્ટનની મૂર્તિ તરી આવી ને આ અપીલ કરવાની હા પાડવા બદલ (અનુ. પૃ. ૯૧)

શ્રી ચન્દ્રવદન મહેતાની

પૃથ્વી-પ્રદક્ષિણામાં બંધાએલી અંતર-ગઠરી · ૩

શામળી અને ગોરી



લાઇપઝિકમાં ઓપેરા કોલોકયમ વેળા આબા અને ગ્લાસર (વચ્ચે)

બ્રેડાને મારીબોરમાં મળીને એની સાથેની પ્રીતની લેણદેણ ચૂકવીએ, તે પહેલાં આ મદીલી નગરી વિયેનામાં જ ફરી એક વાર જરી ઠરીઠામ થઈ સૂઝન અને આબાની વાત ઉકેલી લઇએ. સૂઝનનો તાંતણો પકડીશું તો એની સાથે વણાએલો પામેલા મકરોરી-નો તાણો પણ ઉકેલવો પડશે. ના જી, ગૂચ કશી નથી, પણ સૂઝન ને પામેલા બંનેનાં એક જ ઘડીએ મારી સાથે લગ્ન લેવાએલાં, એટલે એ બેને અળગાં નહિ કરી શકાય. એમાં પહેલાં આબાની વાત સાંભળી લઇએ. સીસમના લાકડા જેવી કાળી ચામડીની આ અમારી આબા અમને લાઇપઝિકમાં ઓપેરા કોલોકિયમમાં મળી હતી. ત્યાં જ તો વળી મારીબોરના ક્રેલિક સાહેબ અને એની વહુ યાન્યા મળ્યાં હતાં. ક્રેલિકને લીધે બ્રેડા સાથે ઓળખાણ થઇ, બ્રેડાની ઓળખાણે એરિકાની ઓળખાણ થઈ. એક શાખામાંથી બીજીને ફૂટતાં ક્યાં વાર લાગે છે?

આબા શામળી, પણ સ્વચ્છ ચામડીની. ગજબની કામણગારી. નીતરતી આંખોમાં ભર્યાભર્યા ભાવની ચમકવાળી, તાઝગીથી ભરપૂર જીવન જીવવાવાળી, ડગલે ને પગલે હાસ્ય વેરતી, ઘાનાના ઉચ્ચારે રગદોળાએલું મીઠાશવાળું અંગ્રેજી બોલતી, સંસર્ગમાં આવે એમનાં સહજમાં દિલ જીતી લેતી સુંદર છોકરી! ચંચળ નહિ, ચબરાક ખરી. નખરાળી નહિ, સ્વસ્થ; રખડેલ નહિ, પોતાના અભ્યાસમાં મગ્ન; રમતિયાળ નહિ, પણ આસપાસનાઓનાં મન રમતાં કરી દે એવી, મીઠી છોકરી. જર્મનીમાં હમ્બોલ્ટ યુનિવર્સિટીમાં ભણે. આ ઓપેરાના ચર્ચામેળામાં અક્રા યુનિવર્સિટીમાંથી આવેલી પ્રતિનિધિ. હું તો ઉપપ્રમુખોની લંગારમાં જડાએલો બેસી રહું. પણ નજરનો ટશકો તો ચર્ચા દરમ્યાન એની ઉપર જ ઠેરવ્યા કરતો.

અમે નિવાસ માટે બે હોટેલોમાં વહેંચાએલાં. આબા અમારી હોટેલમાં. ત્યાં સ્ટૅકહોમનો નવજુવાન ગોરોગટક ઍતિયન ગ્લાસર પણ રહે. મારો વા'લો ભારે જાદુગર; અને કુનેહબાજ કારીગર. રોજિંદો ચર્ચાચોતરો પત્યા બાદ, સાંજે લાઈપઝિકની નવી બંધાએલી અદ્યતન ઓપેરામાં વાગ્નરનું 'લોહેનગ્રીન' હોય કે વર્દીનું 'ઑથેલો' હોય. એ જોવા કોણ ન જાય? થીએટરને આંગણે સરસ સરભરા, સગવડભરી ટિકિટો, પરદેશીઓનું અલાયદું સ્વાગત એમાં સંજોગોવશાત્ ઍતિયન, આબા ને મારી ટિકિટો સાથે સાથે. એશિયા, આફ્રિકા ને યુરોપના ત્રણ પ્રતિનિધિઓ; એક જૈફ, બે જુવાન જીવડા.

આપણે એ ઓપેરાની–જૂનીનવીના સમન્વયની, એની રજૂઆતના સિદ્ધાંતો અને એની વિવેચનાના નિયમો કે એની નીતિની તાત્ત્વિક ચર્ચામાં નહિ ઊતરીએ; યુરોપમાં આજે અજોડ અને અનોખા એવા ઓપેરાના વિષયમાં નિષ્ણાત ફેલ્સ્ટેન્સ્ટાઈનના વ્યક્તિત્વ કે એના જ્ઞાનની ચકાસણીમાં પણ નહિ ઊતરીએ; પરંતુ આબા અને ગ્લાસરે ચારપાંચ દિવસમાં જે પ્રીતપર્વ માણ્યું એની ઊડતી ખબર લઈ લઇએ. ગ્લાસરે મને લિફ્ટમાં પહેલી રાતે જ કહ્યુ હતું કે, આબાની આંખથી એ ઘાયલ થઈ ગયો છે; એની કાજળવરણી કાયાએ એની આખમાં સુરમાની સળી ફરી ગઈ હોય એવી કાતિલ અસર કરી છે. મેં હસતાં કહ્યુ કે 'તો પ્રોપોઝ કરો—અને એના પિતાની મંજૂરી લેવા ઘાના ઊપડો.' બીજે દિવસે નાસ્તા વખતે સવારે બંને મારા ટેબલ ઉપર આવીને બેઠાં. મેં કહ્યું: 'તમે બંને આપસઆપસમાં મેળ સાધી લો, મારી જરૂર નથી.' તો આબાએ હાથ પકડી મને પાછો બેસાડયો... ચાર દિવસનું ચાંદરણું એમ ઊજવાયું. એમાં એકાદ બે વાર આબા મને અલપઝલપ એકલી ભટકાઈ હશે. ત્યારે એના મોં ઉપર તાઝગી અને આંખમાં વધેલી ચમક વર્તાઈ આવતાં વાર નહોતી લાગતી.

બસ, આ જ હકીકત. કોઈ વાર નેહની ભૂલભૂલામણીમાં કિશોર અટવાય છે, તો ઘણી વાર કિશોરી એમાં ગૂંચવાઈ પડે છે. અહીં આબા ભોળી. પણે કિશોરે કૃષ્ણ વર્ણમાં પહેલી વાર ઝગારા મારતું સૌન્દર્ય જોયું, પણ ઘરઆંગણે સ્ટૅાકહોમનાં સૌ દૂધવર્ણાંમાં આ કજ્જલાનો મેળ કેમ બેસાડવો, એની મિમાસણમાં ગૂંચવાયો હશે કે શું? હું તો બે દિવસ પહેલાં ત્યાંથી નીકળી ગએલો. છ મહિના પહેલાંની આ વાત, પછી શું થયું એની મને કશી ખબર જ નહિ. પણ આબા તો મને જોતાં જ દદડી પડી: 'મે'તા! ગ્લાસરે મને ઠગી. અમે લાઈપઝિકથી બર્લિન ગયાં, ત્યાં આઠ દિવસ રહ્યાં. ત્યાં પણ દિલ્લગી કરી, છૂટાં પડતાં અનેક મીઠાં વચનોની લહાણ કરી, પણ મને સ્ટૅાકહોમ લઈ જવાની વાત એણે છેલ્લી ઘડી સુધી અધ્ધર રાખી, ઉડાડયા જ કરી. સરનામાં લીધાંદીધાં. મેં છેલ્લા છ મહિનામાં કંઈ નહિ તો યે સો કાગળો લખ્યા હશે, પણ એકેયનો જવાબ હજી નથી. હવે તો શું આવે? કેટલો મીઠો છોકરો! પણ કેટલો કઠોર! તમને તો ખબર છે, તમે સાક્ષી છો, હું એને કેટલી ગમતી હતી, એ કેવો મારી પાછળ ઘેલો હતો!'

'આપણે ત્યાં રેસ્ટોરાંમાં બેસીએ' મેં કહ્યું. 'ના, મારે કંઈ ખાવું-પીવું નથી.' 'વિયેનાના વાઇન બહુ પ્રખ્યાત છે' 'ના, મારે જલદી શહેરમાં જવું છે. ત્યાં એકબે જણને મળી મારે પાછા અહીં આવીને રાત્રે પ્લેઈન પકડવાનું છે.' 'ક્યાં જવાની છે?' 'ક્યાં શું? ઘાના, વળી બીજે ક્યાં? ઘેર યુરોપની સઘળી મીઠી સ્મૃતિઓ ઉપર તો એણે દાહ દઈ દીધો. અહીંથી હું રોમને રસ્તે પાછી ઘાના જ જઈશ.'

એની બૅગો ત્યાંના કોઠારમાં રાખી, નોંધાવી અમે ત્રણે બસમાં વિયેના શહેરના પાદરે પહોંચ્યાં ટર્મિનસ સુધી બિચારીનો વાંસો મેં પંપાળ્યો ત્યાં ઉતરીએ એને કામે ગઈ. 'તમે, મે તા, ફ્રેન્ડ કમ ટુ ઘાના. સૂઝન તો આવવાની જ છે. ફ્રેન્ડ કમ.' લગ્નની પ્રથાને તો હું સડી ગએલી માનું છું. એથી લગ્નમાં તો જતો નથી, પણ તું કોઈ સારા ઘરના ગૃહસ્થને શોધી પરણે તો તારા લગ્નમાં હું જરૂર આવીશ આ વચન.'



તરુણ રૉયના 'થીએટર સેન્ટર'માં 'લૂઈ બ્રેઇલ'ની રજૂઆતમાં સૂઝન, ચન્દ્રવદન મહેતા અને પામેલા

'ના ના મિ. મહેતા, હવે હું પરણીશ તો કોઇને નહિ જ. હું હવે થીએટરનો વિષય શીખવીશ, યા થીએટર-વિવેચક થઈશ. બાય, બાય !' અને આબાને જતી અમે જોઈ રહ્યાં. અમારી આંખ સજળ બની ગઈ.

સૂઝન બ્લૉક એક અમેરિકન વિદ્યાર્થિની. એકાદ ફાઉન્ડેશનની શિષ્યવૃત્તિ લઈ ભારતમાં વર્ષભર ભણવા આવી હતી, તે વડોદરા યુનિવર્સિટીમાં શીખવે ને ભણે. શીખવે અંગ્રેજી, શીખે આપણું નાટ્યસાહિત્ય. એમાં ખાસ અભ્યાસ કરે ટાગોરની કૃતિઓનો. એની સાથે એની બેનપણી પામેલા મકરોરી. એ અસલ સ્કૉટલૅન્ડની હોઈ વડોદરા હૉસ્પિટલમાં બે વર્ષ માટે કામ કરવા આવેલી. સ્કૉટલૅન્ડના ડૉક્ટર રેમંડ મિલ્સ એને લઈ એક દિવસ મારે આંગણે ચડી આવ્યા અને એને પણ સૂઝનનો અભ્યાસક્રમ ભણાવવા સૂચના કરી ગયા. આમ સૂઝન ધોરણસરની વિદ્યાર્થિની હતી, પામેલા મરજિયાત વિદ્યાર્થિની હતી. એક અમેરિકન જ્યૂ બીજી અમેરિકન સ્કૅાચ. બંનેને ભારે સહીપણાં હતાં એ વડોદરામાં જાણીતી વાત હતી. પામેલાની દાદીમા અમદાવાદમાં સરકારી ખાતામાં આંકડાશાસ્ત્રનું કામ કરે. એને પણ અમે, એ રીટ્ઝ હોટેલમાં રહેતાં ત્યાં, મળવા ગયાં હતાં.

એક વર્ષ માટે એ બંનેએ મારી સાથે ટાગોરનો અભ્યાસ કર્યો. 'કચ-દેવયાની' તો અંગ્રેજીમાં ભજવી પણ બતાવ્યું. વર્ષાન્તે એ બંને અને બીજી એવી બે ત્રણ અમેરિકન બહેનપણીઓ હિન્દની સફરે ઊપડી. બંને કલકત્તાથી હિન્દની ભૂમિ છોડવાની હતી, એથી એ જ નાતાલમાં હું કલકત્તામાં ત્રણ દિવસ મારાં ભાષણો હોઈને કલકત્તામાં મળી આખરી વિદાય લેવાનું ઠરાવ્યું હતું.

સૂઝનને મારા મિત્રમંડળમાં ઘણાં ઓળખે છે. ૧૯૬૪માં વડોદરા હતી ત્યારે એક વાર સૂરત પણ આવી હતી. સપ્ટેમ્બર મહિનામાં સૂરતમાં એક સાંજે મારાં બે કે ત્રણ ભાષણો હતાં. એક તો સૌ. ધ્રુવલતા પારેખના પ્રમુખપદે ભગિની મંડળમાં, અને તે જ સાંજે રોટરી ક્લબમાં જમણ-ભાષણ હતું ત્યાં, બંને પ્રસંગોમાં કાર્યકર્તાઓએ એને મોખરે બેસાડી હતી. પામેલા મુંબાઈ મારી માનેલી મા સૌ. પદ્માને ત્યાં આવી ગઈ હતી. સૌ. પદ્માના વર વસંત શાહના પિતરાઈ રસિકભાઈ, સ્વ. મોતીચંદ ગિરધરલાલ કાપડીઆના ચિરંજીવી, કલકત્તામાં રહે, ત્યાં પામેલા ને સૂઝન બંને જમી ગયાં હતાં. વળી આપણા નવા નવલકથાકાર નાટકકાર શિવકુમાર જોષીને તો આપ સૌ ઓળખો ને? એમના પરમ મિત્ર કનુભાઈ અને સૌ. જ્યોતિબેન ભાલરિયાને સાહિત્ય પરિષદમાં નિયમિત હાજરી આપનારાઓ પણ ઓળખે જ.

...પણ આ બધી ઓળખાણોની ઝડી વરસાવવાનું કંઈ કારણ? ભાઈ, જરા થોભો તો ખરા! આપણે વિયેના જેવી મદીલી નગરીમાં ખોટકાયા છીએ, કંઈ વેરાન-જંગલમાં નથી પડયા. જરા પાછલો હિસાબ ખતવી દઇએ તો આગળ ચોપડે નોંધણી કરવી સુગમ પડે. ઠીક, કલકત્તામાં શિશિર ભાદુરીનું નામ તો સાંભળ્યું છે, ખરું? બહુ મશહૂર નટ થઈ ગયા. એને મળ્યાના આનંદની વાત આપણે અગાઉ કરી ગયા છીએ. એ વીશીની આસપાસની કથા. પણ આ ત્યાર પછીના ત્રણ દાયકાઓ બાદ એના શિષ્યગણોમાંથી શંભુ મિત્ર પ્રખ્યાત, અને એની પછી આપબળે યુરોપ જઈ નાટક-અભિનયનો અભ્યાસ કરી પોતાની સંસ્થા શરૂ કરનાર તરુણ રૅાય. શંભુબાબુ અને તરુણ ભૈયા, બંનેનાં રંગમંચનાં આયોજન ભાલો—સુંદર. નિજનિજ નાટ્યનીતિને અનુસરી વાક્ધારાની નિર્ઝરી વહેવડાવી અભિનયનાં વિવિધ રૂપો સાથે રંગમંચ ઉપર ચિત્તાકર્ષક આયોજનો રજૂ કરે. જુઓ શાહજહાં, નિશાચર રાજા, રાજા ઇડિપસ...અને હજી અવનવાં રચાતાં જાય છે તે. શંભુ મિત્ર સાથે મારે મૈત્રી ખરી, પણ તરુણ ભૈયા જોડે તો અતિ નિકટનો સ્નેહસંબંધ. એની પત્ની તો વળી અભિનયમાં સહચારિણી. હું એને દીદીમા કહું, અને એ મારી ચરણરજ માથે ચડાવે. તરુણ રૅાયનું બીજું સ્વરૂપ તે ધનંજય બૈરાગી. મારો વા'લો જરા ય વૈરાગી નથી. ધનંજય બૈરાગીને નામે નવલકથા લખે, એમાં કમાય તે રંગભૂમિ પર અખતરા કરવામાં ખરચે. પણ અહીં ક્યાં એની જીવનકથા લખવી છે?

પણ તરુણ રૅાયનું ઘર જોવા જેવું છે. ત્રણ મજલામાં ત્રણ ભાઈઓ રહે. ભોંયતળિયે તરુણ ભૈયાએ બાંધેલી નાનકડી નાટકશાળામાં નાટકો ભજવે. 'થીએટર સેન્ટર'ને નામે એ પ્રસિદ્ધ. ત્યાં ગુજરાતી તેમજ બંગાળી મિત્રમંડળ સમક્ષ જગ્યા નાની હોવાને કારણે એક પછી એક એમ 'લૂઈ બ્રેઇલ'ની એકોક્તિના બે પ્રયોગો કર્યા. ફ્રાન્સમાં નોંસી નગરીમાં યોજાએલા થીએટર ફેસ્ટિવલમાં હું જ્યૂરીમાં બેસતો, ત્યાં બે ફ્રેન્ચ કન્યકાઓની મદદ લઈ આલીશાન થીએટરમાં એ મેં ભજવેલું. એ અહીં બ્રેઈલના પૂતળાની આસપાસ બે કન્યકાઓમાં સૂઝન અને પામેલાને બેસાડી ભજવ્યું હતું. ઘણાં ઓળખીતાં હાજર હતાં. મિત્રો પણ. એક પ્રયોગ છ વાગ્યે અને બીજો પ્રયોગ સાત વાગ્યે. ભજવ્યા બાદ અમારી આખી મંડળીએ તરુણ ભૈયાની અગાશીમાં એના મહેમાન તરીકે ભાવતાં ભોજન આરોગ્યાં હતાં.

મશહૂર બંગાળ ક્લબમાં રસિકભાઈ અને એમનાં વહુ સૌ. સુભદ્રા કાપડિયાએ ભોજનસમારંભ યોજ્યો શિવકુમાર જોષી કુટુંબ, કનુભાઈ ભાલરિયા કુટુંબ અને તરુણ રૅાય કુટુંબ, ઉપરાંત પામેલા સૂઝન અને હું. પેલી બે અમેરિકન છોકરીઓની શિવકુમારને ઓળખાણ કરાવી, અને વાદે વાત ભમરાવા મંડી. સૂઝન પૂછે છે; 'જોષી એટલે શું?' નાટકકારનું બ્રહ્મ સ્વરૂપ મોખરે પ્રગટ્યું, અને બ્રાહ્મણ ધર્મની ચર્ચામાં વાતે વળાંક લીધો. સંસ્કૃત અને મંગલાષ્ટકની સમજણમાંથી લગ્ન ઉપર પરિસંવાદ યોજાયો. હાજરજવાબીમાં તરુણ ડર્યો જાય એવો તો નહિ જ. શિવકુમાર તો ચર્ચાના સૂત્રધાર. એમાં પેલી બે અમેરિકન પોટ્ટીઓ પણ ગાંજી જાય એવી નહોતી. કલકત્તાની બંગાળ ક્લબનો બહારનો વિશાળ ખંડ, એ પણ કોઈ મંડપ કરતાં ઓછો ઊતરે એવો તો નહિ જ. ભોજનને હજી વાર, રસિક વરે શી યે વાનગીઓ બનાવવા સૂચના આપી હશે, તે ટેબલ હજી સજાવાયું નહોતું. ઠંડાં પીણાં ચર્ચા-

ની વેદીમાં ચેતના જાળવી રાખવા ઇંધણનો ધર્મ બજાવી રહ્યાં હતાં.

ત્યાં શકુન્તલાની વાત નીકળી, તે મંગલાષ્ટકના શાર્દૂલમાં સરકવા માંડી. શિવકુમારને એના ધર્મની પૃચ્છતાછ તો ચાલુ જ હતી, એમાં એમણે લગ્નક્રિયા કરાવવાની વાત પણ કહી. 'અત્યારે કરી શકો એ ક્રિયા?' સૂઝન પૂછે છે, અને શિવકુમાર હા કહે છે. અને ઉમેરે છે કે એ માટે વર અને કન્યા હોય તો પરણાવી આપું. સૂઝન કહે, હું પરણવા તૈયાર છું. શિવકુમાર પૂછે છે 'વર ક્યાં છે?' સૂઝન કહે 'ચન્દ્રવદન!' શિવકુમાર પૂછે 'એ તમને પરણવા તૈયાર છે?' સૂઝન કહે છે 'હા, જો તમે લગ્ન કરાવતા હો તો અમે પરણવા તૈયાર છીએ. અમે, એટલે પામેલા અને હું બંને.' 'પણ કોને? બંને ચન્દ્રવદનને?' 'હા, અમે બંને જે કરીશું તે હમેશાં સાથે જ કરીશું. તમે ક્રિયા શરૂ કરો. અમારે ચન્દ્રવદનની રજા લેવાની જરૂર નથી. અમે એમને ઓળખી છીએ.'

શિવકુમાર જોષીના કોઈ કુટુંબીજને, યા વડીલોમાંથી કોઇકે કે કેટલાકે લગ્નવિધિ યા બીજી એવી શુભ ક્રિયાઓ કરાવી હશે, પરંતુ મારી રંક સમજ પ્રમાણે શિવકુમાર જોષીનું પોતાનું લગ્નક્રિયા કરાવવાનું તો આ પ્રથમ પરાક્રમ જ હશે. ભૂદેવ ઊઠ્યા. લગ્નવિધિ લલકારવા લાગ્યા. ત્યાં જ બંને કન્યાઓને વરની સામે બિરાજમાન કરી, ચારપાંચ જે બહેનો હતી એમણે મંગલાષ્ટક ગાવાં શરૂ કર્યાં, ત્યાં જ એકની સાથે બેનો એક જ ઘડીપળે હસ્તમેળાપ કરાવાયો. ક્લબમાં આવતાજતા સજ્જન-મહાજનોમાંથી કોઈ કુતૂહલથી, કોઈ ઓળખાણની રૂએ સાક્ષી સ્વરૂપે હાજર રહ્યા. રસિકભાઈ, તરુણ ભૈયા અને કનુભાઈ તો સાક્ષીમાં હતા જ. હું કંઈ કરોડપતિ તો નહોતો જ; પણ કોઈ કરોડ-પતિ કે એનો દીકરો, ઉતાવળને લઇને કે ક્રિયાવિધિમાં પૂરતી શ્રદ્ધાના અભાવે, ઝપાટાબંધ લગ્ન કરાવવા વિધિને જેટલો ટૂંકાવાય તેટલો બ્રાહ્મણો ટૂંકાવી આપે છે એમ, શ્રી શિવકુમારે બે-પાંચ શ્લોકોમાં ચારપાંચ પ્રક્રિયાઓ કરાવી લગ્નવિધિ ઊજવી નાખ્યો! ઉદાર ભૂદેવે, આ તો સ્નેહથી–લાગણીથી ક્રિયા કરાવતા હતા એટલે, યજમાન પાસે કશી દક્ષિણા પણ માગી નહિ, અને પરણનાર વર અને એની બે વહુ-ઓને, તત્ક્ષણ કોઈ હાજર ન હોવાને કારણે ભેટ-ચાંલ્લો મળ્યો નહિ, એમ પૈસાની બંને બાજુની કશી લોલુપતા વિના આદર્શ લગ્ન થઈ ગયાં! રસિકભાઈનું ભોજન વધારે સ્વાદિષ્ટ, સૌને હમેશનું યાદ રહે એવું બની ગયું. હા, યાદ છે; ત્યાં કોઈ મારાથી મોટી ઉમરનું એક પણ હતું નહિ, છતાં પરણીને શિરસ્તા મુજબ બે વહુઓ સાથે મારે બધાંને પગે લાગવું પડ્યું અને આશીર્વાદ લેવા પડ્યા!

લગ્નક્રિયા કરાવવામાં ભોજનનો સમય જરા મોડો થયો; પણ ભોજન પણ લાંબું ચાલ્યું. બધાં જ ખુશખુશાલ હતાં. કનુભાઈ ભાલ-રિયાની, પરણવાની વયને ઉંબરે પહોંચેલી દીકરી આશાને મનમાં પરણ-વાના કોડ જાગ્યા કે નહિ એની અમને ખબર ન પડી; કારણ અમારા ભૂદેવ ગુરુશ્રી શિવકુમારે તરત મુહૂર્ત કાઢી, અમારે હવે હનીમૂન માટે ઊપડી જવું એવી સૂચના કરી! રાત ઠીક વીતી ગઈ હતી. ગાડીઓ તો સારી સંખ્યામાં હતી, અમારે ત્રણને ફાળે એક ગાડી આવી. એમાં, મોડી રાતને કારણે કોઈ વાંચનાર નવરું નહિ મળે એ હિસાબે 'ન્યૂલી મૅરિડ'નું પાટિયું માર્યા વિના, અમે બંને છોકરીઓના હોસ્ટેલ-ઉતારા પર જઈ, સામાન એકઠો કરી, બંને સવારના ચારના પ્લેઈનમાં બરમા-થાઇલૅન્ડ-જાપાન તરફ જવાની હોઈ, મારતી મોટરે મળસ્કે એરપોર્ટ પર પહોંચ્યાં. ત્યાં ફરી હવે નથી મળવાનાં એમ ગણતરી કરી, 'ટા ટા' 'બાય બાય' કહી, જરા ભારેખમ હૈયે બંને વહુઓને વિદાય કીધી, ને સવારની ચાને ટાણે હું સમયસર રસિકભાઈને ત્યાં પાછો ફર્યો. (ચાલુ)

અનુસંધાન] **માનવજીવન હોડમાં** [પૃ. ૮૮ થી

મારી જાત પર ધિક્કાર છૂટ્યો. રિસેસમાં અર્ધા કલાક માટે અદાલત બરખાસ્ત થઈ. હું આરોપી પાસે ગયો. એ ઊંચો પહોળો વિશાળકાય માણસ હતો. તેને એક બાજુ લઈ જઇને મેં કહ્યું કે હવે તો જરા પણ આશા નથી લાગતી. ઊલટું હું માનું છું કે જો ત્રણ જ વર્ષની સજામાં પતી જાય તો તમે ખરા નસીબદાર, બાકી જજ તો સજા કેમ ન વધારવી તે માટે નોટિસ કાઢવાના નિર્ણય પર આવ્યા લાગે છે. હવે તો તમે કહો તો જજને કાંઈક નરમ પાડવાની કોશિશ કરું અને વિનંતી કરું કે અપીલ કાઢી નાખવી અને વધુ સજા માટેની નોટિસ પણ ન કાઢવી. પરંતુ તેમાં ઊલટું પરિણામ પણ આવી શકે છે.' આરોપીનો એ ચહેરો આજે પણ મારી આંખો સમક્ષ તરી આવે છે. એ તો બેબાકળો થઈ ગયો. પછી કાંઈક અટકીને બોલ્યો: 'તમને જે યોગ્ય લાગે તે કરો. હું ત્રણ વર્ષની સજા ભોગવવા તૈયાર છું. મારા નસીબમાં એમ લખ્યું હશે.'

અદાલત પુનઃ બેઠી એટલે શ્રી જસ્ટીસ બાજપેયીએ મને કહ્યું: 'ડૉ. કટજુ, રિસેસ દરમ્યાન મેં આ બાબત પર ખૂબ વિચાર કર્યો છે અને હું એવા નિર્ણય પર આવ્યો છું કે સજા વધારવાની નોટિસ કાઢવી. હું નથી ઇચ્છતો કે આ સજા આટલી જ રહે. આ તો ખૂબ ઓછી સજા છે.' મેં તેમને ઠંડા પાડવાનો પ્રયાસ કર્યો કે 'આમે ય બે દિવસ તો દલીલો કરવામાં વીતી ગયા છે અને આવી નોટિસ કાઢ-વામાં નાહક અદાલતના કીમતી સમયની બરબાદી થશે. માટે જો આ મુકદ્દમાને છે એમ ને એમ જ રહેવા દેવામાં આવે તો તેથી શું ન્યાય-નો હેતુ નહિ જળવાય?' પરંતુ જસ્ટીસ બાજપેયી પોતાના નિર્ણયમાં અચળ રહ્યા અને હુકમ લખી પણ નાખ્યો! મારી દશા તો સાવ દયા-મણી બની ગઈ; અને મને થયું કે તેમને પણ કાંઈક મારી એ હાલત-નો ખયાલ આવી ગયો હતો. તેમણે કહ્યું: 'ડૉક્ટર કટજુ, સામાન્ય નિયમ મુજબ આ મુકદ્દમો રજાઓ દરમ્યાન છ અઠવાડિયાં બાદ ફરીથી મારી સમક્ષ રજૂ થાત; પરંતુ તેમ થતાં તમારી રજાના દિવસો બરબાદ થઈ જશે. તેથી હું મારા હુકમમાં એમ લખું છું કે આ મુક-દ્દમો એવા બે જજ સમક્ષ રજૂ કરવો કે જે બેન્ચનો હું સભ્ય નથી.'

આટલી મહેરબાની માટે મેં તેમનો આભાર માન્યો. જીવનમાં મને ક્યારે ય આવો ભીષણ અનુભવ નહોતો થયો; અને રજાઓમાં હું જગન્નાથપુરી આરામ માટે ગયો હતો, છતાં સજા વધારવાની આ નોટિસના સ્મરણથી મારી મોટા ભાગની રજા બેચેનીમાં જ વીતી.

ઑગસ્ટમાં અદાલત ઊઘડતાં જસ્ટીસ હૅરિસ તથા જસ્ટીસ રિછપાલસિંહ સમક્ષ અપીલ રજૂ થઈ, અને મારી સામે હતા એ જ શ્રી ચતુર્વેદી. અહીં પણ પહેલાંની જ દલીલ અને મુદ્દાઓ મેં રજૂ કર્યા ને છેવટે મેં વિદ્વાન જજો સમક્ષ નીચલી અદાલતનો ચુકાદો રજૂ કર્યો. જેવું મારું બોલવું પૂરું થયું કે શ્રી જસ્ટીસ હૅરિસ બોલ્યા: 'બેશક, આ બધું ખોટું છે. આમાં સજા કરવી એ જ ખોટું છે. આ મુકદ્દમો અમારી સમક્ષ આવ્યો જ શી રીતે? આમાં તો માત્ર ત્રણ જ વર્ષની સજા છે; આ તો કોઈ એકલા જજ સમક્ષ જ રજૂ થવો જોઇતો હતો.'

મેં કાંઈક ચતુરાઈ સાથે જવાબ આપ્યો કે 'શ્રી જસ્ટીસ બાજપેયી-એ એવો વિચાર કરીને સજા વધારવાની નોટિસ કાઢવાનો હુકમ કર્યો હતો કે જો બન્ને જજો સજા કરવી જરૂરી છે એવા નિર્ણય પર આવે તો સંભવ છે કે તેમને આ સજા ઘણી જ ઓછી લાગે.' પરંતુ વિદ્વાન જજો તો ખૂબ જ અસંતુષ્ટ હતા અને તરત જ બોલી ઊઠ્યા: 'પણ આ તો સાવ સીધોસાદો મામલો છે. આમાં તો સજા કરવી એ જ સર્વથા ખોટું છે.' એટલું સાંભળતાં જ હું તત્કાલ બેસી ગયો.

આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મૂકવામાં આવ્યો!

ભરતનાટ્યમ્‌ની પૂર્વભૂમિકા

લેખક
સુનીલ કોઠારી

પગેરું કાઢવા જઈએ તો મોહેં-જો-ડેરોમાંથી મળી આવેલી બે ખંડિત પ્રતિમાઓ તે કાળે પણ ભારતમાં નૃત્યકળા પ્રચલિત હતી તેનો પુરાવો આપે છે; જ્યારે વર્તમાન ભરતનાટ્યમ્‌નો ઇતિહાસ નોંધીએ તો તે માંડ ચારેક દાયકાનો ગણાવી શકાય.



મોહેં-જો-ડેરોમાંથી મળી આવેલી નર્તકીની પ્રતિમા

ભરતનાટ્યશાસ્ત્રને જો કોઈ કળાઓ અનુસરતી હોય તો તે નૃત્ય ને સંગીત-કળા. આપણે જે રસસિદ્ધાંતોથી પરિચિત છીએ તે સિદ્ધાંતોનો સીધો વિનિયોગ આપણને નૃત્યકળામાં થતો જોવા મળે છે. ભારતની ચાર ભિન્ન પ્રમુખ નૃત્યશૈલીઓ—ભરતનાટ્યમ્, કથકલી, કથક અને મણિપુરી વસ્તુતઃ ભરતનાટ્યશાસ્ત્રના સિદ્ધાંતો પ્રમાણે જ ઘડાએલી છે; કેવળ તે દરેકની રજૂઆત અને સ્વરૂપ જુદાં છે.

અગાઉ 'કુમાર'માં જોઈ ગયા છીએ કે રાષ્ટ્રીય ચેતના જાગૃત થતાં સ્વાતંત્ર્યપ્રાપ્તિ પૂર્વેના દાયકાઓમાં ભારતીય કળાના પુનરુત્થાનનો યુગ બેઠો. ઉદયશંકર, રામગોપાલ, મૃણાલિની સારાભાઈ, શાંતા રાવ વગેરે કલાકારોના પરદેશપ્રવાસો, રુક્મિણીદેવી, ઈ. કૃષ્ણ આયર વગેરેના ઐતિહાસિક પ્રયત્નો આદિથી નૃત્યકલા પરત્વે લોકોની અભિજ્ઞતા કેળવાઈ. પરદેશી કળાકારોનો પણ ફાળો નાનોસૂનો ન ગણાય. પાવલોવા, લા મેરી, ટેડ શૉન, રૂથ સેંટ ડેનિસ ઇત્યાદિએ આ સદીના બીજા અને ત્રીજા દાયકામાં ભારતીય નૃત્યો રજૂ કર્યાં. આ બધી પ્રવૃત્તિને કારણે લુપ્તપ્રાય થવા આવેલી કળાને નવું જીવન મળ્યું.

બ્રિટિશ શાસનકાળ દરમિયાન નૃત્યકળાને હલકી ગણવામાં આવતી હતી. એક જમાનો એવો પણ હતો જ્યારે પશ્ચિમનું અનુકરણ કરવામાં આપણે મોટાઈ માનતા. પશ્ચિમનું તેટલું બધું સરું ને આપણું હલકું! ૧૯૨૦-૩૦ના અરસામાં નૃત્યકળાની માઠી દશા હતી. તે એટલે લગી કે આવી અધમ કળાને કશું પ્રોત્સાહન ન મળે તે માટે ઇંગ્લંડથી





થાળી અને ઘડા પર નૃત્ય કરતા સ્ત્રીવેષે સ્વ. શ્રી ઈ. કૃષ્ણ આયર→





ડૉ. આનંદ કુમારસ્વામીએ ઈ. ૧૯૧૭માં પ્રકટ કરેલા નંદિકેશ્વરના 'અભિનય દર્પણ'ના ભાષાંતર સાથે મૂકેલા અજ્ઞાતનામા દેવદાસીનાં કષ્ટપ્રાપ્ય ચિત્રો. ઉપર 'ચંદ્રલેખા જેવી ભ્રમ્મર' દર્શાવતી હસ્તમુદ્રા. ડાબી બાજુ 'અર્ધચંદ્ર' અને 'પતાકા' હસ્ત દ્વારા 'ના, આઘા રહો!'નો ભાવ અને બાજુમાં 'બંસીવાદક કૃષ્ણ'નો નૃત્યાભિનય.



ઈ. ૧૯૩૧માં શ્રી ઈ. કૃષ્ણ આ-યરે ભરતનાટ્યમના કાર્યક્રમ-માં રજૂ કરેલીતીરૂવલપુત્તુરની કલ્ય ણી ભગિનીઓ આરીતે જાહેર ભરતનાટ્યમ્માં ઊતર-નાર એ પ્રથમ સ્ત્રી-કલાકારો હતી. (સ્કેચ કે ઍમ્પ્રોઝ)
←



→
રુક્મિણીદેવી. ભદ્ર બ્રાહ્મણ કુળમાંથી હિંમત કરી જેમણે જાહેરમાં નૃત્યો કર્યાં, એમણે નૃત્યકળામાંથી અધમ અને અભદ્ર અંશો દૂર કર્યા તથા પોશાક, વાજિંત્રો વગેરેમાં ઉચ્ચ રસવૃત્તિ દાખલ કરી.

મિસ ટેનન્ટ નામે નૃત્યાવરોધી ચળવળની અગ્રણી બાઈ ભારતમાં આવી દક્ષિણભારતના સમાજના આગળપડતા સજ્જનો આગેવાનોની સહીઓ ઉઘરાવવા લાગી, અને 'નાચ'ને સદંતર નાબૂદ કરવાની એ પરદેશી સ્ત્રીએ ઝુંબેશ ઉઠાવી. કેટલાયે આગેવાનોએ બેધડક સહીઓ કરી આપી, પેલી સ્ત્રીએ લખેલા પરિપત્રો પર મત્તું માર્યું અને ઉત્તમ સામાજિક સેવા બજાવ્યાનો સંતોષ માન્યો! મદ્રાસમાં દેવદાસી પ્રથાને આથી ભારે ફટકો પડયો અને ભરતનાટ્યમ્ નૃત્યને વંશપરંપર-ગત જે સ્ત્રી વર્ગે મંદિરોમાં દેવપૂજાના વિધિતરીકે સાચવેલું તેની પરંપરા તૂટી. એટલું જ નહિ પણ તેની સામે કાયદો ઘડાયો અને 'દેવદાસી લેજિસ્લેશન' પસાર થતાં ભરતનાટ્યમ્ નૃત્ય સદંતર નાબૂદ થવાનો ભય ઊભો થયો. પરંતુ અણીને વખતે સદ્ગત શ્રી ઈ. કૃષ્ણ આયરે ધીકતી વકાલત છોડી, ગુરુદેવ ટાગોરની સલાહને શિરોધાર્ય કરી નૃત્ય-કળાની પુનઃ પ્રતિષ્ઠા માટે બાકીનું જીવન ગાળવાનો દૃઢ નિર્ધાર કર્યો.

પછી તો દક્ષિણ ભારતમાં તેમણે નૃત્ય તરફી ઝુંબેશ ઉપાડી.૧૯૨૬માં 'સુગુણ વિલાસ સભા'ના પોતે પ્રમુખ કલાકાર હતા. લાગટ છ વરસ લગી પોતે ભરતનાટ્યમ્ શીખ્યા. છાપાંઓમા તેના અતર્ગત સૌંદર્યને વ્યક્ત કરતા લેખો અંગ્રેજી તેમજ તમીળમાં લખ્યા. છ.પાંમાં વર્ષો લગી ઐતિહાસિક ચર્ચા ચાલી. લોકોનો ઉત્સાહ તો માય નહિ અસંખ્ય લોકોએ ચર્ચામાં ભાગ લીધો. આ ઉપરાંત, જાહેરમાં તેમણે સપ્રયોગ નૃત્યવિષયક વ્યાખ્યાનો પણ આપ્યાં. તાંજોરથી અઢાર માઈલ દૂર આ-વેલા મેલદૂર ગામે વિદ્વાન નૃત્યગુરુ નટેશ આયર પાસે જાતે ભરતનાટ્યમ્ શીખ્યા. સ્ત્રીનાં કપડાં પહેર્યાં અને જાતે નૃત્યો રજૂ કર્યા! કોઈ પણ ભોગે આ કળા પરત્વેની ભદ્રસમાજની સૂગ દૂર કરવાનો તેમનો નિર્ધાર હતો; અને ભરતનાટ્યમ્ના ઉપાસકોને જાહેર જનતા સમક્ષ રજૂ કરી તે કળાની શાસ્ત્રીયતા, તેનું ધાર્મિક મહત્ત્વ અને રસાસ્વાદન કરાવી તેની પ્રાણપ્રતિષ્ઠા કરવી એ તેમના જીવનનું ધ્યેય હતું. અને તે સિદ્ધ કરવામાં રાતદિવસ તે મંડી રહ્યા.



ઈ. ૧૯૩૧માં તીરૂવલપુત્તુરની કલ્યાણી-ભગિનીઓને ઈ. કૃષ્ણ આયરે જાહેરમાં ભરતનાટ્યમ્ના કાર્યક્રમમાં રજૂ કરી ત્યારે લોકોનો ભારે વિરોધ ખમવો પડયો. ઈ. ૧૯૩૨માં મદ્રાસના 'ડેઈલી મેઈલ' પત્રમાં નૃત્ય બાબત મોટો વિતંડાવાદ જાગ્યો. દેવદાસી વર્ગના ભ્રષ્ટા-ચારને લીધે આ નૃત્ય હીન કળા છે તે વાતને નૃત્ય-વિરોધી લોકો વળગી રહ્યા. પણ આ કળાવારસો કેટલો મૂલ્યવાન છે તે હકીકત લોકો સમક્ષ છતી થતાં વાર લાગી નહિ. અને એ ઐતિહાસિક વાદવિવાદ પછી ૧૯૩૩ના જાન્યુઆરીની ૧લી તારીખે જ્યારે મદ્રાસની 'મ્યૂઝિક ઍકેડેમી'ના રંગમંચ પર જાહેરમાં કલ્યાણી ભગિનીએ.એ નૃત્ય રજૂ કર્યું ત્યારે લોકોની ભીડ માય નહિ! અને ઉત્સાહની તે શી વાત કરવી?

ખ્યાતનામ ગાયિકા અને નૃત્યકાર બાલાસરસ્વતીનાં માતા જયમ્મા, બાલાના સદ્ગત ગુરુ શ્રી કંદપ્પા પિલે અને બાલાસરસ્વતી (શ્રી જગન્નાથ આદિવાસીના સંગ્રહમાંથી.) ભરતનાટ્યમ્માં ભાવસૃષ્ટિનાં શ્રેષ્ઠ પ્રદર્શક તરીકે બાલાસરસ્વતી વિખ્યાત છે.





ભ.રતીય નૃત્યોની કલાસમૃદ્ધિને પરખનાર રશિયન નર્તકી આના પાવલોવા. રુક્મિણીદેવીને નૃત્ય શીખવાની પ્રેરણા એમણે જ પાઈ હતી જમણી બાજુ: ભ:રતની નૃત્યકલાને પુનઃ પલ્લવિત કરનાર ઉદયશંકર. નીચે: ભારતીય નૃત્યક્ષેત્રે ઉદયશંકર જેવી જ કીર્તિ રળન.ર નૃત્યકાર રામગોપાલ



આ પ્રયોગે ભરતનાટ્યમ્‌ના પુનરુત્થાનમાં અત્યંત મહત્ત્વની ભૂમિકા ભજવી. એમ કહી શકાય કે એ ઐતિહાસિક દિવસથી ભરતનાટ્યમ્‌નો વર્તમાન ઇતિહાસ જુદી રીતે ઘડાવા લાગ્યો.


૧૯૩૪માં કૃષ્ણ આયર બનારસમાં મળેલી ઑલ ઇન્ડિયા મ્યૂઝિક કૉન્ફરન્સમાં બાલાસરસ્વતીને લઈને ગયા. રવીન્દ્રનાથ ટાગોર પણ ત્યાં ઉપસ્થિત હતા. તેમણે જાહેરમાં આ કળાને અને કલાકારને બિરદાવ્યાં અને યુનિવર્સિટીના વ્યાખ્યાનમાં નૃત્યકળાના પુનરુદ્ધાર પર ભાર મૂક્યો. પછી તો બાલાસરસ્વતી વારંવાર ઉત્તર ભારતમાં ભરતનાટ્યમ્ રજૂ કરવા જતાં ભરતનાટ્યમ્ વિષેના ભ્રામક ખયાલો દૂર કરવામાં તેમના નૃત્યપ્રયોગોનું ઘણું મહત્ત્વ છે.

બે વરસ પછી રુક્મિણીદેવીએ નૃત્યાંગના તરીકે જાહેર રંગમંચ પર પ્રવેશ કર્યો. એક રીતે જોઈએ તો આ ઘટનાથી સામાજિક સ્તર પર નૃત્યની ભારે પ્રતિષ્ઠા થઈ. રુક્મિણીદેવી ઉચ્ચ બ્રાહ્મણ કુળની કન્યા હતાં અને થીઑસૉફી વર્તુળોમાં ભારે માન-ગૌરવ પ્રાપ્ત કરી ચૂકેલાં. બાલાસરસ્વતી અજોડ કલાકાર; પરંતુ તેઓ દેવદાસી વર્ગનાં, ને દેવદાસી વર્ગ પ્રત્યેનો લોકોનો પૂર્વગ્રહ દૂર થતાં તો દાયકાઓમાં વાર લાગે. આથી રુક્મિણીદેવીએ જાતે હિંમતપૂર્વક પગલું ભર્યું અને ભરતનાટ્યમ્‌ના પુનરુદ્ધારનું યુગવર્તી કાર્ય આરંભ્યું. ભદ્ર સમાજની બ્રાહ્મણ કુળની કન્યાની આ ધૃષ્ટતાને અનેક વિદ્વાનો સન્મિત્રો અને કલાપારખુઓનો ટેકો હતો. રુક્મિણીદેવીની આંતરસૂઝ અને કળા-પ્રીતિ વિલક્ષણ હતાં. તેમણે નૃત્યકળામાંના અધમ અને અભદ્ર અંશો દૂર કર્યા, પોશાક, વાજિંત્રો, રજૂઆત વગેરેમાં ઉચ્ચ રસવૃત્તિ દાખલ કરી અને 'કલાક્ષેત્ર'ની સ્થાપના પણ કરી. આ બધાંને કારણે દક્ષિણ ભારતમાં ભરતનાટ્યમ્‌ની દૃઢ પાયા પર પુનઃ સ્થાપના થઈ. (ક્રમશઃ)

રંગરમણાના કલાકાર


ગુજરાતી ચિત્રકળામાં સંયોજનાના સ્વામી રવિશંકર રાવળ પછીની પેઢીમાં જેમ કનુ દેસાઈ રેખાની રમણામાં તેમ સોમાલાલ શાહ રંગની લીલામાં વિશિષ્ટતા ધરાવતા કહી શકાય; અને રસિકલાલ પરીખમાં એ ત્રણેનો હૃદ્ય સમન્વય જોવા મળે.

ગયા માસાન્તે ગુજરાત રાજ્ય લલિત કલા અકાદેમીના ઉપક્રમે યોજાએલા એક-વ્યક્તિ પ્રદર્શનમાં સોમાલાલ શાહે (પોતાની ૬૩ વર્ષની વયે ૬૩ ચિત્રો દ્વારા) એ રંગલીલાનો આસ્વાદ અમદાવાદને આપ્યો,—અને અન્ય શહેરોને પણ અકાદેમી એ આપવાની છે.





સોમાલાલની જે રંગાવટે, સ્વાભાવિકરીતે જ, રંગવૈપુલ્યનાં બે ધામ સમાં 'જાનપદી જીવન'ને 'પંખીસૃષ્ટિ'ની આલેખનામાં યથેચ્છ લીલાક્ષેત્ર શોધી લઇને એમને પ્રકીર્તિત કર્યા, એ રંગલગન એમનામાં જન્મજાત છે. એમની ટૂંકી જીવનરેખા 'માધુકરી'માં જોશો.

'કુમાર'ના વાચકો એમની પીંછીથી અપરિચિત નથી; બલકે એમના સર્જનની શરૂઆતથી જ (અનેક નવોદિત કલાકારોની પેઠે) 'કુમારે' એમને પ્રાકટ્ય આપ્યું છે; અને એમના પ્રથમ ચિત્ર 'ફૂલબાળા'થી માંડીને આ અંકમાં પ્રકટ થએલા 'હારણી ચરગ'ના એમના કીર્તિદા પક્ષીચિત્ર સુધીની ૩૭ રંગકૃતિઓને રજૂ કરી છે. ઉત્તેજક માદકતા




'ફૂલબાળા' (જમણી બાજુ ઉપર) એ સોમાલાલનું પ્રથમ રંગીન ચિત્ર 'કુમાર'ના ૬૧મા અંકમાં પ્રકટ થએલું. એ પછી તો ઉત્તરોત્તર એમની છત્રીસ રંગીન કૃતિઓ 'કુમાર'માં આવી ગઈ છે. એમાંની એક બીજી કૃતિ 'ગોધન' (ડાબી બાજુ)માં એમને પ્રિય એવા, ગાયોના ધણ વચ્ચે કિલ્લોલતાં ગ્રામીણ નરનારીઓના વિષયની દ્યોતક છે. નીચે આપેલી ચાર કૃતિઓ એમના છેલ્લા ચિત્રપ્રદર્શનમાંની છે. ડાબી બાજુથી અનુક્રમે: 'ઘાટનાં પગથિયાં', 'ગોકુળમાં કૃષ્ણજન્મ', 'મંદિરનું પ્રાંગણ' તથા 'ગાડાખેડૂઓનો વિરામ' વિવિધ ચિત્રસંયોજનો દર્શાવે છે.













મથાળે 'માયામૃગ' અને નીચે 'બુદ્ધનો ગૃહત્યાગ' · સોમાલાલની ચિત્રસંયોજનાના બે નમૂના



પ્રતીક્ષા · બહુ ઓછી વિગતો બતાવ્યા વિના યે ચિત્રવિષયને સ્પષ્ટતા આપતું ચિત્ર

વિનાનાં ને માનવજીવનની પ્રેરક બાજુ મો અને નિર્દોષ રમ્ય પ્રસંગોનાં એમનાં ચિત્રોમાં રંગાવટની મીઠાશ ને સુકોમળતા સાથે સમર્થ રેખાંકન જોવા મળે છે. એ કલા વાસ્તવિક છતાં કવિતાભર્યું માર્દવ દર્શાવે છે. એ ગુણોની કદરમાં ગુજરાતની સંસ્કારસેવાના બહુમાન તરીકે અપાતો રણજિતરામ સુવર્ણચંદ્રક ઈ. ૧૯૪૯માં એમને અપાયો હતો. આજના માડર્નિસ્ટ કલાકારોની પેઠે (શ્રી શાંતિલાલ શાહ લખે છે તેમ) 'તેઓ ચોંકાવી મૂકવા માટે ચિત્રો નથી કરતા; આઘાત આપવાને બદલે આપણને કોઈ નિરાંતની પળોમાં ગાયબ કરી નાખે છે...ગેરુઆ અને રાખોડી રંગના ગોધણ વચ્ચે ગોઠડી કરતાં ગ્રામીણ નરનારીઓ એ તેમનો પ્રિય વિષય છે. લાક્ષણિક હલક સાથેની પનિહારીઓ, ધરતીનાં ઉપાસક ખેડૂત દંપતી, કડિયાળી ડાંગ ધારતા પૌરુષયુક્ત યુવાનો, કૂવાકાંઠે કે સીમના મારગ વચ્ચે વિશ્રંભવાર્તા કરતી સાહેલીઓ, આથમતા અજવાળામાં પાછા ફરતાં ઓડ કુટુંબો, કામે જતા-આવતા શ્રમજીવીઓની શ્રેણીબદ્ધ ટોળીઓ અને ઘેરાં શ્યામ વસ્ત્રોમાં વીંટાએલી ગૌરાંગી ગોવાલણો એ એમના મનગમતા વિષયો છે.'

એમની જાનપદી કૃતિઓમાં લંડન પ્રદર્શન-





માં મુકાએલું 'છૈયો' એમની પ્રથમ કીર્તિદા બન્યું. એમનું 'ગોવાલણી' પરદેશી એલચીખાતા માટે અને 'નાગદમન' ભારતના રાષ્ટ્રીય ચિત્રાલય માટે મધ્યસ્થ સરકારે ખરીદ્યાં છે. વિવિધ વર્ણભંગી અને રેખાવિન્યાસોથી સંગીતનું વાતાવરણ પ્રસારતી (તેમ ફકસત મૂલ્યની) એમની કૃતિઓ કદાચ કોઈ પણ ચિત્રકાર કરતાં વધારે વેચાઈ છે.

બિહારીલાલ બારભૈયાનાં બાટિક

બિહારીલાલ બારભૈયાની કળાથી તો 'કુમાર'ના વાચકો પરિચિત છે. આ ફેબ્રુઆરીના આરંભમાં મુંબાઈની તાજ આર્ટ ગૅલેરીમાં એમનાં બાટિક-ચિત્રોનું એક પ્રદર્શન યોજાયું હતું. એમાં રજૂ થએલાં બધાં બાટિક ચિત્રો વેચાઈ જવા જેટલું એ સફળ થએલું એ એમણે બાટિકની કળા પર મેળવેલી સિદ્ધિ અને એમની લોકપ્રિયતા દર્શાવે છે.



શાંતિનિકેતનમાં કલાગુરુ નંદલાલ વસુ પાસે કલાભ્યાસ કરી તેઓ વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના ગૃહવિજ્ઞાન વિભાગમાં વ્યાવહારિક કલા શીખવે છે. આ ઉપરાંત, દેશનાં લગભગ બધાં કલાપ્રદર્શનોમાં ભાગ લેતા રહી એમણે અનેક પારિતોષિકો પણ મેળવ્યાં છે. નવી દિલ્હીમાં 'બિરલા-હાઉસ'માં તથા પાર્લમેન્ટગૃહમાં એમણે ભીંતચિત્રો પણ કર્યાં છે. ઈ. ૧૯૫૪થી બાટિક પર અવનવા પ્રયોગો કરતા રહી એમણે જે સિદ્ધિ મેળવી છે તે આ એમનાં છેલ્લાં બાટિક ચિત્રોમાં વ્યક્ત થઈ છે. દરેક માધ્યમને પોતાની અમુક વિશિષ્ટતાઓ તથા કેટલીક મર્યાદાઓ હોય છે. બાટિક એ તો બહુ પ્રાચીન રંગાવટ-કલા હોઈ સામાન્યતઃ કળા કરતાં કારીગરી તરીકે વધુ ખ્યાત રહ્યું છે. પણ એની શક્તિનો પૂરેપૂરો ઉપયોગ કરીને તથા એની મર્યાદાઓને વળોટીને બિહારીલાલે બાટિકમાં જે ચિત્રસર્જન કરી બતાવ્યું છે તે એને કારીગરીના ક્ષેત્રમાંથી કલાસર્જનના ક્ષેત્રમાં ગૌરવપૂર્વક લાવી મૂકે છે.

સામેના પાને: બિહારીલાલનાં બે બાટિક-ચિત્રો. કાપડ પર અવનવી ભાત આલેખવાથી આગળ લઈ જઇને એમણે બાટિકને આવાં કલાસર્જનોનું સુંદર માધ્યમ બનાવ્યું છે.

બાટિક વિષે એમણે એક પુસ્તક પણ લખ્યું છે જેની નોંધ 'કુમાર'ના કલાઅંકમાં પ્રકટ થઈ હતી. હમણાં એ પુસ્તકની બીજી આવૃત્તિ (કિં રૂ. ૫/-) પણ પ્રગટ થઈ છે.

આ માસમાં તેઓ 'ઑઈસ્કા (OISCA) ઈન્ટરનૅશનલ'ના આમંત્રણથી જાપાન જઈ રહ્યા છે. ત્યાંની સાંસ્કૃતિક પરિષદમાં ભાગ લઈ તથા જાપાનની કળાનો પ્રત્યક્ષ પરિચય મેળવી વળતાં અગ્નિ એશિયાનો પ્રવાસ કરી તેઓ પાછા ફરશે.



આ અંકમાં શ્રી રવિશંકર રાવળે આત્મકથાનકમાં જેમનો પરિચય આપ્યો છે એ જગવિખ્યાત ફોટો કલાકાર શાપુરજી ભેદવારનાં બે ફોટોચિત્રો. અરધી સદી પહેલાં આપણે ત્યાં ફોટોગ્રાફી હજી નવીનવી જ હતી ત્યારે એ ક્ષેત્રે એમણે બતાવેલું કૌશલ અને કલદૃષ્ટિ અજોડ ગણાતાં હતાં. (બ્લૉકો: 'નવચેતન'ના સૌજન્યથી)



અગ્રગણ્ય રાષ્ટ્રીય પત્ર અમૃતબઝાર પત્રિકા

લેખક • ગુણવંત છો. શાહ

ગતાંકથી ચાલુ

સમગ્ર બંગાળને હચમચાવી મૂકનાર ને ભારતભરમાં જાગૃતિની ચીનગારી મૂકનાર બંગાળના ભાગલા કરવાના ખરડાના પ્રસંગ વખતે 'અમૃતબઝાર' પાછું પડે એ તો કેમ બને? એ ભાગલા-યોજનાના જનક લૉર્ડ કર્ઝને શરૂઆતમાં તો એને 'નિર્વિવાદ સત્ય' કહીને કશા જ વિરોધને ગણકારેલો નહિ. એ વખતે 'ધ બેંગાલી' અને 'અમૃતબઝાર' બંને અખબારોએ એ વિરોધ-ચળવળની નેતાગીરીમાં મહત્વનો ભાગ ભજવેલો અને એ અખબારોની કચેરીઓ ત્યારના રાજકીય નેતાઓ માટેનું મિલનસ્થાન બનેલી. આખરે લૉર્ડ કર્ઝનનું એ 'નિર્વિવાદ સત્ય' પાછું ખેંચી લેવું પડેલું.

પણ એને પરિણામે જાગેલી આઝાદીની લડતનું આંદોલન તો ચાલુ જ રહ્યું બલકે ધીમેધીમે ગતિમાન થતું રહ્યું, એની સાથેસાથે ભારતીય જનમનને ઘડવામાં ભારતીય અખબારો પણ મહત્ત્વનો ભાગ ભજવી રહ્યાં. રાષ્ટ્રવાદી અખબારોની આ પ્રચ્છન્ન પ્રવૃત્તિથી ચેતી જઈને બ્રિટિશ સરકારે ૧૯૧૦માં નવો અખબારી ધારો પસાર કર્યો અને એની પહેલી તવાઈ 'પત્રિકા' પર જ આવી.

બંગાળના ક્રાંતિકારીઓ વિષેના જાણીતા 'બારીસાલ કેસ' અંગે અગ્રલેખમાં ટીકા કરવાના કારણે થએલા કોર્ટના અધિકારભંગ માટે તંત્રીને શા માટે કારાવાસમાં ન નાખવા એનું કારણ જણાવવાની નોટિસ ૧૯૧૦ના જૂનની ૬ઠ્ઠી તારીખે પત્રિકાને આપવામાં આવી. જોકે પાછળથી 'બારીસાલ કેસ'ને અદાલતમાંથી કાઢી નાખવામાં આવ્યો, પરંતુ એના પરિણામે 'અદાલતી તિરસ્કાર' વિષેનો ધારો અસ્તિત્વમાં આવ્યો. પહેલું વિશ્વયુદ્ધ એ જ અરસામાં ફાટી નીકળેલું એટલે તાત્કાલિક તો એ ધારો પસાર નહિ થએલો પણ પછી ૧૯૨૬માં એને કાયદાનું સ્વરૂપ મળ્યું. આસામના જગતાસી કેસ તરીકે જાણીતા થએલા બનાવની 'અરૂણાચલ આશ્રમ' નામના લેખમાં ટીકા કરવા માટે ઈ. ૧૯૧૩માં 'પત્રિકા' ઉપર નોટિસ બજાવવામાં આવી કે અખબારી ધારા અન્વયે વધારેમાં વધારે જામીનગીરી માગવાની જે જોગવાઈ છે તે અનુસાર રૂ. ૫૦૦૦ પત્રિકાએ સરકાર પાસે અનામત તરીકે મૂકી જવા !




અમૃતબઝાર પત્રિકાના આજના તંત્રી તુષારકાન્તિ ઘોષ. પત્રિકાના આદ્યસંપાદક શિશિરકુમારના એ સૌથી નાના પુત્ર છે

ઈ. ૧૯૧૭માં આશુતોષ મુખરજીને કલકત્તા હાઈકોર્ટની 'ઍપેલેટ બેન્ચ' પરથી દૂર કરવામાં આવેલા. એ બનાવને લઈને 'હાઈકોર્ટની બેન્ચ'ના બંધારણ વિષે લખેલા તંત્રીલેખમાંના એક વાંધાજનક ફકરાને નિમિત્ત બનાવીને સરકારે અદાલતનો તિરસ્કાર કરવાના ગુના



অমৃত বাজার পত্রিকা

(ડાબી બાજુ) અમૃતબઝાર પત્રિકા (સાપ્તાહિક)ના પહેલા અંકનું પહેલું પાનું અને (નીચે) જેના પર એ છપાતું તે હૅન્ડપ્રેસ—હાથ દાબ સંચો. જમણી બાજુ (ઉપર) પત્રિકાએ પોતાની શતાબ્દી નિમિત્તે યોજેલી ધ્યાનસંજ્ઞા જેમાં કલમના બાણનું સૂચક આલેખન છે. તેની નીચે : એ જ સંજ્ઞાનો ઉપયોગ કરી પત્રિકાની શતાબ્દી પ્રસંગે ભારતના તાર-ટપાલખાતે બહાર પાડેલી પંદર પૈસાની ખાસ ટપાલટિકિટ.









ડાબી બાજુથી : અમૃતબઝાર પત્રિકાના આદ્ય સંપાદક (અને જરૂર પડ્યે કંપોઝિટર, પ્રિન્ટર તેમજ શાહી તથા કાગળ પણ હાથે બનાવી લેનાર) શિશિરકુમાર ઘોષ; એમના ભાઈ હેમંતકુમાર ઘોષ અને ગોલપલાલ ઘોષ

માટે 'અમૃતબઝાર'ના તંત્રી અને પ્રકાશક બંને સામે કેસ કર્યા. એની અપીલ સાંભળવા માટે બેઠેલી હાઈકોર્ટની પૂરી 'બેન્ચે' ચુકાદો તો જોકે તંત્રીની તરફેણમાં આપ્યો, પરંતુ પ્રકાશકનો રૂ. ૫૦૦ દંડ થયો.

૧૯૧૯ની ૧૩મી એપ્રિલે બનેલો જલિયાંવાલા બાગનો કરુણ હત્યાકાંડ ભલભલા સ્થિતપ્રજ્ઞ દેશપ્રેમીનું લોહી પણ ઉકાળી મૂકે તેવો હતો. 'અમૃતબઝાર' એમાં કેમ શાંત રહી શકે? 'ભારત કોનું?' અને 'ગાંધીજીની ધરપકડ : વધુ તોફાનો' નામના બે લેખ એમાં તરત જ પ્રગટ થયા અને ૧૭મી એપ્રિલે બંગાળની સરકારે એની પેલી ૫૦૦૦ રૂપિયાની અનામત રકમ જપ્ત કરીને બીજા ૧૦,૦૦૦ રૂપિયાની અનામત તરીકે મૂકવાનો હુકમ કર્યો.

એની વિરુદ્ધમાં 'અમૃતબઝારે' નવી યુક્તિ કરી. ભારતીય પત્રકારત્વમાં પહેલી જ વાર તેણે અગ્રલેખો જ લખવા બંધ કરીને એ જગ્યા કોરી મૂકવા માંડી! ઈ. ૧૯૩૨ના જૂનમાં કલકત્તાની બિશપ કૉલેજના એસ. કે. જ્યૉર્જ નામના એક અંગ્રેજનો 'ભારતની વ્યથા' નામનો લેખ પ્રકટ કરવા માટે ફરી 'અમૃતબઝાર'ની અનામત જપ્ત કરવામાં આવી અને નવી રૂ. ૬,૦૦૦ની અનામત માટે હુકમ થયો. આમ લડત દરમ્યાન અનામતો ભરતા જ રહેવી પડેલી.

'અમૃતબઝાર'ની વધતી જતી લોકપ્રિયતા એના ફેલાવામાં થતા રહેલા વધારામાં ઉત્તરોત્તર વર્તાતી જ રહી. પરિણામે ૧૯૩૩માં એનાં આઠને બદલે દરરોજનાં બાર પાનાં કરવામાં આવ્યાં અને જૂના સાંચાને સ્થાને નવું રોટરી મશીન મૂકવામાં આવ્યું.

બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન બ્રિટિશરોનું તંત્ર કડક બનવા સાથે બંગાળની સરકારે અખબારી નિયંત્રણ માટે ખાસ સલાહકારોની જે નિમણૂક કરી એણે 'અમૃતબઝાર'ના સહયોગી બંગાળી ભાષી દૈનિક 'યુગાન્તર'નો ૧૯૪૨ની ૨૧મી એપ્રિલનો અંક જપ્ત કરવાનો હુકમ કર્યો. એના વિરોધમાં 'યુગાન્તર'નું પ્રકાશન જ બંધ કરવામાં આવ્યું.

એ પછી ઈ. ૧૯૪૨નો ૮મી ઑગસ્ટનો કૉંગ્રેસનો 'હિંદ છોડો' ઐતિહાસિક ઠરાવ થયો, કે લાગલા જ સરકારે એ સમાચાર ન પ્રગટ કરવાના હુકમો અખબારોને મોકલી આપ્યા. સરકારના આવા આપખુદ વલણના વિરોધમાં ૧૭મી ઑગસ્ટે કલકત્તાનાં અખબારોની અને ચાલુ રાજકીય પરિસ્થિતિ તેમજ કેન્દ્રની તથા પ્રાંતોની સરકારના અખબારો ઉપરના અન્યાયી અને અપમાનજનક અંકુશોના વિરોધમાં બધાં અખબારોનું પ્રકાશન સદંતર બંધ જ કરવાનો નિર્ણય લેવાયો. તદનુસાર ૨૧મી ઑગસ્ટથી 'અમૃતબઝાર'નું પ્રકાશન બંધ રહ્યુ અને પંદર દિવસ પછી સંયુક્તપણે સમાધાન થતાં ફરીથી એ પ્રગટ થવા લાગ્યું.


આઝાદી પાકવાના દિવસો નજદીક આવતા ગયા તેમતેમ કોમી હુલ્લડોના બનાવો વધતા ગયા. મુસ્લિમ લીગે ઈ. ૧૯૪૬ની ૧૬મી ઑગસ્ટને 'જિલ્લા પગલાં દિન' તરીકે જાહેર કરેલો. બંગાળની સરકારે તે દિવસે રજા જાહેર કરી. એ સામે પત્રિકાએ દુ:ખ વ્યક્ત કરતાં 'અપ્રમાણિક પગલું' નામનો અગ્રલેખ લખ્યો. 'જિહલા પગલાં દિન'ની તારીખે જ એ પ્રગટ થયો અને એના બીજા દિવસે 'પત્રિકા'માં કરુણ સમાચારો પ્રગટ થયા: 'કલકત્તામાં ટોળાશાહીનું રાજ્ય: ૧૬૧ માણસોની હત્યા અને ૮૦૦ જણ ઘાયલ.' દુ:ખ અને ગુસ્સામાં અમૃતબઝાર'નો તે દિવસનો તંત્રીલેખ પણ 'કોરો' રાખવામાં આવેલો. એ જ રીતે ૧૯૪૬ના સપ્ટેમ્બરમાં બંગાળમાં ફાટી નીકળેલાં કોમી રમખાણોના સમાચાર જરા પણ પ્રકટ ન કરવાની સરકારની સૂચનાને પરિણામે 'પત્રિકા'એ પોતાના ૩૦મી સપ્ટેમ્બરના અંકમાં 'બંગાળમાં તોફાનો' એટલા જ મથાળા સાથે તંત્રીલેખની જગ્યા કોરી રાખેલી.

આઝાદીની સમગ્ર લડત દરમ્યાન 'અમૃતબઝાર'ની અખબારી પ્રગતિ ચાલુ જ રહી હતી. લોકપ્રિયતા અને ફેલાવાનો વધારો થતાં ૧૯૪૩માં એની અલ્લાહાબાદમાં પણ શાખા ખોલીને ત્યાંથી 'નૉર્ધન ઇન્ડિયા પત્રિકા' શરૂ કરવામાં આવી. ભારતના સૌથી વધુ વસ્તીવાળાં અને સૌથી મોટાં બે રાજ્યો—ઉત્તર પ્રદેશ અને મધ્ય પ્રદેશમાં એ અંગ્રેજી દૈનિકનો આજે સૌથી વધુ ફેલાવો છે. વળી પૂર્વ ઉત્તરપ્રદેશમાંથી પ્રગટ થતું એ એક જ અંગ્રેજી દૈનિક છે.


૧૯૬૬ના નવેમ્બરથી ઓરિસ્સા અને આંધ્રની જનતાને વધુ લાભ મળે એ દૃષ્ટિથી, કટકથી પણ 'અમૃતબઝાર'ની આવૃત્તિ શરૂ થઈ છે, જે ઓરિસ્સામાંથી પ્રગટ થતું એકમાત્ર અંગ્રેજી દૈનિક છે.

ભારત અને વિશ્વની મહત્ત્વની સમાચાર-સંસ્થાઓ ઉપરાંત 'પત્રિકા'ના પોતાના ખાસ પ્રતિનિધિઓ પણ દુનિયાભરમાં છે. ઇંગ્લંડના ભૂતપૂર્વ વડા પ્રધાન રામ્સે મૅકડોનલ્ડ જેવા એક વખત 'અમૃતબઝાર'ના લંડન ખાતેના પ્રતિનિધિ હતા. આજે એવા ખાસ પ્રતિ-









મથાળે ડાબી બાજુ: મોતીલાલ ઘોષ, વચ્ચે: પત્રિકાનું કલકત્તામાંનું આજનું મકાન, નીચે ડાબી બાજુ: જેસોર (આજે પૂ૦ પાકિસ્તાનમાં)નું મકાન, જ્યાં ઈ. ૧૮૬૮માં પત્રિકાનો જન્મ થયો; અને જમણી બાજુ: ઈ. ૧૮૭૧માં કલકત્તામાં જ્યાં સ્થળાંતર કરેલું તે હિદયરામ બૅનરજી લેઈન પરનું મકાન. નીચે: શતાબ્દી સમારંભમાં કલકત્તાના ગુજરાતીઓએ પત્રિકાને શુભેચ્છા દાખવતાં ભેટ કરેલું ગુજરાતની તળપદી કળાના નમૂનારૂપ મોતીનું તોરણ ચિત્રમાં ડાબી બાજુથી અનુક્રમે: ત્યાંના ગુજરાતી સાહિત્યમંડળના મંત્રી અમર જરીવાલા, રમણભાઈ શાહ, નવલ કાંગા, રસિકભાઈ દોશી અને કૃષ્ણશંકર શાસ્ત્રી. છેલ્લા: ભેટ સ્વીકારતા તુષારકાન્તિ ઘોષ

નિધિઓ પારી(સ), મૉસ્કવા, વિયેના, વૉશિંગ્ટન, ન્યૂ યૉર્ક, હૉંગ-કૉંગ, સિંગાપુર, સિડની, કાહિરા, બૈરૂત વગેરે મહત્ત્વનાં શહેરોમાં છે. આ ઉપરાંત 'ન્યૂ યૉર્ક ટાઇમ્સ ન્યુસ સર્વિસ'નો પણ એ લાભ લે છે.

અખબારી જગતમાં જેને 'સ્કૂપ' કહેવામાં આવે છે તે મહત્ત્વના અને સનસનાટીભર્યા સમાચાર આગોતરા આપવામાં 'અમૃતબઝાર'નો ઉલ્લેખનીય કિસ્સો આઠમા એડવર્ડના ગાદીત્યાગનો છે. એ બનાવની પહેલાં ચાર દિવસે 'પત્રિકા'એ એ સમાચાર પ્રકટ કરેલા.

ઝડપથી સમાચારો મળે એ માટે 'પત્રિકા'ની પોતાની 'ટેલિપ્રિન્ટર સર્વિસ' દિલ્હી-કલકત્તા, લખનૌ-અલ્લાહાબાદ-કલકત્તા, ભુવનેશ્વર-કટક-કલકત્તા, પટણા-કલકત્તા અને ગૌહતી-કલકત્તા વચ્ચે ચાલે છે. આજે સીધી કે આડકતરી રીતે 'અમૃતબઝાર'ની સેવા કરનારા ભારતમાં લગભગ ૧૦ હજાર માનવીઓ હશે.



પાટાના અન્ય પ્રકારો

લેખક • ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

મસ્તક અને કપાળનો પાટો: ૭ ઈંચ પહોળા અને ત્રણ ફૂટ લાંબા આ પ ટાને મધ્યમાં ત્રણચાર ઈંચ છોડી બન્ને છેડેથી ફાડવો. કપાળ કે મસ્તક પરના ડ્રેસિંગ ઉપર આ પાટાનો વચલો ભાગ મૂકી એના ફાડેલા ચીરાના નીચલા છેડા કાન ઉપરથી લઈને બોચી પર ગાંઠથી બાંધવા, જ્યારે ઉપરના છેડાઓની દાઢી નીચે ગાંઠ મારવી. એ જ રીતે માથાના પાછલા ભાગનો ઘા ઢાંકવા માટે એથી ઊલટો પાટો બંધાય છે (જુઓ આકૃતિ)

માથા માટે ત્રિકોણાકાર પાટો પણ ઠીક રહે છે. આકૃતિ ૩માં દર્શાવ્યા પ્રમાણે ૧) પાટાના પહોળા ભાગે થોડી ગડ વાળવી; ૨) ગડ ઉપરપડતી રહે એમ પાટાને કપાળ ઢાંકતો ગોઠવવો; ૩) છેડાઓ બોચી ભણી લઈ જઈ આંટી મારવી; અને ૪) એને આગળ લઈ જઈ કપાળે ગાંઠ મારવી. છેલ્લે ૫) બોચીનો લબડતો છેડો પાટામાં ખોસી દેવો.

આંખનો પાટો: બે ઈંચ પહોળા પાટાનો છેડો બોચી ઉપર ગોઠવી પાટાનો વીંટો આકૃતિ મુજબ ઈજાવાળી આંખના ડ્રેસિંગની ઉપલી ધાર દબાવે તે રીતે આરંભી, ચારપાંચ ઢળતા આંટા વીંટી, આંખ પરના ડ્રેસિંગને દાબ ન આવે એ રીતે ઢાંકી દેવું.

કાનનો પાટો: આંખના પાટાની જેમ, પણ કાન ઢંકાય એ રીતે આકૃતિ ૫ મુજબ પડખામાં આ પાટો લગાડવો.

દાઢી અને હડપચીનો પાટો: પાટાના બન્ને છેડા ઊભા ચીરી એને ચાર પૂછડીવાળો બનાવવો. ડ્રેસિંગ ઉપર પાટાનો મધ્ય ભાગ ગોઠવી આકૃતિ મુજબ બે છેડા કાન નીચેથી ને બે છેડા માથા પર લઈ જઈ ગાંઠ મારવી.


નાકનો પાટો: ચાર પૂછડીવાળો પાટો લેવો. ડ્રેસિંગ ઉપર પાટાનો મધ્ય ભાગ રાખી દાઢીના પાટા પેઠે પાટાના ઉપરના છેડા કાન નીચેથી લઈ જઈને બોચી પર ગાંઠ મારવી; નીચલા છેડા કાન ઉપરથી લઈ જઈ માથાના પાછલા ભાગમાં ગાંઠ મારવી.

છાતી કે બરડા પર ત્રિકોણાકાર પાટો બાંધવા માટે પાટાનું મથાળું ઈજા પામેલા ભાગવાળા ખભા ઉપર રાખવું. બાકીનો પાટો છાતી કે બરડો ઢાંકી વીંટવો. (પાટાને જરૂર જેટલો નીચે સુધી રાખી વધારાના કાપડની ગડ વાળવી) છૂટા છેડા આગળ કે પાછળ લઈ જઈ ગાંઠ મારવી. આનો એક લાંબો છેડો ઊંચો લઈ જઈ પાટાના મથાળા સાથે ગાંઠથી જોડી દેવો. (જુઓ આકૃતિ)


કમર, ઢગરા કે પેટના નીચલા ભાગનો પાટો: ઘા ઉપર ડ્રેસિંગ મૂકી સાદો ગોળ પાટો વીંટવો. આના ઉપર ત્રિકોણાકાર પાટો ઢાંકવો. આના માટે મોટા ત્રિકોણાકાર પાટાની પહોળાઇનો ભાગ કેડની આસપાસ બાંધવો. કમર અને ઢગરાના ઘા વખતે છેડાઓ આગળ રાખવા. પેટના નીચલા ભાગના ઘા વખતે છેડાઓ પાછળ રાખવા. પછી લંગોટની પેઠે પાટાના મથાળાનો ભાગ વળામાંથી આગળ કે પાછળ લઈ પહોળાઈના છેડાની ગાંઠ સાથે બાંધી દેવો.

જો એક ત્રિકોણાકાર પાટો પૂરતો ન થઈ પડે તો બે આવા પાટાનાં મથાળાં ગાંઠથી બાંધવાં. એ ગાંઠ વળામાં રહે એવી રીતે પાટો ગોઠવી એક પહોળાઈ નો ભાગ પેટ ઉપર લાવી કમરમાં ગાંઠ મારવી અને બીજો પહોળાઇનો ભાગ કમર ઉપર લાવી એની ગાંઠ પેટ ઉપર મારવી.

આંખ, કાન, નાક, ગાલ, હડપચી પર અથવા અન્ય સ્થાન પરના નાના ઘા પરના ડ્રેસિંગ પરતો ઓછીવત્તી પહોળાઈની ઍડહેસિવ ટેપ પણ લગાડી દઈ શકાય. એમાં કડાકૂટ પણ ઓછી છે અને અત્યારે એ કરકસરયુક્ત પણ થઈ પડે છે.



મસ્તક અને કપાળનો પાટો — દાઢી અને હડપચીનો પાટો — છાતી તેમજ બરડાનો ત્રિકોણપાટો



એક આંખનો પાટો — એક કાનનો પાટો



નીચે: માથા માટે ત્રિકોણ પાટો

(હવે પછી: 'લોહી વહેવા માંડે ત્યારે')



'કુમાર' આરંભાયું ત્યારથી શ્રી રવિશંકર રાવળ શરૂમાં 'મિજલસ' અને પછી 'મારી નજરે' નામથી તંત્રીનોંધ લખતા. એના પ્રકારનો ખયાલ આપવા આજથી પચ્ચીસ વર્ષ પહેલાંના અંકમાં એમનો એક લેખ ('આપણે શું ગુમાવ્યું છે?' નામનો) શ્રી મહાવીર જૈન વિદ્યાલયના રજતમહોત્સવ ગ્રંથમાંથી ત્યારે ઉતારેલો તેમાંથી થોડી વાનગી :

આવતી પેઢીને સંસ્કાર આપવાની અને જ્ઞાન પ્રસારવાની ગમે તેટલી ઊંડી ધગશ ને પ્રયત્નો યુનિવર્સિટીના હશે, છતાં એકલાં પુસ્તકો પાછળ જ મચ્યા રહેવાને પરિણામે આપણે મનુષ્યસર્જિત શ્રેષ્ઠ સંસ્કાર, પ્રેરક દશ્યો તથા કળાઓ દ્વારા મળતા પ્રકાશ અને આનંદ ગુમાવી બેઠા છીએ.

કેળવણીનો વ્યાપક અર્થ સંસ્કાર અને સૌંદર્યબુદ્ધિની જાગૃતિ, એમ જેઓ સ્વીકારતા હશે તેઓ શિલ્પ, ચિત્રકળા, મહાલયો અને કુશળ હાથે રચાએલી, વિવિધ સૂચન કરતી ચિત્રભાતો કે ચિહ્નોને નહિ અવગણી શકે. માનવજાતિની મહાપ્રેરણાદાયી કૃતિઓમાંથી અરયોઅરધ તો રૂપ, રંગ કે રેખાઓનાં મંડળોમાં ને આકૃતિઓના મહાભંડારમાં કવિતા સમી લહેરાતી પડી છે. તેનો અભ્યાસ, આદર કે ચિંતન આપણી તરુણ પ્રજાના જીવનમાંથી સમૂળગાં દૂર રાખી, વર્ષો સુધી વાંચેલા જ્ઞાનની ગોખણપટ્ટી પર જ સંસ્કારછાપ આપનાર સમાજે શું શું યે ગુમાવ્યું નથી?

ગુજરાતને શ્રીમંતો અને શ્રીમંતાઈની કદી ખોટ નથી પડી. પણ પાટણના મંત્રીશ્વરોએ આબુ-દેલવાડામાં જે સંસ્કારસમૃદ્ધિના નમૂનાનો વારસો આપ્યો છે, તેવું આજની શ્રીમંતાઈ નહિ કરી શકે તો કાળની ધૂળ તો જગતના સમ્રાટોને પણ છાવરી દઈ શકે છે. શ્રીમંતાઈ કેમ અમર થાય એ શીખવનાર સંતજનો કે આચાર્યો આજે નથી, એટલે જ આજની શ્રીમંતાઈ કેવળ ભાડૂતી ઠાઠ અને નકલી સાજ ઉપર જીવનના ભોગ ભોગવવામાં જ લીન બની છે. એ સાજ અને ભોગમાં નથી પોતાની ઊર્મિ, નથી પસંદગી કે નથી ભોગવવાની આવડત. સ્ટીમરો લાંગરે અને જે કૈં નવું તૂત લેતી આવે તેને આ શ્રીમંતાઈ આવકારે; એ જ તેનું ગૌરવ.

હિંદુસ્તાનના માનવીઓને આંગણે આંગણે સર્જના હતી, કામ કરી બતાવવાની શક્તિ હતી. મુઘલ અને રાજપૂત યુગનાં વસ્ત્રોની કળા, બેઠકો, જડતરકામો, લોટા-પ્યાલા તેમજ વિવધ પાત્રોમાં દેખાતી લાવણ્યમયી રેખાઓ ને રંગાટની કવિતાભરી ચૂંદડીઓ તથા સાડીઓ એ બધાંને આજે મ્યૂઝિયમના નમૂના માત્ર બનાવવાનું પાપ કોને શિરે જાય છે?

પ્રાતઃકાળે ઈશસ્મરણનાં સ્તોત્ર કે ગાન-વૈતાલિકો ઘરઘરથી ગાજતાં, અને માણસ મનને સ્વસ્થ કરી, તનની સ્વચ્છતા ને વસ્ત્રની સફાઈ કરવામાં પરિશ્રમને તંદુરસ્તીનું સાધન માનતો; તેને સ્થાને આજે તે કેમ સૂર્યોદય પછી ઊડતાં ઝુલ્ફાં, સૂજેલી આંખો ને ઘોઘરા સાદે જગતમાં વ્યાકુળતા ને વિરોધ જોતો જ ઊભો છે? એના જીવનનો તાલ બેઠો નથી, એને મનની સુરાવટ મેળવતાં આવડી નથી.

તેણે શું ગુમાવ્યું?

તેનો કોઈ ભારતીય પૂર્વજ અંગત નિત્યકર્મથી પરવારી કોઈ સુંદર દેવમંદિર કે આશ્રમ તરફ રોજ આંટો મારી આવે છે. રસ્તામાં તેને પરિચિત જનોનો ભેટો થાય છે. સામસામા વિનયવ્યવહારથી તે સમાજનો પરિચય દૃઢ કરે છે. તેની આંખ નરનારીઓનાં વિવિધ સ્વરૂપો અને હલનચલનનું માધુર્ય પામે છે. કાન ચારે પાસનાં ગીતો કે વાદ્યોથી તૃપ્તિ અનુભવે છે. ઝરૂખા અને તોરણો, ભીંતચિત્રો અને ભૂમિચિત્રો નીરખતો એ નિત્ય જીવનમાં ઉલ્લાસ અનુભવે છે. એમ ચોપાસની સૃષ્ટિથી ઉલ્લાસિત, પ્રેરિત, ધીર પ્રકૃતિવાળો એ નાગરિક પોતાના ધંધાનું કામ કરવા સાથે જન્મસંસ્કારનાં—દયા, દાન ને પરોપકારનાં કામ પણ કરતો જ જાય છે. તે કુટુંબ ને વ્યવહારથી વિમુખ બનતો નથી. પોતાનાં સુખદુઃખના લહાવા તે ઊર્મિના રંગથી ભોગવે છે. તેનું હૃદય આસપાસના સમાજસંબંધો અને વ્યવહારમાં બહોળું જીવન ખેલી રહે છે. ચડતીપડતી, સ્પર્ધાઓ, આપત્તિઓ કે ઉત્સવો તેને મન જીવનસાગરની લહેરો લાગે છે. દુનિયાપાર કીર્તિ કરવાનો લોભ તેને હોય તે કરતાં દુનિયાપાર વહેવાર બાંધવાને તે વધુ ઇંતેજાર જણાય છે. તેની મહત્ત્વાકાંક્ષા શાંત, સ્વસ્થ મૃત્યુ મેળવવાની હોય છે.

મનુષ્યની પ્રકૃતિ ઉપર આવી અસર કરનારા એ કાળના વ્યવહારો કે બળોનો વિચાર કરીશું તો લાગશે કે જીવનને એક લયમાં ઉતારવા માટે, તાલબદ્ધ ગતિ આપવા માટે, શ્રુતિ સ્મૃતિ અને દર્શન દ્વારા સૌંદર્યબુદ્ધિ જગાડનારાં તત્ત્વોનો આદર એ કાળે સમાજના પ્રત્યેક કાર્ય અને પ્રવૃત્તિમાં વ્યાપક હતો. એ આપણે સ્વીકારીએ તો આપણે આજે શું ગુમાવ્યું છે તે સમજતાં વાર નહિ લાગે. આપણે દૃષ્ટિનો, શ્રુતિનો અને વાણીનો સૌંદર્યપ્રદેશ ગુમાવ્યો છે. રૂપસાગરની લીલાઓ, સ્વરજગતનાં ધ્વનિકંપનો અને અનેકવિધ કલાઓ વગર આપણી શિક્ષા જીવનને શું આપી શકશે? જીવનનો અર્થ ક્યાંથી પ્રકટશે?

સાતમી રાષ્ટ્રીય શતરંજ ટૂર્નામેન્ટ

છેલ્લા ડિસેમ્બર-જાન્યુઆરી માસમાં પૂનામાં સાતમી રાષ્ટ્રીય શતરંજ ટૂર્નામેન્ટ રમાઈ હતી. અગાઉની બધી રાષ્ટ્રીય ટૂર્નામેન્ટમાં દરેક શતરંજ મંડળો તરફથી ચારચાર અને તે અગાઉની છેલ્લી રાષ્ટ્રીય ટૂર્નામેન્ટના ઇનામવિજેતાઓ ભાગ લેતા. એમાં લગભગ ૬૦થી યે વધુ રમનારા થઈ જતાં ટૂર્નામેન્ટ ચૌદ રાઉન્ડની 'સ્વિસ પદ્ધતિ'થી રમાતી હતી.

સ્વિસ પદ્ધતિના ગેરફાયદા જાણીતા છે અને એથી રાષ્ટ્રીય ટૂર્નામેન્ટ 'લીગ પદ્ધતિ'થી રમાય એ વધુ યોગ્ય હોઈ આ વખતથી નવી પદ્ધતિનો અમલ શરૂ થયો છે. એટલે હવેથી આમાં અગાઉની પેઠે દરેક પ્રાંતીય શતરંજ મંડળના ચારચાર ખેલાડી અને આગલી ટૂર્નામેન્ટના ૭ થી ૧૦ નંબર મેળવનાર ચાર ખેલાડી 'નેશનલ બી' ટૂર્નામેન્ટમાં રમશે અને તેઓ 'સ્વિસ પદ્ધતિ'થી રમશે. આ 'બી' ટૂર્નામેન્ટમાંથી પહેલા દસ અને આગલી રાષ્ટ્રીય ટૂર્નામેન્ટમાંથી પહેલા છ એમ કુલ ૧૬ ખેલાડીઓ વચ્ચે આખરી (ફાઈનલ) સ્પર્ધા થશે તે 'લીગ પદ્ધતિ'થી રમાશે.

આ મુજબ ૧૯૬૭ના આરંભમાં રમાએલી પહેલી 'બી' ટૂર્નામેન્ટમાંથી ૧ નાસિર અલી (ઉત્તરપ્રદેશ), ૨ સુબ્રહ્મણ્યમ (મદ્રાસ), ૩ મહમ્મદ હસન (હૈદરાબાદ), ૪ કે. કે. શુક્લ (ઉ. પ્ર.), ૫ મેહરોઝ વાચ્છા (હૈદરાબાદ), ૬ નસિરૂદ્દીન ગાલિબ (હૈદરાબાદ), ૭ શ્રીકૃષ્ણ સાખળકર (મહારાષ્ટ્ર), ૮ કે. રામરત્નમ્ (મદ્રાસ), ૯ વી. એમ. બી. નાવલે (મ્હૈસુર) અને ૧૦ જી. શેખર (મહારાષ્ટ્ર). આ સ્પર્ધામાં રમવાના હક્કદાર હતા.

આ ઉપરાંત, મદ્રાસમાં રમાએલી છઠ્ઠી રાષ્ટ્રીય ટૂર્નામેન્ટમાંથી ૧ રૂસી માદન (મહારાષ્ટ્ર), ૨ મૅન્યુઅલ એરન (મદ્રાસ), ૩ રામચંદ્ર સપ્રે (મહારાષ્ટ્ર), ૪ ફારૂકઅલી (હૈદરાબાદ), ૫ ડી. વી. રંગારાવ (આંધ્ર) અને ૬ સુરેશ શાલિગ્રામ (મહારાષ્ટ્ર) એમ પ્રથમ છ આવેલા ખેલાડીઓ ભાગ લઈ શકે તેમ હતા. પણ આ સોળ રમનારામાંથી રંગારાવ, સુબ્રહ્મણ્યમ્ અને રામરત્નમ્ સંજોગવશાત્ રમતમાં ભાગ લઈ શક્યા ન હતા. અને એથી 'બી' ટૂર્ના.માં ૧૧મા આવેલા 'સી. સી. એ. આઈ.'ના પ્રતિનિધિ એન. વેણુગોપાલ રમતમાં સામેલ થઈ શક્યા હતા.

'બી' ટૂર્ના.માં પ્રથમ આવેલા ઉત્તરપ્રદેશના યુવાન ખેલાડી નાસિર અલી આ ટૂર્નામેન્ટમાં પણ પ્રથમ આવવાથી લીગ પદ્ધતિથી રમાએલી પહેલી રાષ્ટ્રીય ટૂર્ના.માં જીતવાનું ગૌરવ તેમને મળ્યું. એરન અને સપ્રે સામે તેઓ હાર્યા હતા અને હસન તેમજ સાખળકર સાથેની એમની રમત ડ્રૉમાં ગઈ હતી. છતાં બાકીની નવ રમત જીતીને ૧૩માંથી ૧૦ પૉઈન્ટ મેળવી તેઓએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. અન્ય ઇનામવિજેતાઓ સામે પણ એમની રમત ૪માંથી ૨ જ પૉ. મેળવવા જેટલી નબળી રહી હોવા છતાં અન્ય રમનારાઓ સામે એકસરખી સુસંગત રમત રમીને એમણે સૌથી વધુ પૉઈન્ટ મેળવી પ્રથમ આવ્યા છે. આ અગાઉ ૫મી રાષ્ટ્રીય ટૂર્ના. (મુંબાઈ)માં એમને ચોથું ઇનામ મળ્યું હતું.

આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં રમનારા ભારતના એકમાત્ર ખેલાડી મૅન્યુઅલ એરન આ વખતે ફરી એક વાર બીજા આવ્યા. તેઓ ભારતના સૌથી વધુ સુસંગત રમત રમનારા ગણી શકાય એમ છે. તેઓ છ રાષ્ટ્રીય ટૂર્ના. રમ્યા છે જેમાં એમણે બે વખત પહેલું અને ત્રણ વેળા બીજું ઇનામ મેળવ્યું છે. અન્ય રમનારા સામે તેમણે ૪માંથી ૨½ પૉ. મેળવેલાં, પણ સૌથી છેલ્લા આવનાર વેણુગોપાલ સાથેની રમતમાં ડ્રૉ અને મેહરોઝ વાચ્છા સામેની હારને લીધે એમણે પહેલું ઇનામ ખોયું.

આ જ રીતે ત્રીજા ઇનામના વિજેતા હસન અને પાંચમાના વિજેતા સાખળકરે પણ બાકીના ઇનામવિજેતાઓ સામે ૪માંથી ૨½ પૉ. મેળવ્યાં હતાં. હસન આ સ્પર્ધામાં એક પણ રમત હાર્યા ન હતા પણ એમની આઠ રમત ડ્રૉ થતાં એમને કુલ ૯ જ પૉ. મળ્યાં.

અહીં એક બાબત ખેદ સાથે નોંધવી જોઈએ કે આ ટૂર્નામેન્ટમાં હૈદરાબાદના ચારે ય ખેલાડીની એકબીજા સામેની બધી રમતો ડ્રૉમાં ગઈ હતી. આના પરથી એવો અંદાજ નીકળે છે કે તેઓએ આ અંગે અગાઉથી જ અરસપરસ સંતલસ કરી હશે. આ પ્રકારથી અસ્વસ્થ રસમ અટકવી જ જોઇએ. જો આવી સમજણ ન કરી હોત તો હસનને ચૅમ્પીઅન થવાની સારી તક હતી.

મુંબાઈના રામચંદ્ર સપ્રેએ ચોથું ઇનામ મેળવ્યું. ૭ રાષ્ટ્રીય ટૂર્ના.માં રમી એમણે પાંચ વાર ઇનામો જીત્યાં છે.

બે ભૂતપૂર્વ રાષ્ટ્રીય ચૅમ્પીઅન–રૂસી માદન અને ફારૂકઅલી આ સ્પર્ધામાં વધુ સારો દેખાવ કરી શક્યા નહિ જ્યારે મુંબાઈના સુરેશ શાલિગ્રામ પણ ધાર્યા કરતાં ઘણી નબળી રમત રમ્યા હતા.

આ ટૂર્નામેન્ટમાંથી કેટલાંક કૉમ્બિનેશન્સ આપણે હવે પછી જોઈશું.

સુરેશ મોદી

ક્રમ	નામ રમત→	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	કુલ
૧	નાસિર અલી (ઉત્તર પ્રદેશ)	×	૦	½	૦	½	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧૦
૨	મૅન્યુઅલ એરન (મદ્રાસ)	૧	×	૦	૧	½	½	૦	૧	૧	૧	૧	૧	૧	½	૯½
૩	મહમ્મદ હસન (હૈદરાબાદ)	½	૧	×	½	½	½	½	½	½	૧	૧	½	૧	૧	૯
૪	રામચંદ્ર સપ્રે (મહારાષ્ટ્ર)	૧	૦	½	×	૦	½	૧	½	૧	½	૧	૧	૧	૧	૯
૫	શ્રીકૃષ્ણ સાખલકર (મહારાષ્ટ્ર)	½	½	½	૧	×	½	½	૦	½	½	૧	૧	૧	૧	૮½
૬	ફારૂક અલી (હૈદરાબાદ)	૦	½	½	½	½	×	½	½	૧	૦	½	૧	૧	૧	૭½
૭	મેહરોઝ વાચ્છા (હૈદરાબાદ)	૦	૧	½	૦	½	½	×	½	½	૧	૧	૧	૦	૧	૭½
૮	નસિરૂદ્દીન ગાલિબ (હૈદરાબાદ)	૦	૦	½	½	૧	½	½	×	૦	૧	½	૧	૧	૧	૭½
૯	રૂસિ માદન (મહારાષ્ટ્ર)	૦	૦	½	૦	½	૦	½	૧	×	½	૧	૧	૧	૧	૭
૧૦	જી. શેખર (મહારાષ્ટ્ર)	૦	૦	૦	½	½	૧	૦	૦	½	×	½	૦	½	½	૪
૧૧	કે. કે. શુક્લ (ઉ. પ્ર.)	૦	૦	૦	૦	૦	½	૦	½	૦	½	×	½	૧	૧	૪
૧૨	વી. એમ. બી. નાવલે (મ્હૈસુર)	૦	૦	½	૦	૦	૦	૦	૦	૦	૧	½	×	૦	૧	3
૧૩	સુરેશ શાલિગ્રામ (મહારાષ્ટ્ર)	૦	૦	૦	૦	૦	૦	૧	૦	૦	½	૦	૧	×	½	3
૧૪	એમ. વેણુગોપાલ (C.C.A.I.)	૦	½	૦	૦	૦	૦	૦	૦	૦	½	૦	૦	½	×	૧½


૭મી રાષ્ટ્રીય શતરંજસ્પર્ધાના ખેલાડીવાર તેમણે મેળવેલા પૉઈન્ટ્સ

મહારાષ્ટ્ર રાજ્ય શતરંજ એસોસીએશને 'બી' તેમજ અંતિમ સ્પર્ધાની બધી રમતો (અનુક્રમે ૩૭૮ અને ૯૧)ના સ્કોર સાયક્લોસ્ટાઈલથી છપાવ્યા છે. શ્રી ભાટવડેકર નામે એક સદ્‌ગૃહસ્થની ૫૦૦ રૂ.ની સખાવતથી આ કામ થઈ શક્યું છે. Mark Nelson, (Secretary, Corrospondence Chess Asso. of India, 115 Vakola, Santacruz, (East) Bombay–55 A5) પાસેથી એ રૂા. ૪-૫૦ની કિંમતે મળી શકશે.


ગણકયંત્રોના પેટમાં


લેખક · ફાધર વાલેસ

ગણકયંત્રોની અંદર ડોકિયું કરીને એ કેવી રીતે કામ કરે છે તે સમજવું ઘણું રસપ્રદ છે. ખૂબી તો એ છે કે યંત્રની આ કામગીરી સમજવા ઉચ્ચ ગણિતનું જ્ઞાન આવશ્યક નથી. યંત્ર ફક્ત બે આંકડા (૦, ૧) અને ત્રણ ક્રિયા (×, +, −) લઈને કામ કરે છે, એટલે લાંબા ઘડિયા ઘૂંટવાની જરૂર નથી. તારમાં વીજળીનો પ્રવાહ ચાલુ હોય તો એકડો સમજવો, અને બંધ હોય તો મીંડું, આટલા સંકેતો છે.




આ બે સંકેતો લઈને પહેલી ગુણક ક્રિયા(×)માં તેમનું પરિણામ એવી રીતે લેવાય છે કે જો બંને ૧ હોય તો પરિણામ ૧ આવે (વીજળી પ્રવાહ ચાલુ), અને બેમાંથી એક કે બંને ૦ હોય, તો પરિણામ ૦ (વીજપ્રવાહ બંધ). બાજુની આકૃતિમાં બતાવ્યું છે તેમ બે કળને 'શ્રેણી પદ્ધતિ'માં ગોઠવીને એ ગુણક ક્રિયા ચલાવવામાં આવે છે. ડાબી બાજુની બંને કળ દાબેલી હશે તો જ તારનો સંપર્ક જોડાશે અને વીજપ્રવાહ જમણી બાજુએ આગળ ચાલશે. આ ગુણકયંત્રને × સંકેતથી દર્શાવીને તેના બધા વિકલ્પો તેની નીચે દર્શાવ્યા છે.






બીજી ક્રિયા છે યોગક્રિયા (+). એમાં બે સંકેતોમાંથી એક અથવા બંને ૧ હોય તો પરિણામ એક આવે, અને બંને ૦ હોય તો જ ૦ આવે. બે કળ 'સમાંતર પદ્ધતિ' મુજબ ગોઠવવાથી એ યોગયંત્ર બને છે. તેની રૂપરેખાઓ ને તેના બધા વિકલ્પો નીચે પ્રમાણે છે:




છેલ્લે ત્રીજી છે વ્યસ્ત(−)ક્રિયા. આ ક્રિયા ૦નો ૧ અને ૧નો ૦ બનાવી આપે છે. તેનું યંત્ર અને વિકલ્પો સાવ સરળ છે. જુઓ નીચેની આકૃતિ.






આ ત્રણ મૂળ સાદાં યંત્રો લઈને વધારે સંકુલ પ્રક્રિયાઓ ચલાવવા નવાં યંત્રોની રચના કરી શકાય છે. થોડો મહાવરો કરવા અને જેની જરૂર હમણાં આપણને પડશે એ યંત્રનો પરિચય કરાવવા એક ઉદાહરણ લઈએ. તે છે balf-adder અથવા 'અર્ધયોગયંત્ર'. તે ફક્ત આપણાં ત્રણ મૂલ યંત્રો લઈને બનાવાય છે. તેનો આલેખ નીચે મુજબ છે. એમાં મૂકેલી સંખ્યાઓ ૧, ૧ ના દાખલાને લગતી છે. આપણે આપેલા નિયમો પ્રમાણે યંત્રની અંદર એ આંકડાઓનું પરિવર્તન કેવી રીતે થતું જાય છે એ તપાસવાથી સમજ તેમ જ રસ પડશે.



અર્ધયોગ યંત્ર

વાચક સહેલાઈથી ખાતરી કરી શકશે કે ઉપરના બે તારમાં જો ૦, ૦ સંકેત આવે તો નીચે પણ ૦, ૦ નીકળે; ઉપર ૦, ૧ અથવા ૧, ૦ આવે તો નીચે ૦, ૧ થાય; અને ઉપર ૧, ૧ આવે તો નીચે ૧, ૦ આવે. નીચે આવનાર સંકેતોનું રહસ્ય એ છે કે તેમાંનો પહેલો સરવાળાની વદી અને બીજો સરવાળાની રકમનો આંકડો છે: એ થોડું આગળ વાંચવાથી સમજાશે; હમણાં તો આપણા આ નવા યંત્રને अ વડે ઓળખાવીને તેના જુદાજુદા વિકલ્પો નોંધી રાખીએ.



દ્વંદ્વ સંકેત-પદ્ધતિ

ગણકયંત્ર બે જ આંકડા વાપરે છે, જ્યારે આપણને તો દસ વાપરવાની ટેવ છે. માટે યંત્રની પાસે ધાર્યું કામ કરાવતાં પહેલાં આપણી દસ આંકડાવાળી રકમોનું 'ભાષાંતર' બે જ આંકડામાં કેવી રીતે કરવું એ જોવું પડશે. ગણિતની ભાષામાં કહીએ તો, સંખ્યાઓનું દશાંશ સંકેત પદ્ધતિ ઉપરથી દ્વંદ્વ સંકેત-પદ્ધતિમાં પરિવર્તન કેવી રીતે થાય એ ટૂંકમાં જોવાનું છે. દશાંશ પદ્ધતિમાં લખેલી સંખ્યાનું પૃથક્કરણ એક દાખલાથી સમજાશે:

$$૩૨૫ = ૩૦૦ + ૨૦ + ૫$$
$$= ૩×૧૦૦ + ૨×૧૦ + ૫$$
$$= ૩×૧૦^{૨} + ૨×૧૦ + ૫.$$

એ જ રીતે $૪૯૦૬ = ૪×૧૦^{૩} + ૯×૧૦^{૨} + ૦×૧૦ + ૬.$

એટલે કે જમણી બાજુથી માંડીને આંકડાઓને દસના ચડતા ઘાત વડે ગુણ્યા પછી બધાનો સરવાળો કરવાથી સંખ્યાની કિંમત આવે છે. હવે ૧૦ ને બદલે ૨ લઇએ (એટલે કે આંકડાઓને ૨ના ચડતા ઘાત વડે ગુણતા જઈએ) અને કેવળ બે આંકડાઓ, ૦ ને ૧ વાપરીએ તો એ જ રીતે સંખ્યાનો અર્થઘટન કરી શકાય. દા. ત.

$$૧૦૧ = ૧\times૨^{૨} + ૦\times૨ + ૧$$
$$= ૪ + ૦ + ૧ = ૫.$$
$$૧૦૧૧ = ૧\times૨^{૩} + ૦\times૨^{૨} + ૧\times૨ + ૧$$
$$= ૮ + ૦ + ૨ + ૧ = ૧૧.$$
$$૧૧૦૧૦ = ૧\times૨ + ૧\times૨^{૩} + ૦\times૨^{૨} + ૧\times૨ + ૦$$
$$= ૧૬ + ૮ + ૦ + ૨ + ૦ = ૨૬.$$

આ રીતે ગમે તે સંખ્યા એકડાઓ અને મીંડાંઓની આવલી તરીકે દર્શાવી શકાય : ૧=૧, ૨=૧૦, ૩=૧૧, ૪=૧૦૦, ૫=૧૦૧, ૬=૧૧૦, ૭=૧૧૧, ૮=૧૦૦૦, ૯=૧૦૦૧, ૧૦=૧૦૧૦ વગેરે. અને બે સંખ્યાઓનો સરવાળો પણ આ પદ્ધતિ અનુસાર સીધી રીતે કરી શકાય; એટલું જ યાદ રાખવાનું કે જેમ દશાંશ પદ્ધતિમાં સરવાળો કરતાં ૧૦ આવે ત્યારે નીચે ૦ લખીએ છીએ અને વદીમાં ૧ લઇએ છીએ તેમ આ દ્વંદ્વ પદ્ધતિમાં સરવાળામાં ૨ આવે ત્યારે એ જ પ્રમાણે નીચે ૦ લખવાનું અને વદીમાં ૧ લેવાનો. દાખલા તરીકે

$$૧૦૧૧૧ + ૧૦૦૧૦ = ૧૦૧૦૦૧$$


આ દાખલો બીજું કંઈ નહિ પણ દ્વંદ્વ પદ્ધતિમાં દર્શાવેલો ૨૩ + ૧૮ = ૪૧ સરવાળો છે. હવે ઉપર્યુક્ત પેલી વાત સમજાઈ હશે કે અર્ધયોગ-યંત્રની ક્રિયા સરવાળાની રકમ અને વદી ગણી આપે છે, કેમ કે–

$$\begin{array}{r} ૦ \\ +\ ૦ \\ \hline ૦૦ \end{array} \qquad \begin{array}{r} ૦ \\ +\ ૧ \\ \hline ૦૧ \end{array} \qquad \begin{array}{r} ૧ \\ +\ ૦ \\ \hline ૦૧ \end{array} \qquad \begin{array}{r} ૧ \\ +\ ૧ \\ \hline ૧૦ \end{array}$$

આ પરિણામો અર્ધયોગયંત્રનાં પરિણામો સાથે સરખાવતાં જણાશે કે એ યંત્ર એક આંકડાવાળી ગમે તે બે દ્વંદ્વ સંખ્યાઓનો સરવાળો કરી આપે છે. ફક્ત એક એક આંકડો લઇને એ સરવાળો કરે છે એટલે એનું નામ 'અર્ધ'-યોગયંત્ર પડ્યું છે. પણ હવે તેની મદદથી કોઈ પણ બે સંખ્યાઓનો સરવાળો કરી શકે એવું સંપૂર્ણ 'યોગયંત્ર' કેવી રીતે બનાવી શકાય એ આપણે જોઈએ.

સરવાળાનું યંત્ર

યંત્રનો આલેખ ધ્યાનથી તપાસીને, ઉપરના તારોમાં સંખ્યાઓના સંકેતો ભરીને, અંદર આવેલા દરેક યંત્રના નિયમ પ્રમાણે પરિણામ નોંધી આગળ ચલાવીને નીચેના તારોમાં સરવાળાની રકમ લાવીશું ત્યારે યંત્રનું રહસ્ય પૂરેપૂરું જાણવાથી આનંદ અને સંતોષ થશે.



યંત્રનું કામ જમણી બાજુથી શરૂ થાય છે. પહેલી સંખ્યાના આંકડા (જમણી બાજુથી માંડીને) અનુક્રમે क, ख, ग, घ,... કળ ઉપર આવશે, અને બીજી સંખ્યા પણ એ જ રીતે च, छ, ज, झ,... ઉપર. પછી યંત્ર આપણે જોએલા નિયમો પ્રમાણે કામ ચલવશે, અને સરવાળાની રકમ આપોઆપ य, र, ल, व,...માં ગોઠવાઈ આવશે.

ઉદાહરણ અર્થે ૦૧૧૧ અને ૦૧૦૧નો સરવાળો કરીએ (આકૃતિ પર દર્શાવેલા આંકડા આ જ દાખલાના છે). આંકડાઓ અને તારનો મેળ આ પ્રમાણે બેસાડીએ : घ ग ख क झ ज छ च

૦ ૧ ૧ ૧ ૦ ૧ ૦ ૧

હવે પહેલા (જમણી બાજુથી) अ યંત્રમાં ૧, ૧ આવ્યા એટલે યંત્રના નિયમ મુજબ તેમનું પરિવર્તન ૧, ૦માં થાય, જેનું ૦ નીચે यમાં સરવાળાના પ્રથમ આંકડા તરીકે નીકળે, જ્યારે ૧ વદીમાં આગળ લેવાય એ જ પ્રમાણે ઉપરથી ख અને छમાં ૧, ૦ આવશે તેનો સંયોગ વદી સાથે થતાં रમાં ફરીથી ૦ આવશે ને ૧ વદી સાથે યંત્રનું કામ આગળ ચાલશે. છેવટે નીચે સરવાળાનું પરિણામ આ પ્રમાણે આવશે.

व ल र य

૧ ૧ ૦ ૦ એટલે કે ૦૧૧૧ + ૦૧૦૧ = ૧૧૦૦

યંત્રનો વિશ્વાસ ન હોય તો પરિણામની ચકાસણી ત્રણે સંખ્યાઓને પરિચિત દશાંશ પદ્ધતિમાં દર્શાવવાથી કરી શકાય. હકીકતમાં

૦ ૧ ૧ ૧ = ૭, ૦ ૧ ૦ ૧ = ૫, ૧ ૧ ૦ ૦ = ૧૨

અને ખરેખર ૭ + ૫ = ૧૨, માટે યંત્રનો જવાબ સાચો જ હતો.

યંત્રોની સૃષ્ટિ

પરિણામ સાચું તો આવ્યું, પણ આવો મામૂલી દાખલો ગણવા આટલો પરિશ્રમ કરવો પડ્યો એ જોઈને કેટલાકને તો ગણકયંત્રોનો મોહ છૂટી ગયો હશે. તો પણ એ ઉપરથી આટલો ખયાલ પણ આવ્યો હશે કે આપણે એ યંત્ર ગમે તેટલું લંબાવી શકાય : ડાબી બાજુ તરફ એ જ આલેખ પ્રમાણે વધારે अ ને + યંત્રો ઉમેરવાથી યંત્ર ગમે તેટલી મોટી સંખ્યાઓનો સરવાળો કરી શકે છે, વળી યંત્રના બધા ભાગ એકદમ સૂક્ષ્મ અને વીજાણુશક્તિથી ચાલતા હોવાથી તેનું કદ સાવ નાનું છે, તેનો વેગ એક સેકંડના અબજમા ભાગમાં લાંબો સરવાળો ગણી આપે એવો, અને સરવાળા સિવાય ઘણી અટપટી ક્રિયાઓ પણ ચલાવી શકે એવી યુક્તિ પણ એમાં છે. એવા યંત્રોની અવગણના કરવી એ વિમાનયુગમાં બેલગાડીમાં મુસાફરી કરવાનો આગ્રહ રાખવા જેવું છે.

ગણકયંત્રોનું સર્જન એ આધુનિક યુગની એક વિરલ સિદ્ધિ છે. ઔદ્યોગિક ક્રાન્તિ (industrial revolution)ને લીધે માણસના જીવનમાં ને સંસ્કૃતિમાં જે પરિવર્તન આવ્યું હતું એવું જ હવે ગણકયંત્રોના સર્જનથી ફરીથી આવવાનું. જડ ગણતરીની વેઠમાંથી છૂટીને માણસ મુક્ત ને રચનાત્મક વિચાર કરી શકશે; જનતાના પ્રશ્નો સામૂહિક રીતે નિહાળવાને બદલે વ્યક્તિગત રીતે એ તપાસી શકશે; આજે એ કલ્પી પણ ન શકે એવી માહિતી, શક્તિ અને ગતિ એને મળશે.

ગણકયંત્રોનો ઉપયોગ અભ્યાસમાં ને વિજ્ઞાનમાં, વેપારમાં ને ઉદ્યોગમાં, શિક્ષણમાં ને વૈદકમાં થાય છે; માટે દેશની આખી પ્રગતિ તેના ઉપર આધાર રાખે છે, અને હવે પછી વધારે ને વધારે રાખતી થશે. ભારત માટે 'ભાભા વીજાણુ સમિતિ'નો અહેવાલ હતો કે પહેલાં દસ વરસમાં ઓછામાં ઓછાં ૫,૫૦૬ ગણકયંત્રો જોઈશે અને તેની પાછળ ૧૧૦ કરોડ રૂપિયાનું ખર્ચ કરવાનું રહેશે. એ યંત્રો બનાવનાર, ચલાવનાર ને વાપરનાર નિષ્ણ તો ક્યાંથી આવશે? આપણે ત્યાં પાકતા વિજ્ઞાનના ને ગણિતના તેજસ્વી વિદ્યાર્થીઓ એ નવા ક્ષેત્રમાં જઈને ને વહેલા તૈયાર થઈને દેશની એ ઉજ્જ્વલ સેવા કરવા નહિ પ્રેરાય?

આગ

લેખક • પુષ્કરભાઈ ગોકાણી

! આગ ! દોડો, દોડો !

'સારું થયું સૂરજ મિલમાં આગ લાગી! સૂર્યકાન્ત શેઠને હવે ભાન આવશે. મજૂરોની આંતરડી ખૂબ કકળાવી છે. બારણે પોલીસ-પહેરો રાખ્યો હતો તો પણ આગ તો લાગીને ?' આગનો બુમાટો સાંભળી એકઠા થએલા કામદારો વચ્ચે મીમાંસા થવા લાગી. સૂરજ મિલના માલિક સૂર્યકાન્ત શેઠ પરદેશ ગયા હતા, તે દરમિયાન મૅનેજર ચિમનલાલના સંચાલનનો કારમો ત્રાસ વેઠીવેઠીને તેઓ વાજ આવી ગયા હતા. માંદાને રજા કે પૂરતી સારવાર મળતી નહોતી. ઓવરટાઈમના પૈસા મળતા નહોતા. આ બધાંથી ઉશ્કેરાએલા કામદારોને તેનો મોવડી સનાતન શેઠની ગેરહાજરીમાં કોઈ ઉગ્ર પગલું ન ભરવા સમજાવતો. અને ખરેખર સનાતનની સમજાવટ ન હોત તો કદાચ ચિમનલાલના હાથપગ ક્યારના યે ભાંગી ગયા હોત. હિસાબી ઘાલમેલ કરી, મિલને ખોટમાં બતાવી એ કામદારોના હક્ક ડુબાવતો હોવાનું બોલાતું હતું.

પંદરેક દિવસથી શેઠ પરદેશથી આવ્યા હતા. મિલના કામદારોને તેણે સાંભળ્યા પણ ખરા, સાંત્વન પણ આપ્યું, છતાં આખરે તો એમણે પણ મિલની ખોટનું જ નિમિત્ત રજૂ કરી પોતાની લાચારી વ્યક્ત કરી. તંગ થએલા કામદારોએ બે દિવસથી હડતાલ પાડી હતી. તે તોડાવવા ચિમનલાલે બહારથી મજૂરો બોલાવ્યા. કેટલાકને લાલચ આપી ફોડયા. સનાતન હવે સમજાવટ માટે હડતાળિયા અને શેઠ વચ્ચે કડીરૂપ થવા પ્રયત્ન કરવા લાગ્યો. પણ શેઠે હવે તેને મળવા પણ ના પાડી દીધી. કામદારોમાં ઉશ્કેરાટ વધી. ગયો વહેલી સવારે સનાતન મૅનેજરને મળવા ગયો. શેઠ પણ આવ્યા. બોલાચાલી વધી પડી. અંતે સનાતનને ઑફિસ બહાર કાઢી મૂકવામાં આવ્યો. સનાતન કામે આવેલા મજૂરોને હડતાલમાં જોડાવા માટે સમજાવવા સ્ટોર્સ તરફ ગયો. ત્યાંથી એ પાછો ફર્યો તે પછી તુરત આગે દેખા દીધી.

સૂરજનગર શહેરથી વીસેક માઈલ દૂર હતું. સૂર્યકાન્ત શેઠની ત્યાં વિશાળ અસ્કયામત હતી. સૂરજમિલ ઉપરાંત, જિનિંગ ફૅક્ટરી, વીજળીનો સામાન બનાવવાનાં કારખાનાં અને પથ્થરની એક ખાણના તેઓ માલિક હતા. અને આ ઉદ્યોગોને કારણે ત્યાં એક વસાહત ઊભી થઈ હતી. શહેરમાં આગની જાણ કરી અને દરમિયાન મિલમાંનાં ટાંચાં સાધનોથી એ ઠારવાના પ્રયત્નો આદરી દીધા. વીસેક મિનિટમાં બંબા અને પોલીસ આવી પહોંચ્યા. બંબા કામે લાગી ગયા, અને પોલીસ ઇન્સ્પેક્ટરે એકઠા થએલા ટોળાને મિલની બહાર કાઢી વ્યવસ્થા હાથમાં લીધી અને આગના કારણની તપાસમાં લાગી ગયા.

સ્ટોર્સમાં રાખેલા રૂના ધોકડામાંથી આગ શરૂ થઈ જણાતી હતી. પવન મિલની દિશામાં હતો અને આગ જે દિશામાં આગળ વધતી હતી તે તરફ ફરનેસ ઑઇલ,–ડીઝલ વગેરે બળતણ હતું. જો આગ ત્યાં પહોંચે તો નુકસાન ઘણું વધી જાય તેમ હોઈ એટલે બંબાએ એ દિશામાંથી પ્રથમ મારો શરૂ કર્યો. બીજી બાજુ રૂનાં ધોકડાં બળ્યે જતાં હતાં.

ફેલાએલી આગના વિસ્તાર અને પવનની દિશા પરથી ઇન્સ્પેક્ટરે આગ લાગવાના મુખ્ય સ્થાનનો અંદાજ કાઢી લીધો અને તુરત એ સ્થળે તપાસ કરવા પહોંચી ગયા. એ સમજતા હતા કે આગ જો કુદરતી કારણે લાગી હશે તો તે કારણ અને જો કોઇએ લગાડી હશે તો તેના પુરાવા, જો ઝડપથી તે સ્થળનું નિરીક્ષણ કરવામાં નહિ આવે તો નાશ પામશે. મિલમાં હડતાલ ચાલતી હતી, એટલે સંભવ હતો કે કદાચ કોઈ ભાંગફોડિયાએ આ કામ કર્યું હોય.

અને એ અંદાજ બરાબર હતો. આગના સ્થળેથી એને એક ડબો મળી આવ્યો. તુરત તેણે એને કબજે લેવા પોતાના માણસને સૂચના આપી. એકબે બળેલી દીવાસળી પણ મળી. એની શંકા હવે દૃઢ થવા લાગી. આગના સ્થળની ધૂળ લઈને સૂંઘી જોઈ અને એ પણ એકઠી કરી લીધી, ને હવા ન લાગે એ રીતે જાળવીને પેક કરી રાખી. બીજી બાજુ પોતાના એક માણસને જીપમાં શહેરમાં મોકલ્યો. થોડી વારે જીપ પાછી આવી, ને આંગળાંની છાપ લેનારે મળી આવેલા ડબા પરથી આંગળાંની છાપ લેવા માંડી. સાથે લાવેલો પાઉડર પેલી આગની બાજુની ધૂળ પર છાંટવામાં આવ્યો. થોડી વારમાં તે પાઉડર ધૂળમાં ભળીને લાલાશ પડતી ચીકણી સપાટી ત્યાં થઈ ગઈ. તે બધી ધૂળને બીજી બરણીમાં ભરવામાં આવી. બળી ગએલા રૂના ધોકડાની રાખ ભેગી કરીને પણ ઈન્સ્પેક્ટરે લઈ લીધી. આગ તુરત જ ફેલાઈ ગઈ હતી અને આ પુરાવાઓ પરથી આગ કુદરતી કારણે લાગવા સંભવ નહોતો.

જ્યાંથી આગ શરૂ થએલી ત્યાં બૂટની એક છાપ પણ પડી હતી. પ્લાસ્ટર ઑવ પૅરીસથી તેનો કાસ્ટ લઈ લેવામાં આવ્યો.

સ્ટોર ઉપર જે કામદારો કામ ઉપર આવ્યા હતા તે ચારે જણને, સનાતનને અને ચોકીદારને પોલીસે પૂછપરછ માટે એક રૂમમાં લીધા. શેઠ, ચિમનલાલ અને બીજા બેત્રણ ઊંચા હોદ્દેદારોને પણ ત્યાં એકતરફ બોલાવાયા. આગ હવે કાબૂમાં હતી. ઇન્સ્પેક્ટરે પૂછપરછ શરૂ કરી.

મૅનેજર ચિમનલાલે જણાવ્યું કે સનાતને મિલને આગ લગાડવાની ધમકી આપી હતી. બેત્રણ જણે એ અંગે સાક્ષી પણ પુરાવી. સનાતને પણ પોતે એમ કહ્યાનું કબૂલ કર્યું, પણ કહ્યું કે એ માત્ર આવેશમાં જ બોલ્યો હતો. ખરેખર આગ લગાડવાનો એનો ઉદ્દેશ નહોતો.

સ્ટોર કામદારોએ જણાવ્યું કે સનાતન તેમને હડતાલમાં જોડાવા માટે સમજાવવા આવ્યો હતો અને બીજી તરફને બારણેથી કદાચ તે બહાર નીકળી ગયો હોય. સનાતનના ગયા પછી લગભગ વીસ મિનિટે આગ લાગી હતી. સનાતનના ગયા પછી તુરત ચિમનલાલ એ કામદારોને સનાતનની વાતમાં ન સપડાવાનું સમજાવવા આવ્યા હતા. ચિમનલાલ ત્યાંથી પાછા વળ્યા પછી પાંચેક મિનિટમાં આગ વર્તાઈ હતી. મોટા ગોદામના છેવાડે તેઓ આ બંનેની સમજાવટ અંગે ચર્ચામાં હોઈ તેમને આગની ખબર પડી ત્યારે તો તે તરફ માંડમાંડ જવાય તેમ હતું. જ્યારે પેલી તરફ આગ આગળ બીજા ગોદામમાં પણ પહોંચી હતી. ત્યાંથી ફીડરમાં થઈ મિલમાં પહોંચી ગઈ હતી.

ચોકીદારના કહેવા મુજબ સનાતન મિલમાંથી લગભગ અરધા કલાકે બહાર આવ્યો હતો ને એ પછી તુરત આગે દેખા દીધી હતી.

શેઠ પાસેથી જાણવા મળ્યું કે મિલનો અને ગોદામમાં ભરેલા માલનો વીમો હતો, પણ હમણાં આ હડતાલથી વીમાની રકમ કરતાં યે સ્ટોર વધારે હોવાથી વધુ નુકસાન થયું હતું એટલું જ નહિ, પણ આગમાં ભરખાએલ આ બધું પાછું ઊભું કરતાં ઘણો વખત જવાનો! અને ચડતાં ખર્ચ તો ઉપરથી ખરાં જ. બધાંનાં નિવેદન લઈ ઈન્સ્પેક્ટરે સનાતનને અટકમાં લીધો.

ઇન્સ્પેક્ટર પાસે લૅબોરેટરીની તપાસનું પરિણામ આવી ગયું. સનાતનની અંગ તપાસ પણ તેણે કરાવી. તેમાંથી વિમકોની દિવાસળીની પેટી, સિગારેટો અને થોડું પરચૂરણ મળ્યું હતું. આગના સ્થળેથી મળી આવેલા ડબા ઉપરથી મળેલી આંગળાંની છાપના ફોટોગ્રાફ પણ તેની પાસે આવી ગયા હતા. સાદા પહેરવેશવાળા મદદનીશો મારફત જાણવા મળ્યું કે સનાતન વિષે સારી છાપ પ્રવર્તતી હતી અને એ આગ લગાડે નહિ તેમ મનાતું હતું. બીજી બાજુ મૅનેજર ચિમનલાલને લોકો

૧૯૬૮નાં 'કુમાર'-પારિતોષિકો



પારિતોષિક	મેળવનાર	શા માટે
		વર્ષ દરમ્યાનનાં શ્રેષ્ઠ કાવ્ય-સર્જનો માટે શ્રી હરિકૃષ્ણ પાઠકને

નિર્ણાયકો: સર્વશ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી•અનંતરાય રાવળ•યશવંત શુક્લ

'કુમાર' તરફથી રૂા. ૩૦	શ્રી હરીશ નાગ્રેચાને	'સન-ડે જ સન-ડે' શ્રેષ્ઠ વાર્તા માટે

નિર્ણાયકો: શ્રી અનંતરાય રાવળ અને 'કુમાર'ના તંત્રી

'એક લેખક' તરફથી રૂ. ૩૦	શ્રી હરિકૃષ્ણ પાઠક અને શ્રી ધીરુ પરીખ વચ્ચે	શ્રેષ્ઠ કાવ્યો 'ધરતીનું વ્હાલ' અને 'તડકો' માટે

નિ૦: સર્વશ્રી ડોલરરાય માંકડ · ગૌરીપ્રસાદ ઝાલા · રમણલાલ શાહ

'એક લેખક' તરફથી રૂ. ૩૦	શ્રી ગુલાબદાસ બ્રોકરને*	શ્રેષ્ઠ ગદ્ય લખાણ 'નવા ગગન' માટે

* કોઈ નામ સામાન્યપણે બીજીવાર સૂચવાતું ન હોઈ ફાધર વાલેસ શ્રેષ્ઠ ઠરવા છતાં હવે આ વર્ષમાં શ્રેષ્ઠ આ નામ ગણાયું છે.

નિર્ણાયક: ડૉ. રમણલાલ શાહ

ચિત્રોમાં: 'કુમાર' માટે જ આવેલું કોઈ ચિત્ર શ્રેષ્ઠ જણાયું નથી.

બહુ ભાંડતા હતા. આગ લાગી ત્યારે તે સ્ટોરના કામદારોને હડતાલમાં નહિ ભળવા સમજાવતો હતો અને સ્ટોરના આગલા દરવાજેથી જ પાછો ફર્યો હતો. પેલા કામદારો પણ ખોટું બોલતા જણાતા નહોતા.

સવારે ઇન્સ્પેક્ટર ફરી મિલમાં આવ્યો. ત્યાં દફતરમાં કામ કરનારા નાનામોટા સૌનાં આંગળાંની છાપ લેવાની સૂચના આપીને તે શેઠ પાસે એમની કૅબિનમાં જઈ બેઠો. શેઠ એ વખતે વીમા એજન્ટ સાથે મિલને થએલા નુકસાન અંગે વાતો કરી રહ્યા હતા. થોડી વારે ચા આવી એને ન્યાય આપી શેઠે સિગારેટ પેટાવી. ઈન્સ્પેક્ટર એમને જોઈ રહ્યો. એટલામાં ગઈ કાલે તેણે સાથે રાખેલા પંચના માણસો પણ આવ્યા. દફતરમાં બહાર સૌનાં આંગળાંની છાપ લેનાર માણસ ત્યાં શેઠનાં આંગળાંની છાપ માટે પણ આવ્યો. શેઠને એમાં પોતાનું અપમાન તો લાગ્યું જ, પણ ઇન્સ્પેક્ટરે એમને સમજાવતાં કહ્યું: 'પોલીસને મદદ કરવી એ આપની ફરજ છે, અને અમે તો આપને મદદ કરવા આવ્યા છીએ.' આખરે કચવાતે મને શેઠે આંગળાંની છાપ આપી. બીજી છાપો સાથે એને મૂકી ઇન્સ્પેક્ટરે પોતાની પાસેનો આંગળાંની છાપનો ફોટો કાઢી સરખામણી કરવા માંડી.

'પણ તમે...' શેઠ કંઈ પૂછવા જતા હતા ત્યાં ઇન્સ્પેક્ટરે તેમને અટકાવી કહ્યુ: 'શેઠ, જુઓ. આગ જ્યાંથી લગાડી હોય ત્યાંથી પવનની દિશામાં ત્રિકોણાકારે ફેલાય છે, અને પવનની વિરુદ્ધ દિશામાં તે બહુ જ ધીમી ગતિએ આગળ વધે છે. તેના પરથી આગ ક્યાંથી લાગી હશે એ અંદાજીને મેં તે સ્થળે તપાસ કરી હતી. ત્યાંના ઇલેક્ટ્રિક વાયરો અને ફિટિંગ વગેરેમાં ક્યાંય કસર ન લાગી. મેં ત્યાંની ધૂળ સૂંઘી જોઈ તેમાં પેટ્રોલની વાસ આવતી હતી. એ ધૂળ પર મેં પેટ્રોલ વગેરેમાં ઓગળે એવો પાઉડર લગાડતાં તેનો રંગ લાલ બની ગયો. મારી શંકા દૃઢ બની. વળી, એ સ્થળેથી મને એક ડબ્બો અને એક બે બળેલી દીવાસળી પણ હાથ લાગી હતી. બધા જીવંત પુરાવા સનાતન વિરુદ્ધ જતા હતા. વળી એણે પોતે પણ મૅનેજર પાસે એવી ધમકી ઉચ્ચારી હતી. અને આ બધા પરથી તો અમે એની ધરપકડ કરી.'

'પણ', જરા શ્વાસ ખાઈ ઇન્સ્પેક્ટરે આગળ ચલાવ્યું: 'મળી આવેલ ડબા ઉપરની આંગળાંની છાપ સનાતનની નથી, અને મને મળેલી દીવાસળી પણ સનાતનની દીવાસળીની પેટીની નથી. એટલે જ આજે અહીં વધુ તપાસ માટે અમારે આવવું પડ્યું છે.'

'પણ સનાતને પોતે જ ધમકી નહોતી આપી?' શેઠે પૂછ્યું.

'એણે એમ કહેલું ખરું, પરંતુ એ આવેશમાં પણ બોલ્યો હોય. મેં એના કુટુંબની તપાસ પણ કરાવી છે તો જણાયું છે કે મિલને આગ લગાડી જેલમાં જવાનું તેને પરવડી શકે તેમ નથી જ.'

'પણ તેથી કંઈ ગુનેગારને છોડી મૂકાય?' શેઠ બોલી ઊઠ્યા: 'ગુનો કરનારના સંયોગો કે સ્થિતિ જોવાય જ નહિ. કાયદો અને ન્યાય તો આંધળા છે. આપે કશા પણ અન્ય સંજોગો ન વિચારતાં આપની ફરજ જ બજાવવી જોઈએ.'

'હા, ખરું કહ્યું આપે.' પછી બધા તરફ નજર ફેરવતાં ઇન્સ્પેક્ટરે ઉમેર્યું; 'અને એટલે વીમા કંપનીને છેતરવા બદલ આ આગના જવાબદાર તરીકે અત્યારે મારે આપને જ ગિરફતાર કરવા પડે છે.'

સન્નાટો વ્યાપી ગયો. શેઠના કપાળ ઉપર પરસેવો વળી ગયો. હિંમત કરી તે બોલ્યા: 'મારે વકીલને બોલાવવો પડશે. તમે એમ ખોટી રીતે મને હેરાન...'

'ખોટી રીતે નહિ શેઠ,' ઇન્સ્પેક્ટરે કહ્યું: 'આપને પકડવા માટે મારી પાસે સબળ કારણો છે. એમાં સૌથી પહેલો પુરાવો આપની દીવાસળીની આ પેટી. મને ગઈ કાલે આગના સ્થળેથી આવી જ દીવાસળી મળી છે. પરદેશી બનાવટની આવી પેટી અહીં બીજા કોઈ પાસે હોવા સંભવ ઓછો છે. બીજું આપનાં આંગળાંની છાપ. પેલા મળી આવેલા ડબ્બા પર કંઈક એવી જ છાપ છે. મેં આપના ડ્રાઈવરને પણ પૂછપરછ કરી છે અને એણે આપની ગાડીમાંથી વધારાના પેટ્રોલનો ડબ્બો ગૂમ થયાનું જણાવ્યું છે. અને છેલ્લે આગના સ્થળ પરના એક બૂટના નિશાનની છાપનું પ્લાસ્ટર કાસ્ટ પણ મેં કરાવી લીધું છે. મને હવે લાગે છે કે એ પણ કદાચ આપના બૂટની છાપને મળતું આવી જશે. આપ કદાચ એવો બચાવ કરો કે જાતે ઊઠીને આપ પોતાની મિલમાં શા માટે નુકસાન કરો. પણ આપના અનેક ધંધામાં આ મિલનું નુકસાન બહુ જણાશે નહિ. અને પાછું આપે એનો વીમો તો ઉતરાવેલો છે જ, એટલે ઘણીખરી ખોટ તો ભરપાઈ પણ થઈ રહે, અને બીજી બાજુ આ રીતે આપ સનાતનને આપને ત્યાંથી ખસેડીને કામદારો સામેના પ્રશ્નનો પણ નિકાલ લાવી દઈ શકો: પણ ગુનો કદી છૂપો રહેતો નથી. હવે માનું છું કે આપ શાંતિથી મારી સાથે પોલીસ સ્ટેશને આવશો.'



આર્ધુ કરી

રખાવટ રાખનારાઓ રખાવટને નથી તજતા,
તમાચા ખાય છે, કિન્તુ કદી ના ગાલ બદલે છે;
હતું ખુદ ભાવિ નિર્ભર જેના પર તે ખ્યાલ બદલે છે,
અમારી આજ તો શું—આજ સાથે કાલ બદલે છે.

—અમૃત ઘાયલ

રંગરમણાના કલાકાર સોમાલાલ શાહ

આ અંકની 'કલાવાર્તા'માં જેમની કલાનો પરિચય આપ્યો છે તે શ્રી સોમાલાલ શાહનો જન્મ કપડવણજના ખડાયતા વણિક ચૂનીલાલ શાહને ત્યાં ઈ ૧૯૦૫ની ૧૪મી ફેબ્રુઆરીએ થયો હતો. પિતાની અનાજની દુકાને બેઠાબેઠાં પોતાના કલાના મનોરથોનું પ્રાકટ્ય એમણે સીધું રંગાલેપોથી જ કરેલું. ઊગતી અવસ્થાના એમના એ કામમાં સાધના અને સંવેગનું દર્શન જોઇને કપડવણજના સાચુચરિત શિક્ષક આચાર્યશ્રી હરિભાઈ દેસાઈ એમને શ્રી રવિશંકર રાવળ પાસે અમદાવાદ લાવ્યા. તેમણે એમને એ સાધના ચાલુ રાખવા સાથે અંગ્રેજીનો અભ્યાસ પૂરો કરવાની સલાહ આપી. તદનુસાર અમદાવાદની ખડાયતા બોર્ડિંગમાં રહી એ મૅટ્રિક થયા. સાથેસાથે કોઈ ઉત્કટ લગનીના પ્રેર્યા એ અહીં પણ સ્વયંસ્ફૂરિત ચિત્રો તો કર્યા જ કરતા. અવારનવાર રવિશંકર રાવળના કુમાર કાર્યાલયમાં કલાના વિદ્યાર્થીઓનો સંપર્ક પણ સાધતા. કોઈ પણ શાળાપઠિત વિદ્યાર્થી કરતાં પણ ચડિયાતાં રંગલેપિત એ કલ્પનાચિત્રો પર ઊમરેઠના વિદ્યાર્થી પ્રદર્શનમાં એમને સુવર્ણચન્દ્રક મળ્યો.

આથી ઉત્તેજિત થઇને જ્ઞાતિજનો તરફથી થોડી છાત્રવૃત્તિ મળતાં સોમાલાલ મુંબાઈની કલાશાળા સર જે. જે. સ્કૂલ ઑવ આર્ટમાં દાખલ થયા. ત્યાં એમણે પોતાની આગવી અને આગ્રહભરી કલાસાધના વડે ત્યાંના આચાર્ય કૅપ્ટન સૉલૉમનનું પણ ધ્યાન ખેંચ્યું એ જ વર્ષે એમના 'પ્રભુચરણે' નામના ચિત્ર માટે મુંબાઈમાં ભરાએલી આઠમી ગુજરાતી સાહિત્ય પરિષદ તરફથી એમને સુવર્ણચન્દ્રક મળ્યો. પણ ત્યાંની રૂઢિચુસ્ત શિક્ષણપદ્ધતિમાં બંધાઈ રહેવું ન ગમતાં, ભારતીય પરંપરાના આધાર પર નવવિધાન કરતી શાંતિનિકેતનની કળાશાળામાં જવા એમણે વિચાર્યું.

એ જ અરસામાં વડેદરા-નરેશ શ્રીમંત ગાયકવાડે ડૉ. જેઈમ્સ કઝિન્સના ઉપદેશથી




ભારતીય પ્રણાલિના કલાશિક્ષણ માટે પોતાના કલાભવનમાં બંગાળી કલાકાર પ્રમોદકુમાર ચટ્ટોપાધ્યાયને નીમ્યા હતા; પરંતુ ત્યાંના વિદ્યાર્થીઓ વહેમે ભરાયા કે પોતાને પશ્ચિમી કળાના શિક્ષણથી વિમુખ રાખવાની એ ચાલબાજી છે, તેથી તેમના કળાવર્ગનો એમણે બહિષ્કાર કર્યો. આથી મૂંઝાએલા પ્રમોદબાબુની પરેશાની જોઈસ્વ. સ્થપતિ ગઝનન પાઠકે ત્યાંથી રવિશંકર રાવળને પત્ર લખી તેમનાં કામ તથા પ્રતિભાનો પરિચય કરવા વડોદરે બોલાવ્યા. વડોદરા જઈને એમના કામ તથા વિચારોથી પ્રભાવિત થએલા શ્રી રાવળે અમદાવાદ આવી તેમને અમદાવાદના સર ચિનુભાઈ બૅરોનેટના સંપર્કમાં મૂકયા. તેમણે પ્રમોદ-

વહાણની વાત-૩


ભારતીય પુરાણો પેઠે લાલસાગર આસપાસની કથાઓમાં પણ વિશ્વપ્રલયની વાત આવે છે, જેમાં 'નૂહ' નામના એક માણસે વહાણ (ark)માં પ્રાણીમાત્રનાં નરમાદાની એકેક જોડી બચાવીને ઉગાર સાધ્યો હતો. અહીં વહાણનો ઉલ્લેખ નોંધપાત્ર છે.

ઈ.સ. પૂર્વેના ૨૫૦ વર્ષથી માંડીને પાંચસો વર્ષ દરમિયાનના જાતકકાળમાં શૂર્પારક બંદરમાં નિર્યામકોના અભ્યાસ માટે 'નિય્યામક સુત્ત' પ્રસ્તુત હતું એમ 'સુપ્પારક જાતક'માંથી જાણવા મળે છે. યુરોપમાં ઈસુની પંદરમી સદીમાં પીએટ ગાર્સી નામના એક ફિરાંસીએ લખેલું નૌકાવિદ્યાનું એક સૌથી પ્રાચીન પુસ્તક છે જેમાં આજની નૌ-પ્રચાર વિદ્યાનાં મૂળ તત્ત્વો અતિ નિપુણતાથી દર્શાવ્યાં છે.

ટૂંકમાં એટલું જ કે છેક પ્રાગૈતિહાસિક કાળથી જ મહાસાગરને પડખે આવેલા દેશો, વચમાં સાગર હોવાથી, છૂટા પડવાને બદલે એનાથી જ સંકળાઈ ગયા અને માત્ર સંસ્કૃતિનો તેમજ સમૃદ્ધિનો વિનિમય જ નહિ પણ પ્રજાનું સંમિશ્રણ પણ કરી શક્યા.



ઈ. સ. પૂર્વે ૩૦૦૦ વર્ષ પહેલાંથી મિસર (ઇજિપ્ત)માં સઢવાળાં તેમજ હલેસાંથી ચાલતાં વહાણોનો સારો વિકાસ થયો હતો. નાઈલ નદીમાં ફરવા ઉપરાંત એ દરિયો પણ ખેડતાં. ત્યાં મળી આવેલા અવશેષો પરથી જણાય છે તેમ માલની હેરફેર ઉપરાંત શાહી કે ઉમરાવ કુટુંબો માટે માત્ર પર્યટનો માટેની નૌકાઓનો પણ ત્યારે સારો વિકાસ થએલો.



ઇજિપ્તના પડોશી ફીનિશિયનો પણ એ કાળે બહુ સાહસિક સાગરખેડૂઓ હતા. પોતાને જ્ઞાત ભૂમિની આસપાસના બધા જ સાગર ખૂંદતા તેઓ કાર્થેજથી માંડી છેક દક્ષિણ આફ્રિકાથી યે આગળના દરિયાથી પરિચિત હતા.

બાબુનાં ત્રણેક ચિત્રો ખરીદ્યાં.* અને એમની પાસે વડોદરે શીખવા જનાર વિદ્યાર્થીને શિષ્યવૃત્તિ આપવાની તૈયારી બતાવી. રવિભાઇએ પોતાના ચિત્રવર્ગના ત્યારના આગળપડતા વિદ્યાર્થી કૃષ્ણલાલ ભટ્ટને એ શિષ્યવૃત્તિથી વડોદરે મોકલ્યા, અને એ વખતે બંગાળ જવાનો વિચાર કરતા સોમાલાલને પણ એટલે દૂર જવાને બદલે અહીં ઘરઆંગણે મળતી એ જ પ્રકારની શિક્ષા-દીક્ષાનો લાભ લેવાની સલાહ આપીને ત્યાં મોકલ્યા. નડિયાદથી કાન્તિલાલ દવે અને ભાદરણથી ગોવરધનભાઈ પટેલ પણ તેમાં જોડાયા. આ ચાર વિદ્યાર્થી મળી જતાં પ્રમોદબાબુનો વર્ગ ટકી ગયો. ત્યાં કૃષ્ણલાલ અને સોમાલાલમાં પોતાના આદર્શોને ઝીલવાની શક્તિ જોઈને એમણે પોતાની કાર્યશક્તિ અને પ્રેરણા એમના પર કેન્દ્રિત કર્યાં અને બે જ વર્ષમાં તેનું સચોટ પરિણામ અને સિદ્ધિ મેળવ્યાં. સોમાલાલ, તે પછી, કલકત્તામાં કલાચાર્ય અવનીન્દ્રનાથ ઠાકુર સ્થાપિત 'ઇન્ડિયન સોસાએટી ઑવ ઓરીએન્ટલ આર્ટ' તરફથી ચાલતા કલાવર્ગોમાં જઇને વધુ પરિપક્વ થઈ આવ્યા.

આ ગાળામાં ભાવનગરના શ્રી નાનાભાઈ ભટ્ટે પોતાની શિક્ષણસંસ્થા શ્રી દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવન માટે કોઈ સારા કલાશિક્ષક મેળવી આપવા શ્રી રાવળને લખ્યું. એમણે કૃષ્ણલાલ તથા સોમાલાલની ભલામણ કરી, તેમાંથી નાનાભાઇએ સોમાલાલ પર પસંદગી ઉતારી.

ભાવનગર ગએલા સોમાલાલે એ સંસ્થાની સાથે પોતાનાં સર્જન અને વિકાસ ચાલુ રાખવા ઉપરાંત જે વિદ્યાર્થીઓ ત્યાં તૈયાર કર્યા તેમાંથી માર્કંડ ભટ્ટ અને વિનાયક પંડ્યા આગળ જતાં મુંબાઈ સ્કૂલ ઑવ આર્ટમાં જઈ કારકિર્દી વધારીને અમેરિકા અને ઇંગ્લંડ સુધી પહોંચ્યા. બીજા બે-પ્રદ્યુમ્ન દવે અને વિનય ત્રિવેદી પણ આજે વડોદરાની ફાઈન આર્ટ કૉલેજમાં કલાશિક્ષણ આપે છે. ખોડીદાસ પરમારે ભાવનગરમાં જ રહી ગણનાપાત્ર વિકાસ કર્યો.

દક્ષિણામૂર્તિ ભવનના વિલય બાદ પણ સોમાલાલે ભાવનગરને જ નિવાસસ્થાન બનાવીને ત્યાંની હાઇસ્કૂલમાં નોકરી લીધી અને નજીકમાં જ રહેતા જાણીતા પક્ષીપાલક કંચનરાય તથા તેમના પુત્ર પ્રદ્યુમ્નભાઈના સંપર્કથી પક્ષીચિત્રણા શરૂ કરી. તે પછી ભાવનગરના બાળ કુંવરોની શાળામાં ચિત્રશિક્ષક થયા. ત્યાં પોતાના શીલવાન સ્વભાવ અને સિદ્ધ આલેખનશક્તિથી રાજકુટુંબમાં આપ્તજન જેવું સ્થાન પામ્યા. ત્યાં અનેક સર્જનો ઉપરાંત રાજકુટુંબની પ્રેરણા તથા સહાયથી એમણે સો ઉપરાંત પક્ષીચિત્રોની જે માળા સર્જી છે તે તો એમને જગપ્રસિદ્ધિ અપાવે એવી છે. (અમદાવાદમાં એમનું આ વખતનું ચિત્રપ્રદર્શન ખુલ્લું મૂકતાં ભાવનગરના મહારાજા વીરભદ્રસિંહજીએ એમને પોતાના ગુરુ તરીકે બિરદાવીને એ ચિત્રમાળા પૂરી કરવા માટે ભાવનગર આવી રહેવા સર્વ ખર્ચ આપીને નિમંત્ર્યા હતા.)

વયના કારણે હાઇસ્કૂલમાંથી સેવાનિવૃત્ત થતાં ભાવનગરનું ઘર વેચી નાખી સોમાલાલ હવે અમદાવાદનિવાસી થયા છે. એમના બંને પુત્રો એન્જિનીઅરિંગનું શિક્ષણ પામી સારા હોદ્દે છે અને પુત્રીઓ પણ સુખી છે. આમ, જીવનની પૂર્ણ સ્વસ્થતા સ્થાપી આજે પણ તેઓ કશા વાદવિતંડામાં ઊતર્યા વિના ચિત્રસર્જનમાં જ રત રહે છે. એમનું સમગ્ર જીવન શાંત સ્થિર જળભર્યા નાનકડા સરોવર સમું છે. એમાં નથી તોફાન કે નથી ઉછાળા. ત્યાં રસમય ઊર્મિઓ લહેરાય છે કન્યા જેવી લજ્જાળુતા એ ઊંચી કાઠીના શ્યામવર્ણા સજ્જન માટે માન અને પ્રેમની લાગણી પેદા કરે છે. એમના વિદ્યાર્થીઓ એમની પાસે લાડ અને મમત્વ અનુભવે છે.

* એ ચિત્રો ઉપર રિવાજ પ્રમાણેનું ૧૦ ટકા કમિશન તેમણે શ્રી રાવળને આપવા માંડેલું; પણ શ્રી રાવળે ચિત્રકારબંધુના કામમાંથી આવો લાભ લેવાની સ્પષ્ટ ના કહેતાં પ્રમોદબાબુએ તે રકમ કૃષ્ણલાલ તથા સોમાલાલ વચ્ચે વહેંચી દીધેલી. ગુણગ્રાહી પ્રમોદબાબુ આ બધા સદ્‌ભાવથી એટલા આર્દ્ર થયા હતા કે તેમણે પોતાની કૃતિઓ પ્રકટ કરવાની સહર્ષ સોંપણી 'કુમાર'ને કરી હતી અને તદનુસાર એમનાં ઘણાં પૂર્ણરંગી ચિત્રો 'કુમાર'માં પ્રકટ થયાં છે.

ઉત્તર ધ્રુવ-પ્રદેશમાં નવું સાહસ

ઉત્તર અમેરિકામાં આલાસ્કાના પૉઇન્ટ બૅરોથી આરંભી, ઉત્તર ધ્રુવ પ્રદેશનો કાતિલ બરફીલો વિસ્તાર વીંધી, ધ્રુવ ઉપરથી પસાર થઈને યુરોપની ઉત્તરે સ્પિટ્ઝબર્ગન સુધીનો ૩૮૦૦ માઈલ લાંબો પ્રવાસ પગપાળા કરવાનું એક વર્ષ લાંબું એક સાહસ ચાર બ્રિટિશ સાહસિકો—વૉલી હર્બર્ટ (ટુકડીના નેતા), ઍલન ગિલ, કેન હેજિસ અને ફ્રિટ્ઝ કોઅર્નેરે આરંભ્યું છે.



આ સફરમાં સ્લેજ ગાડીઓ ખેંચવા માટે તેઓએ ઉ. ગ્રીનલૅન્ડના શિકારી એસ્કિમો પાસેથી ૪૦ બરફ-કૂતરા (હસ્કી) ભેગા કર્યા છે. આ સાહસની પૂર્વતૈયારી રૂપે ગયા શિયાળે એમણે ગ્રીનલૅન્ડની ઉત્તરે ૧૨૦૦ માઈલના પગપાળા પ્રવાસની જે તાલીમ-સફર ખેડેલી તે પણ આકરી કસોટી રૂપ હતી; છતાં તેમાં એસ્કિમોએ દર્શાવેલાં કેટલાંક જીવલેણ સ્થાનો પણ તેઓએ સફળતાથી પાર કરેલી. આલાસ્કાથી આરંભાતા આ સાહસમાં છેક ગ્રીનલૅન્ડથી કૂતરા લઈ જવાનું કારણ એ છે કે એ એક જ પ્રદેશ એવો છે. જ્યાં આવા કેળવાએલા કૂતરા પ્રાપ્ય છે.

આ સાહસ માટે ૨૦૦ અને ૧૨૦ પાઉન્ડ વજનની બે ખાસ પ્રકારની સ્લેજ વપરાશે, જેમાં, જરૂર પડ્યે તેને હોડીના રૂપમાં ફેરવી શકાય તેવી સગવડ કરવામાં આવી છે. કૅનેડિયન ઉત્તર ધ્રુવ વિસ્તારમાં રેઝોલ્યુટ બે (અખાત) ખાતે આ સાહસ દરમિયાન જરૂરી ખાદ્યસામગ્રી વગેરેનો પુરવઠો રાખવાનું મુખ્ય મથક રહેશે. સાહસિકો ઉ. ધ્રુવ પરની છાવણી સુધી પહોંચે તે દરમિયાન જુદેજુદે સ્થળે ચાર વખત વિમાનમાંથી ફેંકીને એમને ત્યાંથી પુરવઠો પહોંચાડાશે. બહારની દુનિયા સાથેનો સંપર્ક જાળવવા તથા સાહસિકોની પ્રગતિના ખબર મેળવવા એમના પ્રવાસના પ્રથમ ૩૫૦ માઈલ દરમિયાન પૉઈન્ટ

બૅરો મુકામે રાખેલા મથક સાથે રેડિયોસંપર્ક રહેશે. આ પછી સફરીઓના રેડિયોસંદેશ નબળા પડતા જવાનો સંભવ હોઈ ધ્રુવસાગરમાં તરતા અમેરિકાના 'ટી-૩' નામના મથક સાથે એમનો રેડિયોસંપર્ક રહેશે. કદાચ આ સંપર્ક પણ તૂટી જાય તો યે ધ્રુવપ્રદેશના જુદાજુદા ત્રણ-ચાર રેડિયોમથકો સાથે તો એમનો સંપર્ક ચાલતો જ હશે, જેઓ તેમના વતી દૂરનાં મથકોના રેડિયોસંદેશો ઝીલીને એમને પહોંચાડશે.

બહુ લાંબા સમયથી વિચારપૂર્વક યોજાએલું આ સાહસ બરાબર પાર પડે તો આ સાહસિકો આવતા વર્ષના ફેબ્રુઆરીમાં એ પૂરું કરશે.

ખાખરો

ભારતીય ઔષધિશાસ્ત્રમાં ઋતુઋતુની ઔષધીય વનસ્પતિનો ભંડાર ભર્યો છે. માણસના શરીરમાં સૂર્યની ગતિ સાથે દોષનો જે અતિયોગ થાય છે, તેનું સમતોલપણું ટકાવી રાખવા માટે કુદરતે તેને ઋતુના દોષશામક રસોવાળી ઔષધિઓ ધરી છે.

વસંત અને ગ્રીષ્મની આવી એક ઔષધિ એ ખાખરો કે કેસૂડાં. મોટાં જાડાં પહોળાં લીલાં પાન અને કેસરી રંગના પોપટની ચાંચ જેવા તેના ફૂલના ગુચ્છાથી આ ઋતુમાં જંગલો ભભકી ઊઠે છે. ખાખરાને આર્ય સંસ્કૃતિમાં પવિત્ર માનવામાં આવ્યો છે, અને તેથી માત્ર હોમ-હવનોમાં સમિધ તરીકે જ એનો ઉપયોગ થાય છે. હોમ હવનોમાં જે વસ્તુઓ વપરાય છે તે પ્રજાના આરોગ્ય માટે બહુમૂલ્ય હોય છે.

પંડિત ભાવમિશ્ર કહે છે કે ખાખરો તૂરો, કટુ, પૌષ્ટિક, ચીકણો અને મળમાર્ગનાં દરદોને દૂર કરનારો છે. ભાગેલાં હાડકાં એના સેવનથી સંધાય છે, અને સંગ્રહણી હરસ તથા આંતરડાંમા પેદા થતાં નાનાં-મોટાં કૃમિજન્ય દરદો દૂર થઈ શકે છે.

ખાખરાનાં ફૂલ 'કેસૂડાં' તૂરાં, ગ્રાહી ને ઠંડક આપનારાં છે. મહર્ષિ ચરકે ઝાડા ને અતિસારમાં તેનો ઉકાળો પીવા કહ્યું છે. હરસ કે ગુદભ્રંશનાં દરદોમાં ખાખરાનાં પાનનું શાક દહીં સાથે લેવાનો નિર્દેશ મળે છે.

આચાર્ય સુશ્રુતે, કેસૂડાં ઠંડાં અને પિત્તશામક હોવાથી, ગરમીના કારણે આંખો આવી હોય, લોહી ચડયું હોય કે ફૂલુ પડયું હોય તેવાં નાનાંમોટાં આંખનાં દરદોમાં વાપરવાની ભલામણ કરી છે. કેસૂડાંનો રસ અને મધ મેળવીને આંજવાથી આંખની પીડા દૂર થાય છે.

આયુર્વેદના પંડિતોએ ખાખરાને ઠંડો અને મૂત્રલ કહ્યો છે, અને પેશાબનાં નાનાંમોટાં દરદો ઉપર પણ એ વાપરવામાં આવે છે. પથરીના દરદમાં પેશાબમાં વેદના થતી હોય અને પીડા સાથે થોડો થોડો પેશાબ ઊતરી એમાં પથરીની રેતી પસાર થતી હોય તો ખાખરાનો ક્ષાર દૂધમાં આપવાથી પથરી ગળીને બહાર આવી જાય છે.

પેશાબ આવતો અટકી ગયો હોય તો કેસૂડાં બાફી એનું પેટ પર બંધારણ કરવાથી ને એનો ઉકાળો કે રસ પાવાથી પેશાબ છૂટો થાય છે.

પેશાબ કરતાં બળતરા થતી હોય અને પ્રમેહના દરદ જેવી સ્થિતિ લાગતી હોય તેવા દરદમાં કેસૂડાંનું હિમ (રાત્રે પલાળી સવારે ચોળી ગાળી લીધેલું પાણી) થોડી સાકર અને સૂરોખાર મેળવીને પીવડાવવાથી દાહ, બળતરા અને પેશાબની અટકાયત દૂર થઈ રોગમુક્ત થવાય છે.

ખાખરાનાં બીજ (પિત્તપાપડો) અંગ્રેજી વિજ્ઞાનમાં કૃમિઘ્ન તરીકે વપરાતા સેન્ટોનીનની બરોબરી કરી શકે એટલાં કાર્યસિદ્ધ છે.

આયુર્વેદના પંડિતોએ ખાખરાનો વીર્યવર્ધક અને વાજીકરણના પ્રયોગો ઉપર નિર્દેશ કર્યો છે. એ રસાયનની તાકાત આપી જીવનશક્તિ વધારે છે એ દૃષ્ટિએ એના કેટલાક કાયાકલ્પના પ્રયોગોનો પણ આયુર્વેદશાસ્ત્રમાં નિર્દેશ છે. ખાખરાના પંચાંગને છાંયે સૂકવી બનાવેલું ચૂર્ણ હંમેશાં અર્ધા તોલો મધ સાથે લેવાથી વૃદ્ધાવસ્થાની નબળાઈ દૂર થાયછે.

(જન્મભૂમિ–પ્રવાસી) —'ચિકિત્સક'

આ માસ (માર્ચ) ઇતિહાસમાં

પ્રસંગવિશેષ: મુંબાઇ ઈસ્ટ ઇંડિયા કંપનીને હાથ, ૨૭ માર્ચ ૧૬૬૮

બે હજાર વર્ષ પૂર્વે સપ્તદ્વિપ નામે જાણીતા મુંબાઈનાટાપુઓ પરદક્ષિણનારાષ્ટ્રકૂટ રાજાઓની ને નવમી સદીમાં કોંકણના સરદારોની આણ હતી. એ કાળે છૂટાછવાયા એ બેટો પર માછીમારોની આછીપાતળી વસ્તી જ હતી. ૧૩મી સદીના અંતમાં મુંબાઈ ને માહિમ પર ગુર્જર નરેશ ભીમદેવનું રાજ હતું. વાલકેશ્વર, મુંબાદેવી ને કાલબાદેવીનાં મંદિરો એ સમયનાં છે. ૧૪મી સદીમાં મુસલમાનોએ ચડાઈ કરી. માહિમનો કિલ્લો અને પીર મહમુદ ફકીર અલીનો રોજો એ કાળનાં છે. ૧૪૯૮માં પોર્ટુગીઝો હિંદમાં આવ્યા ત્યારથી એમનો ડોળો પણ આ ટાપુઓ પર હતો જ અને ૧૫૩૪ના ડિસેમ્બરમાં ન્યુનો ડી કનહાએ વસાઈ જીત્યું. આમ એની આજુબાજુનો પ્રદેશ -મુંબાઈ ટાપુ સહિત પોર્ટુગલના રાજા ડૉન જોઍઆ ત્રીજાને મળ્યો. આજના ઍપોલોથી મહાલક્ષ્મી અને ગિરગામથી ઉમરખાડી સુધી ત્યારે મુંબાઇનો વિસ્તાર હતો. ઈ. ૧૫૩૪થી ૧૫૪૮મેસ્ટ્રે ડી આગો નામના સોદાગરે ગણોત આપી આ ટાપુનો પટ્ટો મેળવ્યો. એના પછી ડૉ. ગ્રેશિયા ડી ઑરટાએ વાર્ષિક ૫૩૭ રૂપિયાની ગણોતથી આ ટાપુ રાખેલો. ૧૭મી સદીમાં અંગ્રેજોએ સૂરતમાં કોઠી નાખી ત્યારથી એમને પણ આ ટાપુઓ હાથ કરવાની દાનત હતી જ. વલંદાઓ સાથે મળી એમણે ૧૬૨૬માં મુંબાઈ પર ચડાઈ કરી, લૂંટ કરી આગ લગાડી હતી. એ પછી ઈંગ્લંડના રાજાએ પોર્ટુગલની કુંવરી સાથે લગ્ન કરતાં કન્યાદાનમાં એને આ ટાપુઓ મળ્યા. ત્યારે પોર્ટુગલ વાઇસરૉય એન્ટોનિયો ડી મેલો ડી કેસ્ટ્રોએ પોતાના રાજાને લખેલું કે, '...ભવિષ્યમાં મુંબાઈ લિસ્બન કરતાં યે વેપારઉદ્યોગમાં આગળ વધશે ને અહીં અંગ્રેજોનો પગ થતાં થોડા સમયમાં પોર્ટુગીઝોને હિન્દમાં ટકવું પણ ભારે પડશે.'

અંગ્રેજ રાજાના પ્રતિનિધિઓ એ પછી મુંબાઇનો વહીવટ કરતા, પણ કંપનીના માણસો સાથે વારંવાર એમને ટંટા થતા. આખરે વાર્ષિક દસ પાઉન્ડની ગણોતથી ઈ. ૧૬૬૮ના માર્ચની ૨૭મીએ લટર્સ પેટંટની રૂએ ઈસ્ટ ઇંડિયા કંપનીને મુંબાઇનો પટ્ટો આપવામાં આવ્યો. જેનો ૧૯૦ વર્ષ સુધી ભોગવટો કર્યો. ૧૮૫૮ના નવેમ્બરમાં રાણી વિક્ટોરિયાએ હિંદમાં પોતાનું સાર્વભૌમત્વ જાહેર કર્યું અને મુંબાઈ પર અંગ્રેજ સરકારનો અમલ શરૂ થયો.

કંથા રણ મેં પેઠ કે કાંહી જુએ સાથ;
સાથી તોરા તીન હૈ હિયા, કટારી, હાથ.

સંત ગંભીરનાથના આશ્રમમાં એક વાર બે ચોર ચોરી કરવા આવ્યા. લોકોની જ ચીજોથી લોકો માટે ચાલતા આશ્રમમાં કોઈ ચીજ છુપાવેલી ન હોવાથી ચોરોએ અનાજ, કાપડ, વાસણ વગેરે એકઠું કરી પોટલાં બાંધ્યાં અને ભાગવાની તૈયારી કરી. અતિ વજનદાર પોટલાં માથે ચડાવવાની વિમાસણમાં પડેલા એ બંનેને, સંત ગંભીરનાથે આવી એમના માથે પોટલાં ચડાવવામાં સહાય કરતાં કહ્યું: 'ભાઇઓ, તમારી જરૂરિયાત વધારે લાગે છે, પણ અત્યારે તો આટલાથી ચલાવો. પંદરેક દિવસ પછી આવજો. બીજું ભેગું કરી રાખીશ.'

ચોરો પોટલાં ફેંકી દઈ સંતના પગમાં પડ્યા.




ઘણાં જીવોનાં બચ્ચા પોતાના માતાપતાની ટેવો કુદરતી રીતે અપનાવી લેતાં નથી. સીલનું બચ્ચું પાણીમાં પડતાં ગભરાય છે. ધક્કો મારી પરાણે પાણીમાં નાખીને એનાં માતાપિતા એને તરતાં અને ઊંડાં પાણીમાં જવા માટે લાંબા શ્વાસ ભરી લેતાં શીખવે છે.

કહેવતોના અર્થ: 'જાને જગજીવનદાસ, ને કામે કીકાભાઈ.'-લાભ પોતાનાને માટે અને વૈતરું પારકાને માટે રાખવાની, વ્યવહારમાં આચરાતી વેરા-આંતરાની નીતિને વધુ ચોટદાર શબ્દોમાં વ્યક્ત કરતી એવી જ બીજી કહેવત: 'જમવામાં જગલો ને કૂટવામાં ભગલો.'

ઈંગ્લંડનું 'God Save the King' એ રાષ્ટ્રગીત પહેલવહેલું ઈ. ૧૭૪૫ના ઑક્ટોબરમાં 'જૅન્ટલમૅન્સ મૅગેઝીન'માં છપાએલું

અનેકાર્થી એકાક્ષરી: 'ઓ–ઍા'=પેલું, તે; હાં; કેમ?; અરે!; પ્રભાવ, શોક કે રૂઆબ.



આ ષટ્કોણમાંનું એકેએક વર્તુળ સંપૂર્ણ ગોળ છે. પણ ષટ્કોણોની રેખાઓથી છેદાવાને લીધે ઊપજેલા દૃષ્ટિભ્રમથી બધાં બેડોળ લાગે છે.



ગ્રીસની તળભૂમિમાં માઈસીની નામે એક પ્રાચીન નગર હતું. ઈ. સ. પૂર્વે ૧૫૦૦ વર્ષ પહેલાં ક્રીટથી આવેલા કોઈ શક્તિશાળી વંશે ત્યાં સ્થાયી થઈ પોતાની મીનોઅન સંસ્કૃતિનો પ્રસાર કર્યો. આરંભની ગ્રીક સંસ્કૃતિના અનુસંધાનમાં વિકસેલી ત્યાંની માઈસીનિક સંસ્કૃતિમાં કલાકૌશલનો ઘણો સારો વિકાસ થએલો એમ મ્યૂનિખ (જર્મની)ના સંગ્રહસ્થાનમાં સંઘરાએલા મેષ-આકૃતિના આ (ઈ. સ. પૂર્વે ૧૪મી સદીના) પાત્ર જેવા અનેક ઉત્ખનિત અવશેષો ઉપરથી જણાય છે.



આ હસમુખા ચિત્રને ઉલટાવીને જોશો તો ભવાં ચડાવેલું દીવેલિયું ડાચું દેખાશે.



હારણી ચરગ (હરણને પણ મારનારો બાજ) ચિત્રકાર : સોમાલાલ શાહ (ધર્મકુમારસિંહજી-ભાવનગરના સૌજન્યથી)

આ અને આવાં અન્ય પક્ષીચિત્રોએ તો સોમાલલાની ચિત્રકળાને એક આગવું જ વૈશિષ્ટ્ય અને ગૌરવ અપાવ્યું છે.